પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 05-11-2026 • Thursday • Samvat : 2082 • Aaso Vad-11 • Vol : 97 • No. : 303 • Page : 08 • Price : 2.00 • Prabhat-Ahmedabad * RNI No. 1815/57

કેન્દ્રની રૂ.૧૪,૫૦૦ કરોડની ઊર્જા સંગ્રહ અને રૂ.૨,૮૧૪ કરોડની ખનિજ યોજનાને મંજૂરી

નવી દિલ્હી, તા. ૪

કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે ભારતની ઊર્જા સંગ્રહ ક્ષમતા અને સ્થાનિક મહત્વપૂર્ણ ખનિજ પ્રક્રિયા ક્ષમતાઓને મજબૂત બનાવવાના હેતુથી બે યોજનાઓને મંજૂરી આપી.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેબિનેટે દેશભરમાં ૯૨ GWh ગ્રીડ-સ્કેલ ઊર્જા સંગ્રહ ક્ષમતાના વિકાસને ટેકો આપવા માટે રૂ.૧૪,૫૦૦ કરોડની વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) યોજનાને મંજૂરી આપી છે.

આ યોજના નાણાકીય વર્ષ ૨૭ થી નાણાકીય વર્ષ ૩૧ સુધી પાંચ વર્ષમાં અમલમાં મૂકવામાં આવશે, અને તેનો હેતુ ઉભરતી ઊર્જા સંગ્રહ તકનીકો દ્વારા ૬૦ GWh પમ્પ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ, ૩૦ ૠ૨ બેટરી ઊર્જા સંગ્રહ સિસ્ટમ્સ (BESS) અને ૨ GWh ક્ષમતાને ટેકો આપવાનો છે.

આ પ્રોજેક્ટ્સ અંદાજિત રૂ.૯૭,૬૦૦ કરોડનું રોકાણ આકર્ષિત કરે તેવી અપેક્ષા છે. VGF સપોર્ટનો હેતુ તેમની નાણાકીય સદ્ધરતા સુધારવા અને મોટા પાયે સંગ્રહ માળખાના વિકાસને વેગ આપવાનો છે.

સરકારે જણાવ્યું હતું કે આ યોજના નવીનીકરણીય ઉર્જાને ગ્રીડમાં એકીકૃત કરવામાં, ગ્રીડ સ્થિરતામાં સુધારો કરવામાં અને વિશ્વસનીય, સસ્તું ચોવીસ કલાક વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં મદદ કરશે. પ્રસ્તાવિત ૯૨ GWh ક્ષમતા ભારતના હાલના ગ્રીડ-સ્કેલ સ્ટોરેજ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં પણ



વધારો કરશે અને નાણાકીય વર્ષ ૨૦૩૨ સુધીમાં દેશની ૪૧૧ GWh ની જરૂરિયાતને પૂર્ણ કરવામાં મદદ કરશે.

આ યોજનાની એક મુખ્ય વિશેષતા બેટરી ઉર્જા સંગ્રહ પ્રોજેક્ટ્સ માટે ઓછામાં ઓછી ૪૦% ની ફરજિયાત સ્થાનિક સામગ્રીની આવશ્યકતા છે. આ જોગવાઈનો હેતુ સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, ભારતીય ઉદ્યોગ માટે તકો ઊભી કરવા અને આયાતી ઘટકો પર નિર્ભરતા ઘટાડવાનો છે.

એક અલગ નિર્ણયમાં, કેબિનેટે ભારતમાં મહત્વપૂર્ણ ખનિજ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા માટે મૂડી ખર્ચ સહાય યોજનાને મંજૂરી આપી. આ યોજનાનો નાણાકીય ખર્ચ ?૨,૮૧૪ કરોડ છે અને તે નાણાકીય વર્ષ ૨૭ થી નાણાકીય વર્ષ ૨૦૩૧ સુધી પાંચ વર્ષમાં લાગુ કરવામાં આવશે.

વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પહેલનો હેતુ ભારતના મહત્વપૂર્ણ ખનિજ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા અને ક્ષેત્રમાં સ્થાનિક ક્ષમતાઓનું નિર્માણ કરવાનો છે.

લિથિયમ, નિકલ અને કોબાલ્ટ જેવા મહત્વપૂર્ણ ખનિજો લિથિયમ-આયન બેટરી માટે મહત્વપૂર્ણ ઇનપુટ છે, જે સ્માર્ટફોનથી લઈને ઇલેક્ટ્રિક વાહનો સુધીના ઉત્પાદનોને પાવર આપે છે. સ્વચ્છ ઉર્જા, ઇલેક્ટ્રોનિક્સ અને અદ્યતન ઉત્પાદન સહિત અનેક વ્યૂહાત્મક અને ઉભરતા ઉદ્યોગો માટે પણ તે આવશ્યક છે.

મહત્વપૂર્ણ ખનિજ પ્રક્રિયામાં સ્થાનિક ક્ષમતાઓનું નિર્માણ કરવાથી ભારતને આયાત પર નિર્ભરતા ઘટાડવામાં, પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવામાં અને તેની ઉત્પાદન મહત્વાકાંક્ષાઓને ટેકો આપવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે.

ભારત તેના ઉત્પાદન ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા અને તેના ઊર્જા સંક્રમણને વેગ આપવાના પ્રયાસોને ઝડપી બનાવવા માટે આ બે મંજૂરીઓ આપવામાં આવી છે. દેશની લગભગ ૫૨% ઊર્જા જરૂરિયાતો હવે બિન-અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોમાંથી પ્રાપ્ત થઈ રહી છે.

રિપબ્લિકન્સની હાર બાદ ઈરાનની પ્રતિક્રિયા

અમેરિકાની પ્રજાએ ટ્રમ્પના યુદ્ધના નિર્ણયોને નકારી દીધા છે

તેહરાન, તા.૪

અમેરિકાની મીડટર્મ ચૂંટણીના પરિણામોમાં ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે અને વિરોધી ડેમોક્રેટ્સ પક્ષે કોંગ્રેસ (સંસદ) પર નિયંત્રણ મેળવવા તરફ મજબૂત કદમ ઉઠાવ્યા છે. આ રાજકીય ફેરબદલ પર ઈરાનની પ્રતિક્રિયા સામે આવી છે. ઈરાની સંસદના સ્પીકર મહોમ્મદ બાકેર ગાલીબાફે જણાવ્યું હતું કે, અમેરિકાના લોકોએ મોંઘવારી અને યુદ્ધના મુદ્દા પર પોતાનો સ્પષ્ટ વિરોધ દર્શાવી દીધો છે અને યુદ્ધ સામે ના કહી દીધી છે, અમેરિકાના લોકોના આ શાંતિપૂર્ણ સંદેશનું ઈરાન સમર્થન કરે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરતાં ગાલીબાફે ચેતવણી આપતાં લખ્યું કે, મનનો અવાજ હોય કે મોંઘવારી, પણ અમેરિકાની જનતાએ યુદ્ધનો વિરોધ કર્યો છે અને અમે તેમના આ નિર્ણયને આવકારીએ છીએ. જો અમેરિકન સરકાર પોતાની જનતાના અવાજને નજરઅંદાજ કરીને અન્ય દેશો કે દબાણ કરનારાઓના ઈશારે કામ કરશે અને જો અમેરિકા ઈરાન સામે કોઈ પગલું ભરશે, તો ઈરાન તેનો એવો સખત અને ભયાનક જવાબ આપશે.

મીડિયા રિપોર્ટ્સ અને અંદાજો મુજબ, ડેમોક્રેટ્સ પક્ષે સેનેટમાં જરૂરી બેઠકો જીતીને બહુમતી મેળવી લીધી છે અને તેઓ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પણ વિજય તરફ આગળ વધી રહ્યા છે. પોતાની પાર્ટીની આ હાર વચ્ચે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ રિપબ્લિકન પાર્ટીના ખરાબ પ્રદર્શન પાછળ ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને જવાબદાર ગણાવ્યું હતું. અમેરિકામાં ૩ નવેમ્બરે હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ ૪૩૫ બેઠકો અને સેનેટની ૩૫ બેઠકો માટે મતદાન યોજાયું હતું. હાલમાં બંને ગૃહો પર રિપબ્લિકન પાર્ટીનું પ્રભુત્વ હતું, પરંતુ ડેમોક્રેટ્સે સેનેટ અને હાઉસ બંનેમાં વિજય મેળવીને કોંગ્રેસમાં બહુમતી મેળવવાની દિશામાં મોટો ફેરબદલ કરી દીધો છે.

મિડ ટર્મ ચૂંટણીમાં ટ્રમ્પની હાર : ડેમોક્રેટ્સને બહુમતી

વોશિંગ્ટન, તા.૪

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બે વર્ષના કાર્યકાળ બાદ યોજાયેલી મિડટર્મ ચૂંટણીઓ ના પ્રારંભિક પરિણામો અને ટ્રેન્ડ્સે વોશિંગ્ટનના રાજકારણમાં ભૂકંપ સર્જ્યો છે. તમામ પૂર્વ-ચૂંટણી સર્વેના અંદાજો સાચા ઠેરવતા ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા વિસ્તારોમાં ભારે ગાબડું પાડ્યું છે.સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંનેમાં ડેમોક્રેટ્સે મોટો ઉછાળો માર્યો છે. આ ચૂંટણીમાં ભારતીય સમુદાય માટે પણ મોટો સમાચાર સામે આવ્યા છે, જેમાં ફ્લોરિડાથી ભારતીય મૂળના ડેમોક્રેટ ઉમેદવાર પિયા ડાંડિયા અને વર્જિનિયાથી સુહાસ સુબ્રમણ્યમ વિજેતા બન્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરના મધ્યસત્રના ચૂંટણીના પરિણામમાં હાર સ્વીકારવા તૈયારી બતાવી દીધી છે. આ સાથે તેમણે સવાલો ઊઠાવતા કહ્યું કે બેલેટ પેપર પર મારું નામ હોત તો કદાચ અમે ભારે બહુમતથી ચૂંટણી જીતી ગયા હોત. જોકે હું હાર સ્વીકારીને ડેમોક્રેટ્સ સાથે મળીને કામ કરવા તૈયાર છું. ઉલ્લેખનીય છે કે આ હારથી ટ્રમ્પને હવે મોટો ઝટકો લાગશે અને તે યુદ્ધમાં બેફામ નિર્ણયો લેતા અટકી શકે છે. ટ્રમ્પે કહ્યું કે હું ચૂંટણી મેદાનમાં નહોતો. જો હું ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતર્યો હોત તો રિપબ્લિકન્સ ભારે બહુમતથી જીત્યા હોત. જોકે લોકો ટ્રમ્પની આ પ્રતિક્રિયાની મજાક પણ ઉડાવી રહ્યા છે.ઓહિયો ગવર્નર પદની રેસમાં ભારતીય મૂળના વિવેક રામાસ્વામી હારી ગયા છે. ડેમોક્રેટ એમી એક્ટને રિપબ્લિકન નેતા વિવેકને હરાવી દીધા છે. અમેરિકાના મિડટર્મ ચૂંટણી પરિણામોમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. સીએનએન ના અંદાજ મુજબ, ડેમોક્રેટિક પાર્ટીએ સત્તાધારી રિપબ્લિકન પાર્ટીને માત આપીને સંસદના નિચલા સદન 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' પર નિયંત્રણ મેળવી લીધું છે. આ પરિણામથી અમેરિકાના રાજકારણમાં સત્તાનું સંતુલન બદલાશે અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે પોતાના એજન્ડા અને નીતિઓ આગળ ધપાવવા મોટા પડકારો ઉભા થશે.મતદાર માહિતીઅમેરિકામાં ટ્રમ્પની પાર્ટીને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પક્ષ પાસેથી સાઉથ કેરોલિનાની સીનેટ સીટ છીનવી લીધી છે. છેલ્લા ત્રણ દાયકાથી આ સીટ સ્વર્ગસ્થ સાંસદ લિન્ડસે ગ્રેહામ પાસે હતી, જ્યાં હવે ડેમોક્રેટિક પાર્ટીના એની એન્ડ્રુઝે જીત હાસિલ કરી છે.અમેરિકાની ચૂંટણીમાં ઐતિહાસિક પરિણામો સામે આવ્યા છે. ડેમોક્રેટિક ઉમેદવાર કીશા લાન્સ બોટમ્સ અમેરિકાના ઇતિહાસમાં પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર બનવા જઈ રહ્યા છે. બીજી તરફ, ફ્લોરિડામાં રિપબ્લિકન સાંસદ બાયરન ડોનાલ્ડ્સે ગવર્નરની ચૂંટણી જીતી લીધી છે, જેઓ ફ્લોરિડાના પ્રથમ અશ્વેત ગવર્નર બનશે. આ બંને પરિણામોને અમેરિકી રાજકારણમાં મોટા ઐતિહાસિક બદલાવ તરીકે જોવામાં આવી રહ્યા છે.મતદાર માહિતીઅમેરિકાની મિડટર્મ ચૂંટણીઓમાં કોલોરાડોથી ડેમોક્રેટિક ઉમેદવાર જોન હિકેનલૂપરે સેનેટ ચૂંટણીમાં ફરી એકવાર શાનદાર વિજય મેળવ્યો છે. પૂર્વ ગવર્નર રહી ચૂકેલા હિકેનલૂપરે પોતાના સ્પર્ધક અને રિપબ્લિકન ઉમેદવાર માર્ક બેસ્લીને પરાજય આપીને આ બેઠક જાળવી રાખી છે.

ઈરાનના વિદેશ મંત્રાલયની જાહેરાત

ભારત સહિત ૪ દેશોના જહાજોને હોર્મુઝમાંથી પસાર થવાની છૂટ

તેહરાન, તા.૪

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક યુદ્ધ વચ્ચે મિડલ ઈસ્ટથી એક સારા સમાચાર સામે આવ્યા છે. માહિતી અનુસાર ઈરાને ભારત સહિત ૪ દેશોને હોર્મુઝમાંથી જહાજોની અવર-જવર કરવાની છૂટ આપી દીધી છે. આ ૪ દેશોમાં ચીન, ઈરાક અને કતાર પર સામેલ છે.

ઈરાનની સંસદની સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના ઉપાધ્યક્ષ અમીર હયાત મોકાદ્દમે ઈરાની મીડિયાને જણાવ્યું કે આ ચાર દેશોના જહાજોને હોર્મુઝના દરિયાઈ માર્ગેથી જહાજોની અવર-જવરની છૂટ આપી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે હાલમાં ભારત, ચીન, ઈરાક અને કતારને આ છૂટનો ફાયદો મળશે. તેમના જહાજોને કોઈ રોક-ટોક નહીં કરવામાં આવે. અમેરિકા પણ એમના જહાજોને રોકતું નથી.

હયાતે કહ્યું કે અમારી આ છૂટ ઈરાન અને ચારેય દેશો વચ્ચેના પરસ્પર હિત દર્શાવે છે. અમારી તરફથી ભારતીય જહાજોને અવર-જવરમાં મદદ કરવામાં આવી રહી છે જેથી ઈરાન ભારતથી દવાઓની આયાત વધારી શકે. જ્યારે ચીનના જહાજોને આ છૂટ બેઈજિંગનું રાજકીય સમર્થન મેળવવાના ઉદ્દેશ્યથી આપવામાં આવી છે.

જોકે ઈરાન ભારત અને ચીનના જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ચાર્જ વસૂલે છે પરંતુ કતારના જહાજોને કોઈપણ પ્રકારના ચાર્જ વિના જવા દે છે. હતાયે એ સ્પષ્ટ ન કર્યું કે ઈરાકના જહાજોએ આ ટ્રાન્ઝિટ ચાર્જ ચૂકવવો પડે છે કે નહીં? ઉલ્લેખનીય છે કે હોર્મુઝ દુનિયાના સૌથી મહત્ત્વપૂર્ણ શિપિંગ રુટ પૈકી એક છે. એના માધ્યમથી જ ગલ્ફ દેશોથી આંતરરાષ્ટ્રીય બજાર સુધી ભારે માત્રામાં ઓઈલ અને ગેસનો સપ્લાય થાય છે.

સેનાના આધુનિકીકરણ માટે કેન્દ્રની મોટી તૈયારી

દેશમાં રૂ.૭.૮૫ લાખ કરોડનું સંરક્ષણ બજેટ

જેસલમેર, તા.૪

બદલાતા વૈશ્વિક સુરક્ષા પરિદૃશ્ય અને આધુનિક યુદ્ધની પદ્ધતિઓને ધ્યાનમાં રાખીને ભારતે સશસ્ત્ર દળોના આધુનિકીકરણની દિશામાં તૈયારીઓ તેજ કરી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે રાજસ્થાનના જેસલમેરમાં સંરક્ષણ મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની બેઠકની અધ્યક્ષતા કરતાં સેનાની ક્ષમતામાં વધારો કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે દેશનું સંરક્ષણ બજેટ વધારીને રૂ.૭.૮૫ લાખ કરોડ કરવામાં આવ્યું છે. સરકારનો ઉદ્દેશ માત્ર બજેટ વધારવાનો જ નહીં, પરંતુ તેનો અસરકારક ઉપયોગ કરીને સેનાને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરવાનો પણ છે.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે દુનિયામાં ઝડપથી બદલાઈ રહેલી ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિઓની સીધી અસર ભારતની સુરક્ષા પ્રાથમિકતાઓ પર પડે છે. આવા સંજોગોમાં ભારતીય સશસ્ત્ર દળોનું સતત આધુનિકીકરણ અનિવાર્ય છે. તેમણે સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આત્મનિર્ભરતા હાંસલ કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો. આધુનિક હથિયારો, ટેક્નોલોજી અને સંરક્ષણ સાધનોના વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

બેઠક દરમિયાન રક્ષામંત્રીએ ભારતીય સેનાની આધુનિકીકરણ યોજનાની મહત્ત્વપૂર્ણ વિગતો પણ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હવે ભારતીય સેનાની દરેક ઇન્ફન્ટ્રી બટાલિયનને પોતાની ડ્રોન યુનિટથી સજ્જ કરવાની યોજના છે.

આ વ્યવસ્થાથી પાયદળના જવાનોને દુશ્મનની ગતિવિધિઓ પર નજર રાખવા અને જરૂરી માહિતી મેળવવા માટે અન્ય સૈન્ય સંસાધનો પર નિર્ભર રહેવું નહીં પડે. ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગથી સેનાની દેખરેખ અને માહિતી એકત્રિત કરવાની ક્ષમતામાં વધારો થશે.

રક્ષામંત્રીએ ભારતીય સેનામાં નવી રચાઈ રહેલી ભૈરવ યુનિટની ઉપયોગિતા અંગે પણ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે બદલાતી યુદ્ધપ્રણાલીને અનુરૂપ અગ્નિ, ભૈરવ અને શક્તિબાણ જેવી નવી સૈન્ય રચનાઓ વિકસાવવામાં આવી રહી છે. સેનાની યોજના ભૈરવ યુનિટની કુલ ૨૫ બટાલિયન તૈયાર કરવાની છે. આ પ્રકારની વિશેષ રચનાઓથી નાના અને મર્યાદિત સૈન્ય અભિયાનો હાથ ધરવાની ક્ષમતા વધશે અને આવા અભિયાનો માટે અન્ય વિશેષ દળો પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે.

દિલ્હીની બહાર જેસલમેરમાં બેઠક યોજવા પાછળનો હેતુ સમજાવતાં રાજનાથ સિંહે જણાવ્યું હતું કે સરહદી અને અગ્રિમ વિસ્તારોમાં આવી બેઠકો યોજવાથી સંસદીય સમિતિના સભ્યોને જમીની પરિસ્થિતિ સમજવાની તક મળે છે. આ ઉપરાંત, સમિતિના સભ્યોને સુરક્ષા સંબંધિત વાસ્તવિક પડકારોનું મૂલ્યાંકન કરવા અને મહત્ત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવાનો અવકાશ મળે છે. સભ્યોના સૂચનના આધારે જ આ બેઠક માટે જેસલમેરની પસંદગી કરવામાં આવી હતી.

સરકારનું ધ્યાન સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા વધારવા અને સ્વદેશી ટેક્નોલોજીનો વધુ ઉપયોગ કરવા પર છે. બદલાતા સુરક્ષા પડકારો વચ્ચે ત્રણેય સેનાઓનાં માળખાં અને સૈન્ય એકમોમાં સુધારા કરવામાં આવી રહ્યા છે.

CDS જનરલ એન.એસ. રાજા સુબ્રમણિની જાહેરાત

૭૫% અગ્નિવીરોને હવે ૪ નહીં, ૬ વર્ષ સુધી મળશે સેનામાં સેવા કરવાની તક

નવી દિલ્હી, તા.૪

ભારતીય સશસ્ત્ર દળોમાં સેવા આપતા અગ્નિવીરો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ એન.એસ. રાજા સુબ્રમણિએ અગ્નિવીરોના સેવાકાળને લઈને મોટી જાહેરાત કરી છે. મળતી માહિતી મુજબ, અગ્નિપથ યોજના હેઠળ ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનારા ૭૫ ટકા અગ્નિવીરોને વધુ બે વર્ષ સુધી સેવામાં રહેવાની તક આપવામાં આવશે. આ નિર્ણયથી હવે પસંદગીના અગ્નિવીરોનો કુલ સેવાકાળ ચાર વર્ષથી વધીને છ વર્ષ થઈ શકશે.

અત્યાર સુધી અગ્નિપથ યોજના હેઠળ ચાર વર્ષનો સેવાકાળ પૂર્ણ થયા બાદ માત્ર ૨૫ ટકા અગ્નિવીરોને નિયમિત કેડરમાં સામેલ કરવાની જોગવાઈ હતી. જ્યારે બાકીના ૭૫ ટકા અગ્નિવીરોને સેવા પૂર્ણ થયા બાદ સેનામાંથી મુક્ત કરવામાં આવતા હતા.

જોકે, નવા નિર્ણય મુજબ નિયમિત કેડરમાં સામેલ ન થનારા પસંદગીના ૭૫ ટકા અગ્નિવીરોને વધુ બે વર્ષ સેવા કરવાની તક મળશે. આ સેવા લંબાવવાનો નિર્ણય સંબંધિત અગ્નિવીરની સંમતિ અને પસંદગીના આધારે રહેશે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે અગ્નિપથ યોજના હેઠળ ભરતી થયેલા પ્રથમ બેચના અગ્નિવીરોનો ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ થવા જઈ રહ્યો છે. નવેમ્બર ૨૦૨૬ના મધ્યથી પ્રથમ બેચના અગ્નિવીરોને તબક્કાવાર મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ થવાની હતી. પ્રથમ બેચમાં ત્રણેય સૈન્ય પાંખોમાં કુલ ૨૪,૪૦૦ અગ્નિવીરોની ભરતી કરવામાં આવી હતી. જેમાં આશરે ૧૮,૩૦૦ અગ્નિવીરો ચાર વર્ષ પૂર્ણ થયા બાદ સેવામાંથી બહાર થવાના હતા.

તેહરાનમાં ટ્રમ્પ વિરુદ્ધ ધમકીભર્યા હોર્ડિંગ્સ લાગ્યાં

'અમે ટ્રમ્પને મારી નાખીશું', ઈરાને બેનર લગાવી આપી ખુલ્લી ધમકી

નવી દિલ્હી, તા.૪

ઈરાનની રાજધાની તેહરાનમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ ધમકીભર્યા હોર્ડિંગ્સ અને પેઇન્ટિંગ્સ લગાવવામાં આવ્યાં છે. એક હોર્ડિંગ પર સ્પષ્ટ શબ્દોમાં લખવામાં આવ્યું છે કે, 'અમે ટ્રમ્પને મારી નાખીશું.' અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે ત્યારે ઈરાનમાં ટ્રમ્પ વિરુદ્ધ આ પ્રકારનાં પ્રદર્શનો સામે આવ્યાં છે. ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈના મોત બાદ ટ્રમ્પ વિરુદ્ધનો વિરોધ વધુ તીવ્ર બન્યો છે. તેહરાનના વ્યસ્ત એન્ગેલાબ સ્ક્વેર પર લગાવવામાં આવેલા એક હોર્ડિંગમાં ટ્રમ્પને જેલના સળિયા પાછળ માથું ઝુકાવીને ઊભેલા દર્શાવવામાં આવ્યા છે. આ માધ્યમથી ઈરાને અમેરિકાના પ્રમુખ વિરુદ્ધ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે. ઈરાનમાં સરકારના સમર્થનથી યોજાતા પ્રદર્શનોમાં પણ ખામેનેઈના મોતનો બદલો લેવાની માગ ઊઠી રહી છે.તેહરાનમાં લગાવવામાં આવેલા અન્ય એક હોર્ડિંગમાં ટ્રમ્પની સાથે અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ, અમેરિકાના વિદેશદૂત સ્ટીવ વિટકોફ અને ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને દર્શાવવામાં આવ્યા છે. ચારેયના ચહેરા લોહીથી ખરડાયેલા અને કપડાં ફાટેલી હાલતમાં બતાવવામાં આવ્યા છે. પૃષ્ઠભૂમિમાં અમેરિકા અને ઇઝરાયલના ક્ષતિગ્રસ્ત ધ્વજ પણ દર્શાવાયા છે. આ હોર્ડિંગ્સ દ્વારા ખામેનેઈના મોતનો બદલો લેવાનો સંદેશ આપવામાં આવ્યો છે.તેહરાનના ઉત્તરી વિસ્તારમાં આવેલા તજરીશ સ્ક્વેરમાં ખુલ્લું પ્રદર્શન યોજીને ટ્રમ્પ વિરોધી અભિયાનને આગળ વધારવામાં આવ્યું છે. અહીં મૂકવામાં આવેલી કેટલીક પેઇન્ટિંગ્સમાં ટ્રમ્પને અપમાનજનક અને હિંસક સ્થિતિમાં દર્શાવવામાં આવ્યા છે. એક પેઇન્ટિંગમાં ટ્રમ્પ જમીન પર પડેલા છે અને તેમનો ચહેરો લોહીથી ખરડાયેલો છે.

અધિકારીઓને હાજર રહેવાની ચેતવણી

જેલોમાં જાતિગત ભેદભાવ મુદ્દે સુપ્રીમની નારાજગી

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે ભારતીય જેલોની અંદર થતા જાતિ આધારિત ભેદભાવ અને 'બોર્ડ ઓફ વિઝિટર્સ'ની રચના સંબંધિત કેસમાં ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ઉદાસીનતા પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ દુર્ભાગ્યપૂર્ણ અને "ખૂબ જ દુ:ખદ" છે કે ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ જેલોની અંદર થતા ભેદભાવ સંબંધિત કેસમાં કેન્દ્ર દ્વારા માંગવામાં આવેલી માહિતી હજુ સુધી પૂરી પાડી નથી.ઓક્ટોબર ૨૦૨૪માં આપેલા એક ઐતિહાસિક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જાતિ આધારીત ભેદભાવ પર રોક લગાવી દીધી હતી. જેમાં શારીરિક પરીશ્રમની વહેંચણી, બેરેકને અલગ અલગ કરવા અને ડી-નોટિફાઇડ જનજાતિઓ અથવા રીઢા ગુનેગારો વિરુદ્ધ ભેદભાવ સામેલ હતા. કોર્ટે ૧૦ રાજ્યોના જેલ મેન્યુઅલના એ નિયમોને "ગેરબંધારણીય" ગણાવ્યા હતા જે આ પ્રકારના ભેદભાવને પ્રોત્સાહન આપતા હતા.જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ મનમોહનની બેન્ચ 'ભારતમાં જેલની અંદર ભેદભાવ' નામના સુઓમોટો કેસની સુનાવણી કરી રહી છે. બેન્ચે કહ્યું હતું કે કેન્દ્રએ આ મામલામાં થયેલી વધુ પ્રગતિ દર્શાવતો નવો સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે. કોર્ટે કહ્યું હતું કે આ રિપોર્ટમાં મધ્યપ્રદેશ પોલીસ રેગ્યુલેશન્સ, ૧૯૩૭ અને મોડલ પ્રિઝન મેન્યુઅલ, ૨૦૧૬ હેઠળ રચાયેલા જિલ્લાવાર 'બોર્ડ ઓફ વિઝિટર્સ' સાથે જોડાયેલા મુદ્દાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.બેન્ચે કહ્યું હતું કે આ રિપોર્ટ આ વર્ષે ૩૦ જૂલાઈ અને ૧૦ સપ્ટેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા નિર્દેશોના અનુસંધાનમાં દાખલ કરવામાં આવ્યો હતો. ૩૦ જૂલાઈના તેના આદેશમાં સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ચાર અઠવાડિયામાં તે ચોક્કસ જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ જિલ્લાવાર 'બોર્ડ ઓફ વિઝિટર્સ'ની રચના કરવાની ખાતરી કરવા નિર્દેશ આપ્યો હતો.મંગળવારે આ મામલાની સુનાવણી કરતી વખતે બેન્ચે જણાવ્યું હતું કે રિપોર્ટમાં સૂચવવામાં આવ્યું છે કે સંબંધિત મંત્રાલયે તમામ સંબંધિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના એડિશનલ મુખ્ય સચિવો/મુખ્ય સચિવો (ગૃહ)/ગૃહ સચિવો અને પોલીસ મહાનિર્દેશક (ડીજીપી)/પોલીસ વડાઓને પત્રો લખ્યા છે. જોકે ૨૩ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ હજુ સુધી ભારતીય સંઘના ગૃહ વિભાગ દ્વારા માંગવામાં આવેલી માહિતીનો જવાબ આપ્યો નથી.અદાલતે નોંધ્યું કે વરિષ્ઠ વકીલ એસ. મુરલીધર આ બાબતમાં 'એમિકસ ક્યુરી' તરીકે કામ કરી રહ્યા છે, તેમણે અદાલતનું ધ્યાન દોર્યું છે કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ યોગ્ય સોગંદનામા કે અહેવાલો દ્વારા એ જણાવવું જરૂરી છે કે જિલ્લાવાર 'બોર્ડ ઓફ વિઝિટર્સ'ની રચના કરવા અંગે અત્યાર સુધી શું પગલાં લેવામાં આવ્યા છે.



સ્ટાર હેલ્થના ડેટા અનુસાર ગુજરાતમાં FY26 દરમિયાન પ્રસૂતિ અને સ્ત્રીરોગ સંબંધિત ક્લેમ્સમાં ૩૭% વધારો, મહિલાઓની વધતી આરોગ્ય જરૂરિયાતો દર્શાવે છે

સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડના ક્લેમ ડેટા મુજબ ગુજરાતમાં મહિલાઓના આરોગ્યસેવાઓની માંગ સતત વધી રહી છે. FY25ની સરખામણીમાં FY26 દરમિયાન પ્રસૂતિ અને સ્ત્રીરોગ (Obstertics & Gynaecology) સંબંધિત ક્લેમ્સમાં ૩૭% વધારો નોંધાયો છે.

આ વલણ માતૃત્વ અને નવજાત શિશુની સંભાળમાં પણ જોવા મળ્યું છે. FY26 દરમિયાન નિયોનેટોલોજી અને પેરિનેટોલોજી સંબંધિત ક્લેમ્સમાં ૩૬% વધારો થયો છે. આ વધારો દર્શાવે છે કે મહિલાઓના જીવનના વિવિધ તબક્કામાં સમયસર સલાહ, નિદાન અને નિષ્ણાત સારવારની જરૂરિયાત વધી રહી છે. સાથે જ, વધુ મહિલાઓ સારવાર લેવા અને પોતાના આરોગ્ય વીમાનો ઉપયોગ કરવા માટે આગળ આવી રહી છે, જે આરોગ્ય અંગે વધતી જાગૃતિનો પણ સંકેત આપે છે.

ક્લેમ્સના વ્યાપક આંકડાઓ વૃદ્ધ વયના લોકોમાં પણ આરોગ્ય સેવાઓની નોંધપાત્ર જરૂરિયાત દર્શાવે છે. FY26 દરમિયાન ગુજરાતમાં સેટલ થયેલા કુલ ક્લેમ્સમાંથી ૪૬ થી ૬૫ વર્ષની વયના લોકોનો હિસ્સો ૩૮% રહ્યો, જેમાં ૫૬ થી ૬૫ વર્ષની વયના લોકોનો હિસ્સો ૨૧% હતો. આથી સ્પષ્ટ થાય છે કે વધતી ઉંમર સાથે નિયમિત આરોગ્ય તપાસ અને સમયસર સારવારનું મહત્વ વધી જાય છે.

ડૉ. અભિજીત ઘોષ, ચીફ ક્લેમ્સ ઓફિસર, સ્ટાર હેલ્થ ઈન્શ્યોરન્સે જણાવ્યું "મહિલાઓની આરોગ્યસંભાળની જરૂરિયાતો જીવનના વિવિધ તબક્કાઓ સાથે બદલાતી રહે છે, તેથી સમયસર તબીબી સલાહ અને નિયમિત આરોગ્ય નિરીક્ષણ અત્યંત મહત્વપૂર્ણ છે. ગુજરાતમાં Obstertics & Gynaecology સંબંધિત ક્લેમ્સમાં થયેલો વધારો દર્શાવે છે કે મહિલાઓએ પોતાના પ્રજનન અને સ્ત્રીરોગ સંબંધિત આરોગ્ય પ્રત્યે વધુ સજાગ રહેવાની જરૂર છે. લક્ષણો પર વહેલી તકે ધ્યાન આપવાથી અને યોગ્ય તબીબી સારવાર મેળવવાથી અનેક આરોગ્ય સમસ્યાઓનું સમયસર નિરાકરણ શક્ય બને છે."

FY26 દરમિયાન સૌથી વધુ વૃદ્ધિ નોંધાવનાર વિભાગોમાં Obstertics & Gynaecology, Neonatology/Perinatology અને ENT (કાન, નાક અને ગળા સંબંધિત સારવાર)નો સમાવેશ થાય છે. તેમાં Obstertics & Gynaecology ક્લેમ્સમાં ૩૭%, Neonatology/Perinatologyમાં ૩૬% અને ENT ક્લેમ્સમાં ૨૯%નો વધારો નોંધાયો હતો.

શ્રી વિજય અરોરા, બિઝનેસ હેડ, ગુજરાત, સ્ટાર હેલ્થ ઈન્શ્યોરન્સ, જણાવે છે કે "ગુજરાતમાં મહિલાઓના આરોગ્ય ક્ષેત્રમાં વધતો આરોગ્ય સેવા ઉપયોગ એક મહત્વપૂર્ણ વલણ છે. સાથે જ, રાજ્યમાં ૪૬ થી ૬૫ વર્ષની વયના લોકો કુલ ક્લેમ્સમાંથી લગભગ પાંચમાંથી બે ક્લેમ્સ માટે જવાબદાર છે. આ દર્શાવે છે કે પરિવારોએ જીવનના દરેક તબક્કે, માતૃત્વથી લઈને વૃદ્ધાવસ્થા સુધી, યોગ્ય આરોગ્ય કવરેજની જરૂર પડે છે. આરોગ્ય વીમા કંપની તરીકે અમે જાગૃતિ વધારવા અને ગ્રાહકોને જરૂરિયાત સમયે યોગ્ય આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં પ્રતિબદ્ધ છીએ."

ગુજરાતમાં જોવા મળતા આ વલણો દર્શાવે છે કે જીવનના વિવિધ તબક્કાઓમાં આરોગ્ય જરૂરિયાતો બદલાતી રહે છે, પછી ભલે તે માતૃત્વ અને નવજાત શિશુની સંભાળ હોય કે મધ્ય અને વૃદ્ધ વયના લોકોની આરોગ્ય જરૂરિયાતો. આ બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સ્ટાર હેલ્થ રાજ્યમાં પોતાના ગ્રાહકો માટે એક સંકલિત આરોગ્ય સેવા વ્યવસ્થા વિકસાવી રહ્યું છે, જેમાં નેટવર્ક હોસ્પિટલોમાં કેશલેસ સારવાર, હોમ હેલ્થ કેર દ્વારા ઘરે સારવાર અને ટોકટુસ્ટાર સેવા દ્વારા આયોજનબદ્ધ હોસ્પિટલાઈઝેશન માટે માર્ગદર્શન જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

બિગબ્લોક કન્સ્ટ્રક્શન લિમિટેડે H1 FY27માં રૂ. ૧૬૨.૦૧ કરોડની રેવન્યુ ફ્રોમ ઓપરેશન્સ નોંધાવી

બિગબ્લોક કન્સ્ટ્રક્શન લિમિટેડ (BSE – 540061, NSE – BIGBLOC), ભારતની ઓટોક્લેવ્ડ એરેટેડ કોંક્રિટ (AAC) બ્લોક્સ, બ્રિક્સ અને AAC વોલ પેનલ્સની અગ્રણી મેન્યુફેક્ચરર્સ પૈકીની એક છે. કંપની વધુ સેલ્સ વોલ્યુમ, ઓપરેટિંગ પર્ફોર્મન્સમાં સુધારો અને એક્સપાન્ડિંગ માર્કેટ પ્રેઝન્સનાં આધારે મજબૂત બિઝનેસ ગ્રોથ જાળવી રહી છે. ઓક્ટોબર ૨૦૨૬માં કંપનીએ અત્યાર સુધીનું સૌથી વધુ માસિક ટર્નઓવર અને સેલ્સ વોલ્યુમ નોંધાવ્યું, જે કંપનીની ગ્રોથ જર્નીમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે.

પર્ફોર્મન્સ અંગે વાત કરતાં, બિગબ્લોક કન્સ્ટ્રક્શન લિમિટેડના ડિરેક્ટર અને CFO શ્રી મોહિત સાબૂએ જણાવ્યું હતું કે, ‘‘અમારું પ્રથમ છ મહિનાનું પરફોર્મન્સ બિઝનેસનો સ્કેલ વધારવા અને ઓપરેશનલ પર્ફોર્મન્સમાં સુધારો કરવા તરફ થયેલી મજબૂત પ્રગતિ દર્શાવે છે. રેવન્યુમાં ૩૧%નો વધારો થયો અને EBITDA ૨૦૧.૪% વધ્યો, જ્યારે અમારો નેટ લોસ નોંધપાત્ર રીતે ઘટ્યો. ખાસ કરીને પ્રથમ છ મહિના પછી પણ બિઝનેસમાં જોવા મળેલી ગતિ પ્રોત્સાહક છે. ઓક્ટોબર ૨૦૨૬માં અમે અત્યાર સુધીનું સૌથી વધુ માસિક ટર્નઓવર અને સેલ્સ વોલ્યુમ નોંધાવ્યું. આ માઈલસ્ટોન અમારી માર્કેટમાં મજબૂત હાજરી અને કાર્યક્ષમ તથા સસ્ટેનેબલ કન્સ્ટ્રક્શન મટિરિયલ્સની ડિમાન્ડ અંગેનો અમારો વિશ્વાસ વધારે છે. લાઈમ અને કોલસાના વધતા ખર્ચ, જિયોપોલિટિકલ અનિશ્ચિતતાઓ અને સપ્લાય સંબંધિત દબાણો હજુ પણ પડકારો છે, ત્યારે અમે સ્પર્ધાત્મકતા અને માર્જિન વચ્ચે સંતુલન જાળવવા માટે પ્રાઈસિંગ અંગે યોગ્ય અભિગમ અપનાવી રહ્યા છીએ. H2 FY27 અંગે અમે આશાવાદી છીએ, કારણ કે પરંપરાગત રીતે આ સમયગાળો કન્સ્ટ્રક્શન એક્ટિવિટી માટે વધુ મજબૂત રહે છે.’’

ગોદરેજની કંપની હેર લેબ ‘સ્માર્ટ બ્લેક’ સાથે હેર કલર કેટેગરીમાં નવું પરિવર્તન લાવી રહી છે

ગોદરેજની કંપની હેર લેબે આજે ગોદરેજ હેર લેબ સ્માર્ટ બ્લેક શેમ્પૂ હેર કલર લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ પ્રીમિયમ હેર કલર મલ્ટી-યુઝ ટ્યુબમાં ઉપલબ્ધ છે અને તેને હાથમાં મોજાં પહેર્યા વિના પણ લગાવી શકાય છે. સ્માર્ટ બ્લેક શેમ્પૂ હેર કલરથી વાળને રંગવાની પ્રક્રિયા માત્ર થોડા જ સ્ટેપમાં પૂરી કરી શકાય છે. યુઝર્સે પહેલાં હાથ પાણીથી ભીના કરવાના, ત્યાર બાદ સફેદ વાળ પર ખાસ ધ્યાન આપીને સૂકા વાળમાં આ પ્રોડક્ટ લગાવવાની અને તેના સંપર્કમાં આવ્યા પછી ત્રણ મિનિટની અંદર સાબુથી હાથ ધોઈ લેવાના રહે છે. માત્ર ૧૫ મિનિટમાં વાળને કુદરતી દેખાવ આપતો ઘેરો કાળો રંગ મળે છે અને ૧૦૦ ટકા સફેદ વાળ ઢંકાઈ જાય છે. આ પ્રોડક્ટ વાળને રંગવાની પ્રક્રિયાને શેમ્પૂ લગાવવા જેટલી સરળ બનાવે છે. સ્માર્ટ બ્લેક શેમ્પૂ હેર કલરનો ઉપયોગ કરવા માટે હાથમાં મોજાં પહેરવાની, બ્રશ કે રંગ મિક્સ કરવા માટેના વાસણની જરૂર પડતી નથી. આ ક્રાંતિકારી પ્રોડક્ટમાં નવીન ઓટો-ઓક્સિડેટિવ હેર કલર ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં ગોદરેજ હેર લેબ દ્વારા વિકસાવવામાં આવેલું કંપનીનું પોતાનું પેટન્ટેડ ફોર્મ્યુલેશન છે.

પ્રોડક્ટના લોન્ચ પ્રસંગે ગોદરેજની કંપની હેર લેબના બિઝનેસ હેડ સમીર સૂર્યવંશીએ જણાવ્યું હતું કે, ‘‘ગોદરેજ હેર લેબ સ્માર્ટ બ્લેક શેમ્પૂ હેર કલર વાળને રંગવાની પરંપરાગત રીત વિશેની વિચારસરણીને સંપૂર્ણપણે બદલી રહ્યું છે. પેરોક્સાઈડ વગરનું ફોર્મ્યુલેશન તૈયાર કરવા માટે હેર કલરની રાસાયણિક પ્રક્રિયાને નવેસરથી વિકસાવવાની જરૂર પડી હતી. હાથમાં મોજાં પહેરવાની જરૂરિયાત દૂર કરીને અમે લોકોના મનમાં રહેલી એક મોટી અડચણ દૂર કરી છે. સાથે જ, વાળને રંગવા જેવી રોજિંદી પ્રક્રિયાને પ્રીમિયમ અને સરળ સેલ્ફ-કેરની આદતમાં ફેરવી રહી છે. અમારું નવીન પેટન્ટેડ ફોર્મ્યુલેશન સાબિત કરે છે કે આધુનિક બ્યૂટી ક્ષેત્રમાં સાચી લક્ઝરી એટલે સુવિધા અને અદ્યતન વિજ્ઞાનનું સરળતાથી એકસાથે મળવું.’’

પોલીકેબ એરોફેમ બીએલડીસી ફેન : તહેવારની આ સીઝનમાં પોતાના ઘરનું સ્ટાઈલિશ અપગ્રેડ

તમે દિવાળી પર તમારા મિત્રો અને પરિવારજનો માટે કોઈ એવી ભેટ શોધી રહ્યાં છો, જે તહેવાર પછી પણ તેમને કામ આવે? તો પોલીકેબ એરોફેમ બીએલડીસી ફેન શ્રેષ્ઠ વિકલ્પ છે, કારણ કે તેનો ઉપયોગ દરરોજ ઘરોમાં થાય એવી આ ભેટ છે. પોલીકેબ એરોફેમ બીએલડીસી ફેનને એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે આ આધુનિક લૂકની સાથે સંપૂર્ણ આરામ પણ આપે છે. તેમાં ૫-સ્ટાર બીએલડીસી મોટર, સ્ટાઈલિશ યુવી ટ્રિમ્સ અને ઝડપી હવા આપવાની ક્ષમતા છે. સાથેસાથે, તેમાં ૨૫-સ્પીડ કન્ટ્રોલ છે, જેથી તમે તમારી જરૂરિયાત મુજબ હવામાં વધારોઘટાડો કરી શકો છો.

આ ફેનની સાથે એક રિમોટ કન્ટ્રોલ આવે છે, જેથી આને ચલાવવો બહુ સરળ છે. તેમાં ૮-એલઈડી સ્પીડ ઈન્ડિકેટર પણ છે, જે એની ડિઝાઈનને આધુનિક સ્પર્શ આપે છે. તેના રિવર્સ મોડમાં પાંખ વિપરીત દિશામાં ફરે છે, જેથી ગરમ હવા સંપૂર્ણ રૂમમાં પ્રસરી જાય છે. આ સુવિધા દરેક સીઝનમાં આરામ આપે છે, જે એને શિયાળાના દિવસોમાં અને એર-કન્ડિશન્ડ (એસીવાળા) રૂમો માટે આદર્શ બનાવે છે. આ શેમ્પેઈન ગોલ્ડ, મિડનાઈટ બ્લેક, ટાઈટેનિયમ ગ્રે, એસ્પ્રેસો બ્રાઉન, મેટ બ્લેક કોપર, મેપલ વૂડ, મેટ વ્હાઈટ ક્રોમ અને એવરેસ્ટ વ્હાઈટ રોઝ ગોલ્ડ જેવા પ્રીમિયમ ફિનિશ વિકલ્પોમાં ઉપલબ્ધ છે, જે ઘરના અલગ-અલગ પ્રકારના ઈન્ટેરિઅર સાથે શ્રેષ્ઠ રીતે સુસંગત છે. ઉપરાંત, આ ફેન પર ૩ વર્ષની વોરન્ટી મળે છે અને ઈ-રજીસ્ટ્રેશન કરાવવા પર ૧ વર્ષની વધારાની વોરન્ટી પણ આપવામાં આવે છે, જેથી તમે વધારે નિશ્ચિત થઈ શકો છો.

તહેવારોમા સૌથી શ્રેષ્ઠ ભેટ પૈકીની એક એ હોય છે, જે રોજિંદા જીવનનો મહત્વપૂર્ણ ભાગ બને પોલીકેબ વિઝી પ્રાઈમ આવું જ ઉત્પાદન છે — ૧૨૦૦એમએમનો બીએલડીસી સીલિંગ ફેન, જે પોતાના આધુનિક લૂક અને તમારી પસંદગીના હિસાબે સેટ આરામદાયક ખાસિયતો સાથે એકદમ ફિટ બેસે છે.

ફેનેસ્ટાએ વડોદરામાં પ્રથમ અને ગુજરાતમાં ૧૭મો શૉરૂમ શરૂ કરીને રાજ્યમાં પોતાનો દબદબો વધુ મજબૂત બનાવ્યો

ભારતની નંબર ૧ વિન્ડો અને ડોર બ્રાન્ડ ફેનેસ્ટાએ વડોદરામાં પોતાનો પ્રથમ શૉરૂમ શરૂ કરીને ગુજરાતમાં પોતાની હાજરી વિસ્તારી છે. શ્રી રાધા ગ્લેઝ દ્વારા સંચાલિત આ શૉરૂમ દુકાન નં. ૯ અને ૧૦, દર્શનમ કેપિટલ, વાસણા ભાયલી રોડ, ભાયલી, વડોદરા, ગુજરાત - ૩૯૧૪૧૦ ખાતે આવેલો છે. આ શૉરૂમ ખુલવાથી આ વિસ્તારમાં ગ્રાહકો માટે ફેનેસ્ટાની પ્રોડક્ટ્સ અને સેવાઓ મેળવવી વધુ સરળ બનશે. આ સાથે જ, સતત વિકસી રહેલા રહેણાક અને કૉમર્શિયલ માર્કેટમાં વિશ્વ-સ્તરીય ફેનેસ્ટ્રેશન ઉત્પાદનો પૂરાં પાડવાની તેની કટિબદ્ધતા પણ વધુ મજબૂત બનશે.

નવા શરૂ કરવામાં આવેલા આ શૉરૂમમાં ગ્રાહકોને ફેનેસ્ટાની વિવિધ પ્રોડક્ટ્સનો પ્રત્યક્ષ અનુભવ મળશે. આ પ્રોડક્ટ્સમાં યુપીવીસી અને એલ્યુમિનિયમ વિન્ડો અને ડોર, સૉલિડ પેનલ ડોર તથા ફસાડ્સનો સમાવેશ થાય છે. બદલાતી આર્કિટેક્ચરલ પસંદગીઓ અને આધુનિક જીવનશૈલીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલો આ શૉરૂમ ઘરના માલિકો, આર્કિટેક્ટ્સ, ઈન્ટીરિયર ડિઝાઈનર્સ, બિલ્ડર્સ અને કૉન્ટ્રાક્ટર્સ માટે વન-સ્ટોપ ડેસ્ટિનેશન છે. અહીં તેમને હાઈ-પર્ફોર્મન્સ, ટકાઉ અને આકર્ષક ડિઝાઈન ધરાવતા ફેનેસ્ટ્રેશન સોલ્યુશન્સ મળી રહેશે.

શૉરૂમના ઉદ્ઘાટન પ્રસંગે ફેનેસ્ટાના બિઝનેસ હેડ શ્રી સાકેત જૈનએ જણાવ્યું હતું કે, ‘ગુજરાતમાં રહેણાક અને કૉમર્શિયલ ક્ષેત્રે સતત થઈ રહેલા વિકાસને કારણે રાજ્યમાં પ્રીમિયમ ફેનેસ્ટ્રેશન સોલ્યુશન્સ માટેની તકો સતત વધી રહી છે. વડોદરામાં શ્રી રાધા ગ્લેઝ સાથેની ભાગીદારીમાં અમારો પ્રથમ શૉરૂમ ખોલવો એ રાજ્યમાં અમારી હાજરી વિસ્તારવાની અને ફેનેસ્ટાના વિશ્વ-સ્તરીય ફેનેસ્ટ્રેશન સોલ્યુશન્સ ગ્રાહકો સુધી વધુ સરળતાથી પહોંચાડવાની અમારી કટિબદ્ધતાને દર્શાવે છે. આ શૉરૂમમાં ગ્રાહકોને અમારી વિવિધ પ્રોડક્ટ્સનો પ્રત્યક્ષ અનુભવ મેળવવાની અને પોતાના ઘર તથા પ્રોજેક્ટ્સ માટે યોગ્ય પસંદગી કરવાની તક મળશે.’

હવે તમારું સપનું થશે સાકાર: આ દિવાળીએ જાવા, યઝદી અથવા બીએસએની ટેસ્ટ રાઈડ લો અને મોટરસાઈકલ જીતવાની તક મેળવો

આ દિવાળીએ જાવા યઝદી મોટરસાઈકલ્સ તહેવારોમાં ફાઈનાન્સની આકર્ષક ઑફર્સ અને ‘ટેસ્ટ રાઈડ એન્ડ વિન યોર ડ્રીમ બાઈક’ કેમ્પેઈન દ્વારા મોટરસાઈકલ ખરીદવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવી દીધી છે. ગ્રાહકો હવે તહેવારો નિમિત્તે ફાઈનાન્સની આકર્ષક ઑફર્સનો લાભ મેળવવાની સાથે-સાથે ‘ટેસ્ટ રાઈડ એન્ડ વિન યોર ડ્રીમ બાઈક’ કેમ્પેઈનમાં ભાગ લઈને જે મોટરસાઈકલની પોતાની બનાવવાનું સપનું જોયું હતું, તેને સાકાર કરવાની તક પણ મેળવી શકશે. ગ્રાહકો ફાઈનાન્સના વિવિધ વિકલ્પોમાંથી પસંદગી કરી શકશે, જેમાં દર એક લાખે ફક્ત ?૧,૮૮૮થી શરૂ થતાં ઈએમઆઈ, ૪.૭૫%થી શરૂ થતો વ્યાજદર અને ?૪,૯૯૯થી શરૂ થતાં ડાઉન પેમેન્ટનો સમાવેશ થાય છે.

ક્લાસિક લેજેન્ડ્સના સહ-સ્થાપક શ્રી અનુપમ થરેજાએ જણાવ્યું હતું કે, ‘ઘણાં લોકો માટે મોટરસાઈકલ ખરીદવાનું સપનું મનમાં ત્યારે આકાર લે છે, જ્યારે તેઓ રસ્તા પર કોઈ મોટરસાઈકલને જુએ છે, ઑનલાઈન તેના વિશે જાણકારી મેળવે છે અથવા કોઈ મિત્રની મોટરસાઈકલ ચલાવે છે. આ દિવાળીએ અમે તેમના આ સપનાને સાકાર કરવાનું વધુ સરળ બનાવવા માગીએ છીએ. અમારી તહેવારોની સીઝનની આ પહેલનો હેતુ મોટરસાઈકલ ખરીદવાના આ સપનાને સાકાર કરવાનું વધુ સરળ બનાવવાનો અને જે રાઈડર્સ લાંબા સમયથી આ મોટરસાઈકલને પોતાની બનાવવા માગે છે, તેમની ઈચ્છા પૂરી કરવાની તક ઊભી કરવાનો છે. આ દરેક બ્રાન્ડની પોતાની આગવી ઓળખ છે અને રાઈડર્સ સાથે તેનો મજબૂત ભાવનાત્મક સંબંધ છે. અમે આ મોટરસાઈકલ્સની આગવી ઓળખ અને તેને આકર્ષક બનાવતી તમામ વિશેષતાઓ જાળવી રાખવાની સાથે, તેને ખરીદવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવી રહ્યા છીએ.’

સોનાલિકાએ એપ્રિલ—ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ૧,૨૧,૧૪૮ ટ્રેક્ટરના કુલ વેચાણનો નવો રેકોર્ડ નોંધાવ્યો

ભારતની નંબર-૧ ટ્રેક્ટર નિકાસ બ્રાન્ડ સોનાલિકા ટ્રેક્ટર્સે એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન કુલ ૧,૨૧,૧૪૮ ટ્રેક્ટરના અત્યાર સુધીના સર્વોચ્ચ (વાયટીએમ) વેચાણની નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ ઐતિહાસિક પ્રદર્શન પાછળ કંપનીના સ્થાનિક બજારમાં નોંધાયેલા ઝડપી વિકાસનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે, જેના પરિણામે સોનાલિકાએ અત્યાર સુધીના સૌથી ઓછા સમયમાં ૧ લાખ ટ્રેક્ટરના વેચાણનો માઈલસ્ટોન પણ હાંસલ કર્યો છે. પોતાની ૩૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહેલી કંપની માટે આ સિદ્ધિ વિકાસ પ્રત્યેની તેની અડગ પ્રતિબદ્ધતા અને કૃષિના ભવિષ્ય માટે સતત વિસ્તરતા વિઝનનું પ્રતિબિંબ છે, જે મહત્ત્વાકાંક્ષી લક્ષ્યોને અસાધારણ સફળતાઓમાં પરિવર્તિત કરી રહ્યું છે.

આ સિદ્ધિ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં ઈન્ટરનેશનલ ટ્રેક્ટર્સ લિમિટેડના જૉઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી રમન મિત્તલે જણાવ્યું હતું કે, "અમારી ૩૦ વર્ષની સફરમાં કુલ ૧,૨૧,૧૪૮ ટ્રેક્ટરના અત્યાર સુધીના સર્વોચ્ચ વાયટીએમ વેચાણની સિદ્ધિ સૌથી વિશિષ્ટ ઉપલબ્ધિઓમાંની એક છે. તે વિવિધ બજારોમાં વિકસાવેલી અમારી સામૂહિક શક્તિ અને સતત કરેલા પ્રયાસોનું પ્રતિબિંબ છે. આ વર્ષે સ્થાનિક બજારમાં અત્યાર સુધીના સૌથી ઓછા સમયમાં ૧ લાખ ટ્રેક્ટરના વેચાણનો રેકોર્ડ નોંધાવી અમે દરેક ક્ષેત્રમાં સંપૂર્ણ સમર્પણ અને ઝડપથી કામગીરી કરી હોવાનું સાબિત કર્યું છે.

આ પ્રગતિના કેન્દ્રમાં સોનાલિકાની વ્યૂહાત્મક દૂરંદેશી, વિશ્વસ્તરીય ઉત્પાદન ક્ષમતા, બજારની જરૂરિયાતોને સમજવાની સજ્જતા અને સમગ્ર ટીમની શ્રેષ્ઠતા પ્રત્યેની અવિરત પ્રતિબદ્ધતા છે. અમારી પ્રગતિશીલ કાર્યપદ્ધતિ અદ્યતન કૃષિ ટેક્નોલોજી, ખેડૂતોની જરૂરિયાતોને અનુરૂપ એન્જિનિયરિંગ અને પારદર્શક વ્યવસાયિક અભિગમને એકસાથે લાવી યોગ્ય સમયે ખેડૂતો સુધી યોગ્ય કૃષિ ઉકેલો પહોંચાડે છે.

હરિયાણાના ગુરુગ્રામમાં યોજાયેલા એફટીએ આઉટરીચ કાર્યક્રમમાં જીજેઈપીસીએ સભ્ય નિકાસકારોની ભાગીદારી સુનિશ્ચિત કરી

જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે (જીજેઈપીસી) ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ગુરુગ્રામની ગ્રાન્ડ હયાત હોટેલ ખાતે હરિયાણા સરકારના એમએસએમઈ ડિરેક્ટોરેટ દ્વારા આયોજિત ‘Leveraging Free Trade Agreements (FTAs) – Outreach Programme’ વિષય પર યોજાયેલી રાજ્યસ્તરીય વર્કશોપમાં કાઉન્સિલના સભ્ય નિકાસકારોના પ્રતિનિધિમંડળની ભાગીદારી સુનિશ્ચિત કરી હતી.

‘Translating India’s Free Trade Agreements into Global Market Opportunities for Haryana’ ની થીમ હેઠળ યોજાયેલી આ વર્કશોપમાં સરકારી અધિકારીઓ, ઉદ્યોગ સંગઠનો અને નિકાસકારો એકત્ર થયા હતા. આ દરમિયાન ભારતના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ (એફટીએ)થી ઊભી થતી તકો તેમજ નિકાસ ક્ષેત્રે સ્પર્ધાત્મકતા વધારવાના ઉપાયો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ પહેલ અંગે જીજેઈપીસીના ચેરમેન શ્રી કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે, ‘‘ભારતના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ ભારતીય નિકાસકારો માટે આંતરરાષ્ટ્રીય બજારોમાં પોતાની પહોંચ વિસ્તારવાની મોટી તકો ઊભી કરે છે.

યુએઈ, ઓસ્ટ્રેલિયા, ઈએફટીએ દેશો, યુનાઈટેડ કિંગડમ, ઓમાન, ન્યૂઝીલેન્ડ અને યુરોપિયન યુનિયન સહિતના દેશો સાથે થયેલા આ કરારોએ આપણા ક્ષેત્ર માટે નિકાસના સમગ્ર ચિત્રમાં મોટું પરિવર્તન લાવ્યું છે. ભારતના એફટીએ ભાગીદાર દેશો દર વર્ષે મળીને ૫૫ અબજ અમેરિકી ડોલરથી વધુનાં જ્વેલરીની આયાત કરે છે. આ બજારોમાં વિશેષ વેપાર સુવિધાઓ અને શૂન્ય ડ્યૂટી પર નિકાસની છૂટ મળવાથી ભારતીય જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં નોંધપાત્ર સરસાઈ મળે છે.

સ્કોડા ઓટો ઈન્ડિયાએ ૩૫૦થી વધુ કસ્ટમર ટચપોઈન્ટનો આંકડો પાર કર્યો, ૧૯૩ શહેરો સુધી પહોંચ વધારી

સ્કોડા ઓટો ઈન્ડિયાએ પોતાનું નેટવર્ક ૧૯૩ શહેરોમાં ૩૫૦થી વધુ કસ્ટમર ટચપોઈન્ટ સુધી વધાર્યું છે. આનાથી દેશભરમાં બ્રાન્ડની પ્રોડક્ટ્સ અને માલિકીનો અનુભવ મેળવવાનું વધુ સરળ બન્યું છે. બ્રાન્ડે ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ઈમ્ફાલમાં પોતાના ૩૫૦મા કસ્ટમર ટચપોઈન્ટનું ઉદ્ઘાટન કરીને ૩૫૦ ટચપોઈન્ટનો માઈલસ્ટોન હાંસલ કર્યો, અને તેની સાથે મણિપુરમાં પ્રવેશ કર્યો. સ્થાપિત બજારો અને નવા ઊભરતા વિસ્તારો, બંનેમાં ગ્રાહકોની વધુ નજીક વેચાણ અને આફ્ટરસેલ્સ સેવાઓ પહોંચાડવાની સ્કોડા ઓટો ઈન્ડિયાની પ્રતિબદ્ધતા આ વિસ્તરણમાં દેખાય છે.

આ માઈલસ્ટોન વિશે વાત કરતાં સ્કોડા ઓટો ઈન્ડિયાના બ્રાન્ડ ડિરેક્ટર આશિષ ગુપ્તાએ કહ્યું, ‘‘૧૯૩ શહેરોમાં ૩૫૦થી વધુ કસ્ટમર ટચપોઈન્ટ પાર કરવા એ ભારતભરના ગ્રાહકોની વધુ નજીક સ્કોડાને લઈ જવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. અમારા ડીલર પાર્ટનર્સ, હાલના અને નવા બંને, આ સફરના કેન્દ્રમાં છે, અને ભારતમાં વધુ મજબૂત સ્કોડા બ્રાન્ડ બનાવવાના અમારા લક્ષ્યમાં સહભાગી થવા બદલ હું તેમનો આભાર માનું છું. નવા બજારોમાં પ્રવેશ કરતી વખતે અમારી પ્રાથમિકતા સ્પષ્ટ છે — વેચાણ અને આફ્ટરસેલ્સ બંનેમાં એકસરખો, સમૃદ્ધ ગ્રાહક અનુભવ આપવો. અમારા વધતા પ્રોડક્ટ પોર્ટફોલિયો અને ગ્રાહકોને પ્રથમ સ્થાન આપતી પહેલો સાથે, આ વધતું નેટવર્ક ગ્રાહકોનો વિશ્વાસ મજબૂત કરવામાં અને સમગ્ર દેશમાં અમારું મહત્વ વધુ ગાઢ બનાવવામાં મદદ કરશે.’’

સ્કોડા ઓટો ઈન્ડિયાનું નેટવર્ક ૨૦૨૧માં ૧૯૧ કસ્ટમર ટચપોઈન્ટથી વધીને ૨૦૨૫માં ૩૨૫ અને ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં ૩૫૦થી વધુ થયું છે. તેનો ભૌગોલિક વિસ્તાર ૨૦૨૪માં ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૫૬ શહેરોથી વધીને આજે ૨૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૯૩ શહેરો સુધી પહોંચ્યો છે.

મુથૂટ ફાઈનાન્સ લિમિટેડ - ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી લોનની કુલ એયુએમ રૂ. ૨,૦૯,૩૧૭ કરોડ

મુથૂટ ફાઈનાન્સ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આજે યોજાયેલી બેઠકમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા અને અર્ધવાર્ષિક ગાળા માટે ઓડિટ ન થયેલા સ્વતંત્ર ધોરણે અને સંગઠિત ધોરણે પરિણામોનો વિચાર કરીને તેને મંજૂરી આપી હતી.

મુથૂટ ફાઈનાન્સ લિમિટેડના સંગઠિત ધોરણે પરિણામો

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં મુથૂટ ફાઈનાન્સ લિમિટેડની કુલ લોન એસેટ અંડર મેનેજમેન્ટ વાર્ષિક ધોરણે ૪૨ ટકા વધીને રૂ. ૨,૦૯,૩૧૭ કરોડ થઈ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં રૂ. ૧,૪૭,૬૭૩ કરોડ હતી. અર્ધવાર્ષિક ગાળામાં કુલ લોન એસેટ્સ અંડર મેનેજમેન્ટ ૧૫ ટકા વધીને રૂ. ૨૭,૪૦૧ કરોડ થઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં કુલ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૩૯ ટકા વધીને રૂ. ૬,૧૦૩ કરોડ થયો હતો, જે ગયા વર્ષે સમાન ગાળામાં રૂ. ૪,૩૮૬ કરોડ હતો.

કંપનીની કામગીરી પર મેનેજિંગ ડિરેક્ટર શ્રી એલેક્ઝાન્ડર જ્યોર્જ મુથૂટે કહ્યું હતું, ‘‘મુથૂટ ફાઈનાન્સે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની શરૂઆત મજબૂત આધાર સાથે કરી છે, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં અમારી કુલ લોન એયુએમ અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તર રૂ. ૧,૯૧,૫૩૨ કરોડને આંબી ગઈ હતી અને બીજા ત્રિમાસિક ગાળામાં એ જ દર વધીને રૂ. ૨,૦૯,૩૧૭ કરોડના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે, જેમાં વાર્ષિક ધોરણે ૪૨ ટકાનો વધારો થયો છે. અમારા મુખ્ય ગોલ્ડ લોન વ્યવસાયમાં ઊંચી વૃદ્ધિને કારણે અમારો કુલ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૩૯ ટકા વધીને રૂ. ૬,૧૦૩ કરોડ થયો હતો. અમારી પેટાકંપનીઓની મજબૂત કામગીરી અને અમારી કુલ લોન એસેટે ૧૨ ટકાનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સ્વતંત્ર ધોરણે લોન એયુએમ રૂ. ૧,૮૭,૮૧૦ કરોડના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. આ સફળતા અમારા સમર્પિત કર્મચારીઓની સતત મહેનત અને અમારા ગ્રાહકોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે.

વોલ્ટાસ અને વોલ્ટાસ બીકો હોમ એપ્લાયન્સીસ પર ખાસ દિવાળી ઓફર્સ સાથે તહેવારોની ખુશી લાવે છે

ટાટા ગ્રુપની કંપની વોલ્ટાસ લિમિટેડ અને તેની સંયુક્ત સાહસ બ્રાન્ડ વોલ્ટાસ બીકોએ તેમની બહુપ્રતિક્ષિત ’દિવાળી ઓફર્સ’ની જાહેરાત કરી છે. આ ઓફર્સ ગ્રાહકોને એર કંડિશનર, વોશિંગ મશીન, રેફ્રિજરેટર, માઈક્રોવેવ અને ડિશવોશર જેવાં કૂલિંગ અને અન્ય હોમ એપ્લાયન્સીસ પર આકર્ષક તહેવારના લાભો સાથે તેમના ઘરને અપગ્રેડ કરવાની તક આપે છે. આ ઓફર્સમાં કેશબેક, સાનુકૂળ ફાઈનાન્સિંગ વિકલ્પો અને વોરંટી લાભોનો સમાવેશ થાય છે, જે ગ્રાહકોની તહેવારોની ખરીદીને વધુ ફાયદાકારક બનાવે છે. આ ઓફર્સમાં પસંદગીના વોલ્ટાસ અને વોલ્ટાસ બીકો ઉત્પાદનો પર ?૬,૦૦૦ સુધીનું કેશબેક, અમુક ઉત્પાદનો પર પાંચ વર્ષની વ્યાપક વોરંટી, ઝીરો ડાઉન પેમેન્ટ સ્કીમ્સ (જેમાં ૬, ૮ અને ૧૦ EMIના વિકલ્પો ઉપલબ્ધ છે), ૧૮ મહિના સુધીના લાંબા ગાળાના EMI વિકલ્પો અને ?૧,૦૮૮થી શરૂ થતા નિશ્ચિત EMIનો સમાવેશ થાય છે. ઉપરાંત ગ્રાહકો વોલ્ટાસ અને વોલ્ટાસ બીકોના ’સ્માર્ટ અપગ્રેડ પ્રોગ્રામ’નો લાભ લઈ શકે છે, જે પાત્ર ઉત્પાદનો પર ?૧૦,૦૦૦ સુધીનો એક્સચેન્જ લાભ આપે છે.

તહેવારોની આ ઓફરો વિશે બોલતાં વોલ્ટાસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુકુંદન મેનને જણાવ્યું હતું કે, "દિવાળી એ પરિવારો માટે તેમના ઘરમાં રોકાણ કરવાનો અને રોજિંદા જીવનને વધુ આરામદાયક બનાવવાનો એક મહત્વપૂર્ણ સમય છે. અમારી તહેવારની ઓફરો દ્વારા અમે આકર્ષક બચત, સાનુકૂળ ચુકવણી વિકલ્પો અને પસંદગીનાં ઉત્પાદનો પર વધારાની ખાતરી આપીને ગ્રાહકોને વધુ મૂલ્ય પ્રદાન કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. વોલ્ટાસ અને વોલ્ટાસ બીકો સાથે અમે પરિવારો માટે તેમની બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરતાં ઉપકરણો ઘરે લાવવાનું સરળ બનાવી રહ્યા છીએ અને તહેવારો દરમિયાન ઘરને અપગ્રેડ કરવાનું વધુ સુલભ બનાવી રહ્યા છીએ."

લિમ્કાએ પંજાબ સ્પેશિયલ કૅન લોન્ચ કરવા સાથે રાજ્યની સંસ્કૃતિ, વારસો અને જીવંત ભાવનાની ઉજવણી

કોકા-કોલા ઈન્ડિયાનાં પ્રતિષ્ઠિત પીણાં લિમ્કાએ તેનું પ્રથમ લિમ્કા પંજાબ સ્પેશિયલ કૅન રજૂ કર્યું છે, જે મર્યાદિત-આવૃત્તિનો સંગ્રહ પંજાબની નિર્વિવાદ ભાવનાને જીવંત બનાવે છે. "એક રાજ્ય, એક કૅન:સંગ્રહ માટે ઘડાયેલ" વિચાર હેઠળ બનાવવામાં આવેલી આ ખાસ આવૃત્તિ રોજિંદા લિમ્કા કૅનને સ્થાનિક ગૌરવના કેન્વાસમાં પરિવર્તિત કરે છે, જે પંજાબની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાને એકત્ર લાવે છે. ડિઝાઈન પંજાબને અનન્ય બનાવતાં ઘણાં પાસાંઓને ઊજવે છે, જે તેની જીવંત પરંપરાઓ, સાંસ્કૃતિક ઓળખ અને વિશિષ્ટ ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

આ લોન્ચ બોલીવૂડ અભિનેત્રી અનન્યા પાંડેને દર્શાવતાં ઈન્સ્ટાગ્રામ પર ગ્રાહક-આગેવાની હેઠળના સામાજિક એક્ટિવેશન દ્વારા સ્પેશિયલ કૅન વિચારને જીવંત બનાવે છે. આ એક્ટિવેશન કલાકારો અને ક્રિયેટર્સને વાતચીતમાં વધુ લાવશે, તેમને પંજાબની સંસ્કૃતિ, સીમાચિહનો અને રોજિંદા અનુભવોના પોતાના અર્થઘટન શૅર કરવા માટે પ્રોત્સાહિત કરશે. એકંદરે આ અવાજો ગ્રાહકોને ઉત્પાદનની બહાર સ્પેશિયલ કૅન સાથે જોડાવા અને રાજ્યને અનન્ય રીતે પોતાનું બનાવતાં ઘણાં તત્વોની ઉજવણી કરવા આમંત્રણ આપે છે.

કોકા-કોલા ઈન્ડિયાના ઉત્તર ભારતના ઈન્ટીગ્રેટેડ ઓપરેશન્સના સિનિયર ડિરેક્ટર પંકજ સિંહાએ જણાવ્યું હતું કે, ‘‘એક પ્રિય સ્વદેશી બ્રાન્ડ તરીકે લિમ્કા પંજાબના પાત્રને એવી ફોર્મેટમાં જીવંત કરે છે જેનો ગ્રાહકો અનુભવ કરી શકે છે, શૅર કરી શકે છે અને પોતાનું બનાવી શકે છે. આ ગાઢ જોડાણો બનાવવા રાજ્યની જીવંત સંસ્કૃતિ અને વિશિષ્ટ ઊર્જાને એકત્ર લાવવાના અમારા અભિગમનું વિસ્તરણ છે. અમારા વિસ્તૃત રિટેઈલ નેટવર્ક દ્વારા અમે આ સ્પેશિયલ એડિશનને ગ્રાહકોની નજીક લાવી રહ્યા છીએ અને પંજાબની ઓળખનો એક ભાગ તેમના હાથમાં મૂકી રહ્યા છીએ.

બાટા ઈન્ડિયા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો જાહેર

ભારતની સૌથી વિશ્વસનીય ફૂટવેર બ્રાન્ડ્સમાંની એક બાટા ઈન્ડિયાએ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા બીજા ત્રિમાસિક ગાળાનાં નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ આ ગાળામાં રૂ. ૮,૬૧૮ મિલિયનની આવક નોંધાવી છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં નોંધાયેલી રૂ. ૮,૦૧૩ મિલિયનની આવકની સરખામણીએ ૭.૫ ટકાથી વધુ વૃદ્ધિ દર્શાવે છે. આ વર્ષે તહેવારોની મોસમનો મોટાભાગનો વ્યાપાર ત્રીજા ત્રિમાસિક ગાળામાં ખસ્યો હોવા છતાં કંપનીએ આ વૃદ્ધિ નોંધાવી છે.

ચાલુ ત્રિમાસિક ગાળામાં કંપનીનો કરવેરા બાદનો નફો (PAT) રૂ. ૧૮૦ મિલિયન રહ્યો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં રૂ. ૧૩૮ મિલિયન હતો. આ રીતે કંપનીના નફામાં ૩૧ ટકાથી વધુનો વધારો નોંધાયો છે. સરેરાશ વેચાણ કિંમત (ASP)માં થયેલા વધારાને કારણે નફાની વૃદ્ધિને પણ ટેકો મળ્યો છે.

પરિણામો અંગે પ્રતિભાવ આપતાં બાટા ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી સંજય એસ. રાવે જણાવ્યું હતું કે, ૧ ઓક્ટોબર, ૨૦૨૬થી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ તેમણે નોંધ્યું છે કે, ‘‘કંપનીએ સતત ચોથા ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિની ગતિ જાળવી રાખી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીની કુલ આવકમાં ૭.૫ ટકાથી વધુ વૃદ્ધિ નોંધાઈ છે. રિટેલ ક્ષેત્રમાં સમાન સ્ટોર વેચાણ (LFL) અને સરેરાશ વેચાણ કિંમત (ASP)માં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે, જ્યારે ફ્રેન્ચાઈઝી તથા I&D ચેનલ્સમાં બે આંકડાની વૃદ્ધિ નોંધાઈ છે.’’ તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ‘‘કંપનીના ગ્રોસ માર્જિનમાં નજીવો સુધારો થયો છે અને ઓપરેશનલ કામગીરી સતત મજબૂત બની રહી છે. ઈન્વેન્ટરીની માત્રા અને ગુણવત્તા બંનેમાં સુધારો થયો છે. ૯૨ ટકા ઈન્વેન્ટરી નવીનતમ કલેક્શનની છે, જ્યારે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ની સરખામણીએ નેટ સ્ટોકમાં ૭ ટકાનો ઘટાડો નોંધાયો છે.

કેઈસી. ઈન્ટરનેશનલ લિમિટેડ - ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને છ માસિક ગાળાનું નાણાંકીય પરિણામ

આરપીજી ગ્રુપનો હિસ્સો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની અગ્રણી વૈશ્વિક ઈપીસી કંપની કેઈસી. ઈન્ટરનેશનલ લિમિટેડે આજે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળા (નાણાંકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં) અને પ્રથમ છ માસિક ગાળા (નાણાંકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં) ના નાણાંકીય પરિણામો જાહેર કર્યા છે.

વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં રૂ. ૧૩,૫૦૦ કરોડથી વધુના નવા ઓર્ડર મળ્યા છે, જેમાં ટીએન્ડડી બિઝનેસના આશરે રૂ. ૯,૫૦૦ કરોડના ઓર્ડરનો સમાવેશ થાય છે.

કેઈસી. ઈન્ટરનેશનલ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી વિમલ કેજરીવાલે જણાવ્યું હતું કે, ‘‘મધ્ય પૂર્વમાં સતત ચાલી રહેલી ભૂરાજકીય પરિસ્થિતિ અને સપ્લાય ચેઈનમાં ઊભી થયેલી મુશ્કેલીઓ, ભારતમાં ટીએન્ડડી બિઝનેસમાં રાઈટ ઑફ વે (આરઓડબલ્યુ) અને જમીન સંપાદન સંબંધિત પડકારો તેમજ વૈશ્વિક સ્તરે ઊંચા ખર્ચને ધ્યાનમાં રાખીને કેટલાક પ્રોજેક્ટ્સમાં પુરવઠાનું પ્રમાણ નિયંત્રિત રાખવામાં આવ્યું હતું. આ તમામ પરિબળોને કારણે ત્રિમાસિક ગાળા દરમિયાન કામગીરી માટે પડકારજનક વાતાવરણ રહ્યું હતું. તેમ છતાં, નજીકના ગાળામાં ઊભા થયેલા આ પડકારો વચ્ચે પણ અમે અગાઉના ત્રિમાસિક ગાળાની સરખામણીમાં આવકમાં વધારો નોંધાવ્યો છે, જેમાં અમારા ટીએન્ડડી બિઝનેસનો મુખ્ય ફાળો રહ્યો છે.

આશરે રૂ. ૪૩,૫૦૦ કરોડની ઓર્ડર બુક અને એલ૧ પોઝિશન તેમજ રૂ. ૨ લાખ કરોડથી વધુની ટેન્ડર પાઈપલાઈનને ધ્યાનમાં રાખીને અમને વિશ્વાસ છે કે આગામી ત્રિમાસિક ગાળાઓમાં કંપનીનું પ્રદર્શન વધુ સારું રહેશે.’’

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

બજારમાં ઘટાડા છતાં કેટલીક મ્યુચ્યુઅલ ફંડ સ્કીમોએ ૧૭.૮૨ ટકા સુધીનું વળતર આપ્યું

પાંચ કેટેગરીમાં ટ્રસ્ટએમએફ સ્મોલકેપ ફંડ સૌથી વધુ ૧૭.૮૨ ટકા વળતર સાથે પ્રથમ ક્રમે

બજારના મુખ્ય ઈક્વિટી સૂચકાંકોમાં ઘટાડો થયો હોવા છતાં કેટલીક મ્યુચ્યુઅલ ફંડ સ્કીમોએ બે આંકડામાં વળતર આપ્યું છે. સ્મોલકેપ ફંડ્સે સૌથી વધુ આશ્ચર્યજનક દેખાવ કર્યો છે.

બજારમાં ઘટાડો થાય ત્યારે રોકાણકારો સામાન્ય રીતે સ્મોલકેપ ફંડ્સને સૌથી વધુ વળતર આપનારા વિકલ્પ તરીકે જોતા નથી. જોકે, છેલ્લા એક વર્ષ દરમિયાન મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રમાં સૌથી વધુ વળતર આપનારી કેટલીક સ્કીમો આ જ કેટેગરીની રહી છે.

૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા એક વર્ષ દરમિયાન નિફ્ટી ૫૦માં ૭.૮૮ ટકાનો ઘટાડો થયો હતો. તેની સામે ત્રણ અગ્રણી સ્મોલકેપ ફંડ્સે ૧૧.૩૧ ટકાથી ૧૭.૮૨ ટકા સુધીનું વળતર આપ્યું હતું. આ સમયગાળામાં તેમનો બેન્ચમાર્ક પણ નકારાત્મક ક્ષેત્રમાં રહ્યો હતો.

માત્ર સ્મોલકેપ ફંડ્સે જ આવો દેખાવ કર્યો નથી. ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડની પાંચ મુખ્ય કેટેગરીમાં દરેકના ટોચના ત્રણ ફંડ્સે તેમના સંબંધિત બેન્ચમાર્કમાં ઘટાડો થયો હોવા છતાં હકારાત્મક વળતર આપ્યું હતું.

આ પાંચ કેટેગરીમાં ટ્રસ્ટએમએફ સ્મોલકેપ ફંડ સૌથી વધુ ૧૭.૮૨ ટકા વળતર સાથે પ્રથમ ક્રમે રહ્યું હતું. બેન્ક ઓફ ઈન્ડિયા સ્મોલકેપ ફંડે ૧૬.૨૬



ટકા અને યુનિયન સ્મોલકેપ ફંડે ૧૧.૩૧ ટકા વળતર આપ્યું હતું.

નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ ટીઆરઆઈ સાથે સરખામણી કરતાં આ તફાવત વધુ સ્પષ્ટ થાય છે. આ જ સમયગાળા દરમિયાન આ બેન્ચમાર્કમાં ૧.૨૮ ટકાનો ઘટાડો થયો હતો.

ટ્રસ્ટએમએફ સ્મોલકેપ ફંડે તેના બેન્ચમાર્ક કરતાં ૧૯.૧૧ ટકા વધુ વળતર આપ્યું હતું. પાંચેય કેટેગરીના અગ્રણી ફંડ્સમાં આ સૌથી મોટો તફાવત હતો.

મિડકેપ ફંડ્સે પણ નોંધપાત્ર દેખાવ કર્યો હતો. એચએસબીસી મિડકેપ ફંડે ૧૦.૧૬ ટકા વળતર આપ્યું હતું, જ્યારે નિફ્ટી મિડકેપ ૧૫૦ ટીઆરઆઈમાં ૨.૬૭ ટકાનો ઘટાડો થયો હતો.

જોકે, આ કેટેગરીનાં ટોચનાં ફંડ્સના વળતરમાં મોટો તફાવત જોવા મળ્યો હતો. વ્હાઈટઓક કેપિટલ મિડકેપ ફંડ ૩.૭૩ ટકા વળતર સાથે બીજા ક્રમે રહ્યું હતું, જ્યારે બંધન મિડકેપ ફંડે ૨.૭૮ ટકા વળતર આપ્યું હતું.

મલ્ટીકેપ ફંડ્સે પણ સારો દેખાવ કર્યો હતો. ગ્રો મલ્ટીકેપ ફંડ ૯.૩૫ ટકા વળતર સાથે પ્રથમ ક્રમે રહ્યું હતું. ત્યારબાદ ટ્રસ્ટએમએફ મલ્ટીકેપ ફંડે ૮.૨૩ ટકા અને આઈટીઆઈ મલ્ટીકેપ ફંડે ૫.૭૫ ટકા વળતર આપ્યું હતું. આ કેટેગરીના બેન્ચમાર્કમાં ૪.૦૮ ટકાનો ઘટાડો થયો હતો.

અદાણી પાવર પાસેથી ચાર મોટા ઓર્ડર મળતાં બીએચઈએલના શેરમાં ૯ ટકાનો ઉછાળો

ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (બીએચઈએલ)ને અદાણી પાવર લિમિટેડ પાસેથી ચાર પ્રોજેક્ટ માટે ૨૦,૦૦૦ કરોડથી ૨૮,૦૦૦ કરોડ રૂપિયા સુધીના ઓર્ડર મળતાં બુધવારે, ૪ નવેમ્બરે કંપનીના શેરમાં ઈન્ટ્રાડે દરમિયાન ૯ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો.

બુધવારે નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યા અનુસાર, આ કરાર હેઠળ કંપનીએ પ્રત્યેક ૮૦૦ મેગાવોટના બે યુનિટ ધરાવતા ચાર પ્રોજેક્ટ માટે બોઈલર, ટર્બાઈન અને જનરેટર સહિતનાં સાધનો તથા તેને લગતી સહાયક વ્યવસ્થાઓ પૂરી પાડવાની રહેશે. આ ઉપરાંત સંમત સેવાઓ પણ પૂરી પાડવાની રહેશે.

૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં ૨૧,૯૦૦ કરોડ રૂપિયા અને પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧૦,૫૦૦ કરોડ રૂપિયાના ઓર્ડર મળ્યા

ફાઈલિંગમાં જણાવાયું હતું કે ચારેય પ્રોજેક્ટની કિંમત જીએસટી સિવાય પ્રત્યેક ૫,૦૦૦ કરોડથી ૭,૦૦૦ કરોડ રૂપિયા વચ્ચે છે.

આ જાહેર ક્ષેત્રના ઉપક્રમ (પીએસયુ)ની ઓર્ડર બુક ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ૨,૫૭,૫૭૧ કરોડ રૂપિયા હતી. નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ છ મહિનામાં કંપનીને ૩૦,૦૦૦ કરોડ રૂપિયાના ઓર્ડર મળ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં ઓર્ડરનો પ્રવાહ ૪,૦૦૦ કરોડ રૂપિયા રહ્યો હતો, જે પ્રથમ ત્રિમાસિક ગાળાના ૨૬,૭૦૦ કરોડ રૂપિયા અને નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ત્રિમાસિક ગાળાના ૩૦,૦૦૦ કરોડ રૂપિયા કરતાં ઘણો ઓછો હતો.

કંપનીને નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં ૨૧,૯૦૦ કરોડ રૂપિયા અને પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧૦,૫૦૦ કરોડ રૂપિયાના ઓર્ડર મળ્યા હતા.

બીજા ત્રિમાસિક ગાળામાં બીએચઈએલના પરિણામો તમામ મોરચે મજબૂત રહ્યા હતા. ખાસ કરીને કંપનીના ઔદ્યોગિક વિભાગે સારી વૃદ્ધિ નોંધાવી હતી. કામગીરીમાંથી થતી આવક ગયા વર્ષના સમાન ગાળાના ૭,૫૧૧.૮ કરોડ રૂપિયાની સરખામણીએ ૨૩.૮૧ ટકા વધીને ૯,૩૦૦ કરોડ રૂપિયા થઈ હતી.

વ્યાજ, કર, ઘસારા અને અમોર્ટાઈઝેશન પહેલાંની કમાણી (ઈબીઆઈટીડીએ) વાર્ષિક ધોરણે ૭૬.૪ ટકા વધીને ૧,૦૨૫.૮ કરોડ રૂપિયા થઈ હતી. ગયા વર્ષના સમાન ગાળામાં તે ૫૮૧.૪૬ કરોડ રૂપિયા હતી.


કંપનીનું ઈબીઆઈટીડીએ માર્જિન ગયા વર્ષના સમાન ગાળાના ૭.૭ ટકાની સરખામણીએ વધીને ૧૧ ટકા થયું હતું. જ્યારે કરવેરા બાદનો નફો (પીએટી) ૧૨૦ ટકા વધીને ૮૦૯ કરોડ રૂપિયા થયો હતો, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૩૬૮ કરોડ રૂપિયા હતો.

બીએચઈએલના ઔદ્યોગિક વિભાગની આવક ગયા વર્ષના સમાન ગાળાના ૧,૮૩૬.૨ કરોડ રૂપિયાની સરખામણીએ ૪૫ ટકા વધીને ૨,૬૬૨.૫ કરોડ રૂપિયા થઈ હતી. બીજી તરફ, પાવર વિભાગની આવક ૧૭ ટકા વધીને ૬,૬૩૭.૯ કરોડ રૂપિયા થઈ હતી. ગયા વર્ષના સમાન ગાળામાં આ વિભાગની આવક ૫,૬૭૬ કરોડ રૂપિયા હતી.

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીનાં પરિણામોથી ડોલર નબળો પડતાં

સોનું-ચાંદીમાં તેજી, સોનું ૪,૦૨૩ ડોલરને પાર, ચાંદી ૫૨ ડોલરની નજીક પહોંચી

બુલિયન બજારમાં તાજેતરના ઘટાડા બાદ ફરી તેજી આવવા માટે સતત ખરીદી અને સુધરતાં પાયાનાં પરિબળો જરૂરી છે. માત્ર રાજકીય અનિશ્ચિતતાના આધારે બજારમાં રિકવરીની અપેક્ષા રાખી શકાય નહીં, એમ કોમોડિટી વિશ્લેષકનું કહેવું છે.



અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીનાં પરિણામોને પગલે સોનામાં તેજી, અમેરિકન ડોલર નબળો પડવા અને ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાને પગલે ૪ નવેમ્બરે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં સોના-ચાંદીના ભાવમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. આ ઉપરાંત અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીનાં પરિણામોથી સલામત રોકાણ તરીકે કિંમતી ધાતુઓની માગમાં પણ વધારો થયો હતો.

વર્ષ ૨૦૨૬ની અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીએ કોંગ્રેસનાં બંને ગૃહો પર નિયંત્રણ મેળવ્યું હતું. આ પરિણામથી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રિપબ્લિકન પાર્ટીને મોટો રાજકીય ફટકો પડ્યો હતો.

કોમોડિટી વિશ્લેષકોના મતે અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીનાં પરિણામોએ વૈશ્વિક નાણાકીય બજારોમાં અનિશ્ચિતતાનું વધુ એક પરિબળ ઉમેર્યું છે. જોકે, ટૂંકા ગાળામાં તે કિંમતી ધાતુઓના ભાવને ટેકો આપી રહ્યું છે.

જ્યોતિ લેબ્સના શેર બાયબેકથી રિટેલ ઈન્વેસ્ટર્સને તક કંપની શેર દીઠ રૂપિયા ૨૧૫ ચૂકવશે

જ્યોતિ લેબોરેટરીઝ લિમિટેડના શેર બુધવારે, ૪ નવેમ્બરે દિવસના નીચા સ્તરેથી સુધરીને વધારા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. કંપનીએ સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાનાં પરિણામો જાહેર કરવાની સાથે બોર્ડની મંજૂરીથી શેર બાયબેકની પણ જાહેરાત કરી હતી.

જ્યોતિ લેબોરેટરીઝે એક્સચેન્જમાં કરેલી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે કંપની બાયબેક પ્રક્રિયા હેઠળ ૬૮.૩૭ લાખ સુધીના ઈક્વિટી શેર પાછા ખરીદશે. આ શેરની ફેસ વેલ્યૂ હાલમાં પ્રત્યેક એક રૂપિયા છે. કંપનીના કુલ બાકી ઈક્વિટી શેરમાંથી ૧.૮૬ ટકા શેર બાયબેક કરવામાં આવશે.

બાયબેક માટે શેર દીઠ ૨૧૫ રૂપિયાની કિંમત નક્કી કરવામાં આવી છે, જે જ્યોતિ લેબોરેટરીઝના વર્તમાન બજારભાવ કરતાં ૧૫ ટકા પ્રીમિયમ દર્શાવે છે. કંપની આ બાયબેક માટે કુલ ૧૪૭ કરોડ રૂપિયા ખર્ચશે.

જ્યોતિ લેબોરેટરીઝ ટેન્ડર ઓફર પદ્ધતિ દ્વારા શેર બાયબેક કરશે. આ પદ્ધતિમાં કંપનીએ અગાઉથી નક્કી કરેલી કિંમતે શેરધારકો પાસેથી શેર પાછા ખરીદવાના હોય છે. આ કિસ્સામાં શેર દીઠ ૨૧૫ રૂપિયાની કિંમત નક્કી કરવામાં આવી છે.

કંપનીએ જણાવ્યું હતું કે પ્રમોટર્સ અને પ્રમોટર ગ્રૂપ સાથે સંકળાયેલી સંસ્થાઓ બાયબેકમાં ભાગ લેશે નહીં. બાયબેકની વધુ વિગતો નક્કી કરવા માટે બોર્ડે એક બાયબેક કમિટીની પણ રચના કરી છે. જોકે, આ પ્રક્રિયા માટેની રેકોર્ડ ડેટ હજુ જાહેર કરવામાં આવી નથી.

સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાના અંતે કંપનીમાં પ્રમોટર્સ અને ગ્રૂપની સંસ્થાઓનો હિસ્સો ૬૨.૮૮ ટકા હતો.

મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે કંપનીનો ૮ ટકા હિસ્સો હતો. જ્યારે અધિકૃત શેર મૂડી ૨ લાખ રૂપિયા સુધી ધરાવતા આશરે ૨.૩૯ લાખ રિટેલ શેરધારકો પાસે કંપનીનો ૧૦.૨૩ ટકા હિસ્સો હતો.

સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં જ્યોતિ લેબોરેટરીઝની આવક વાર્ષિક ધોરણે ૩.૩ ટકા વધીને ૭૬૦ કરોડ રૂપિયા થઈ હતી. જોકે, આ ગાળામાં વ્યાજ, કર, ઘસારા અને અમોર્ટાઈઝેશન પહેલાંની કમાણી ૮૩.૯ ટકા ઘટીને ૧૯ કરોડ રૂપિયા રહી હતી. કંપનીનું માર્જિન પણ ગયા વર્ષના ૧૬ ટકાથી ઘટીને ૨.૫ ટકા થયું હતું.

કંપનીએ નિવેદનમાં જણાવ્યું હતું કે આંતરિક સ્તરે વૃદ્ધિ સારી હોવા છતાં કોમોડિટીના ઊંચા ભાવ અને વધુ ખર્ચે ખરીદાયેલા જૂના માલના વપરાશને કારણે નફાકારકતા પર નોંધપાત્ર અસર થઈ હતી.

પ્રિલ અને એફએના વ્યવસાયને બાદ કરતાં જ્યોતિ લેબ્સની આવકમાં ત્રિમાસિક ગાળા દરમિયાન વાર્ષિક ધોરણે ૧૨.૪ ટકાની વૃદ્ધિ થઈ હતી, જ્યારે વેચાણના જથ્થામાં ૮.૧ ટકાનો વધારો નોંધાયો હતો.

ગ્રાસિમ સાથે સુઝલોનની ભાગીદારી, રિસાયકલ થઈ શકે તેવા વિન્ડ ટર્બાઈન બ્લેડ બનાવશે

સુઝલોન એનર્જી લિમિટેડના શેરમાં બુધવારે, ૪ નવેમ્બરે ૫ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. સતત ત્રીજા ટ્રેડિંગ સેશનમાં શેરમાં તેજી જળવાઈ રહી હતી. ત્રણ દિવસના આ સમયગાળામાં શેરના ભાવમાં ૧૦ ટકાથી વધુનો વધારો થયો છે.

આદિત્ય બિરલા ગ્રૂપની કંપની ગ્રાસિમે એક્સચેન્જમાં કરેલી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે તેણે સુઝલોન સાથે રિસાયકલ કરી શકાય તેવા બ્લેડ ધરાવતી ભારતની પ્રથમ વિન્ડ ટર્બાઈન વિકસાવવા, તેનું વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરવા અને મોટા પાયે તેનો ઉપયોગ વધારવા માટે કરાર કર્યો છે. આ ટર્બાઈનમાં રિસાયક્લામાઈન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

આ સમજૂતી કરાર (એમઓયુ) પર ગ્રાસિમના એડવાન્સ્ડ મટિરિયલ્સ વિભાગ અને તેના રિન્યુએબલ એનર્જી વિભાગ આદિત્ય બિરલા રિન્યુએબલ્સ લિમિટેડે હસ્તાક્ષર કર્યા છે. બંને કંપનીઓ આ વિન્ડ ટર્બાઈન માટે પાયલોટ પ્રોજેક્ટના ધોરણે સાથે મળીને કામ કરશે. આ એમઓયુ પર ભારત રિન્યુએબલ એનર્જી સમિટ એન્ડ એક્સ્પો, ૨૦૨૬માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ગ્રાસિમે નિવેદનમાં જણાવ્યું હતું કે તેની દ્વારા પૂરી પાડવામાં આવતી રિસાયક્લામાઈન ઈપોક્સી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલા બ્લેડને તેમની ઉપયોગી અવધિ પૂરી થયા બાદ રાસાયણિક પ્રક્રિયા દ્વારા રિસાયકલ કરી શકાશે. આ પ્રક્રિયાથી તેમાં રહેલા મૂલ્યવાન કમ્પોઝિટ ઘટકોને અલગ કરીને અન્ય નવા ઉત્પાદનોમાં ફરીથી ઉપયોગમાં લઈ શકાશે.

આ ભાગીદારી હેઠળ વિન્ડ ટર્બાઈનના ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (ઓઈએમ) તરીકે સુઝલોન રિસાયક્લામાઈન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને રિસાયકલ કરી શકાય તેવા વિન્ડ ટર્બાઈન બ્લેડનું ઉત્પાદન કરશે. બીજી તરફ, આદિત્ય બિરલા રિન્યુએબલ્સ પોતાના પસંદગીના પ્રોજેક્ટ સ્થળે આવા બ્લેડ ધરાવતી વિન્ડ ટર્બાઈન સ્થાપિત કરશે. વાસ્તવિક કામગીરીની પરિસ્થિતિમાં આ ટેક્નોલોજીની વ્યાવસાયિક સધ્ધરતા ચકાસવાનો તેનો હેતુ છે.

ફ્રેક્ટલ એનાલિટિક્સનો શેર ૧૩ ટકા ઉછળી ચોખ્ખો નફો બમણાથી વધુ વધ્યો

ફ્રેક્ટલ એનાલિટિક્સ લિમિટેડના શેરમાં બુધવારે, ૪ નવેમ્બરે લગભગ ૧૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને એનાલિટિક્સ ક્ષેત્રની કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો જાહેર કર્યા હતા. આ ગાળામાં

આવક ૧૦૦ મિલિયન ડોલરને પાર

કંપનીની ત્રિમાસિક આવક ૧૦૦ મિલિયન ડોલરને પાર થઈ હતી, જ્યારે ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે બમણાથી વધુ થયો હતો.

ફ્રેક્ટલ એનાલિટિક્સે સપ્ટેમ્બર ત્રિમાસિક ગાફામાં ૯૫૬.૫ કરોડ રૂપિયાની આવક નોંધાવી હતી, જે ગયા વર્ષના સમાન ગાળામાં નોંધાયેલી ૭૯૮.૫ કરોડ રૂપિયાની આવકની સરખામણીએ ૧૯.૮ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ત્રિમાસિક ધોરણે પણ આવકમાં ૪.૮ ટકાનો વધારો થયો હતો. અગાઉના ત્રિમાસિક ગાળામાં કંપનીની આવક ૯૧૨.૫ કરોડ રૂપિયા હતી.

કંપનીની સ્થિર ચલણના આધારે (સીસી) આવકમાં વાર્ષિક ધોરણે ૧૦ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી, જે અગાઉના ત્રિમાસિક ગાળામાં ૯ ટકા હતી.

કંપનીનો એડજસ્ટેડ ઈબીઆઈટીડીએ માર્જિન વાર્ષિક ધોરણે ૧૨૩ બેસિસ પોઈન્ટ વધીને ૧૬.૨ ટકા થયો હતો. ગયા વર્ષના સમાન ગાળામાં તે ૧૫ ટકા હતો. જોકે, ત્રિમાસિક ધોરણે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળાના ૧૬.૮ ટકાની સરખામણીએ તેમાં આશરે ૬૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો થયો હતો.

એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સના શેરમાં ૨૦ ટકાનો ઉછાળો, નફો ૮૧ ટકા વધ્યો; અમેરિકામાં કારોબાર ૭૭ ટકા વધ્યો

એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં મજબૂત પરિણામો જાહેર કરતાં બુધવારે, ૪ નવેમ્બરે કંપનીના શેરમાં ૨૦ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીની આવક અને નફાકારકતા બંનેમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ હતી.

ફાર્માસ્યુટિકલ કંપનીની આવક નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે ૩૬.૩ ટકા વધીને ૨,૬૦૩ કરોડ રૂપિયા થઈ હતી. ગયા વર્ષના સમાન ગાળામાં કંપનીએ ૧,૯૧૦ કરોડ રૂપિયાની આવક નોંધાવી હતી.

કરવેરા બાદનો નફો (પીએટી) ૮૧.૧ ટકા વધીને ૩૩૫ કરોડ રૂપિયા થયો હતો, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૧૮૫ કરોડ રૂપિયા હતો. વ્યાજ, કર, ઘસારા અને ઋણમુક્ત પહેલાંની કમાણી (ઈબીઆઈટીડીએ) પણ વાર્ષિક ધોરણે ૭૮.૭ ટકા વધીને ૫૬૩ કરોડ રૂપિયા થઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં તે ૩૧૫ કરોડ રૂપિયા હતી.

કંપનીનું ઈબીઆઈટીડીએ માર્જિન સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં વધીને ૨૧.૬ ટકા થયું હતું, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૧૬.૫ ટકા હતું. આમ, માર્જિનમાં ૫૧૦ બેસિસ પોઈન્ટનો સુધારો થયો હતો.

વિવિધ વ્યવસાયોમાં પ્રદર્શન

એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સના ભારત સ્થિત બ્રાન્ડેડ બિઝનેસની આવક ત્રિમાસિક ગાળામાં ૭૨૫ કરોડ રૂપિયા રહી હતી, જે વાર્ષિક ધોરણે ૧૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આંતરરાષ્ટ્રીય વ્યવસાયમાં અમેરિકાના ફોર્મ્યુલેશન્સ વિભાગની આવક ૭૭ ટકા વધીને ૧,૦૦૩ કરોડ રૂપિયા થઈ હતી. આ ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીએ અમેરિકાના બજારમાં ત્રણ નવી પ્રોડક્ટ્સ લોન્ચ કરી હતી.

અમેરિકા સિવાયના આંતરરાષ્ટ્રીય વ્યવસાયમાં પણ વાર્ષિક ધોરણે ૧૨ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી અને આવક ૪૪૦ કરોડ રૂપિયા થઈ હતી. આ ઉપરાંત, ત્રિમાસિક ગાળા દરમિયાન એલેમ્બિકને એક એબ્રિવિયેટેડ ન્યૂ ડ્રગ એપ્લિકેશન (એએનડીએ)ની મંજૂરી મળી હતી. આ સાથે કંપનીને અત્યાર સુધી મળેલી એએનડીએ મંજૂરીની સંખ્યા વધીને ૨૪૫ થઈ છે.

કંપનીના એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ (એપીઆઈ) બિઝનેસની આવક વાર્ષિક ધોરણે ૩૯ ટકા વધીને ૪૩૬ કરોડ રૂપિયા થઈ હતી.

રીટ્સ : શ્રીલંકા રેલવેના રૂ. ૪૦૦ કરોડના કામોમાં સૌથી નીચી બોલીએ સફળતા મેળવી

નવી દિલ્હી: રેલવે મંત્રાલય હેઠળના જાહેર ક્ષેત્રના એકમ રીટ્સ લિમિટેડે શ્રીલંકા રેલવે દ્વારા બ્રોડગેજ ડીઝલ મલ્ટિપલ યુનિટ (ડીએમયુ) ટ્રેન સેટ્સના સપ્લાય માટે બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં સૌથી નીચી બોલી લગાવનાર (એલ-૧) તરીકે સ્થાન મેળવ્યું છે.

આ બિડનું અંદાજિત મૂલ્ય આશરે રૂપિયા ૪૦૦ કરોડ (૪૧.૪૫ મિલિયન અમેરિકી ડોલર) છે.

૨ નવેમ્બરની નિયમનકારી માહિતીમાં રીટ્સે શેરબજારોને જણાવ્યું હતું કે આ ટેન્ડર શ્રીલંકા રેલવે માટે બ્રોડગેજ ડીએમયુ ટ્રેન સેટ્સના સપ્લાય સાથે સંબંધિત છે. જોકે, ટેન્ડર દસ્તાવેજોમાં નિર્ધારિત જરૂરિયાતો અનુસાર શ્રીલંકા રેલવે દ્વારા બિડની ચકાસણી અને મૂલ્યાંકન કરવામાં આવશે. ત્યાર બાદ જ તેના પર અંતિમ નિર્ણય લેવાશે.

કંપનીના જણાવ્યા અનુસાર, લેટર ઓફ ક્રેડિટ (એલસી) ખોલવામાં આવ્યા બાદ કોન્ટ્રાક્ટ પૂર્ણ કરવા માટેનો પ્રસ્તાવિત સમયગાળો ૧૨ મહિનાનો છે.

આ કોન્ટ્રાક્ટને આંતરરાષ્ટ્રીય ઓર્ડર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે અને શ્રીલંકા રેલવે કોન્ટ્રાક્ટ આપનાર સંસ્થા છે. રીટ્સે સ્પષ્ટતા કરી છે કે પ્રસ્તાવિત કોન્ટ્રાક્ટ સંબંધિત પક્ષકારો વચ્ચેના વ્યવહાર હેઠળ આવતો નથી. ઉપરાંત, પ્રમોટર, પ્રમોટર ગ્રૂપ કે ગ્રૂપની કંપનીઓમાંથી કોઈનો પણ કોન્ટ્રાક્ટ આપનાર સંસ્થામાં હિતસંબંધ નથી.

આ વિકાસ રેલવે રોલિંગ સ્ટોક ક્ષેત્રમાં રીટ્સ માટે વધુ એક આંતરરાષ્ટ્રીય વ્યાપારી તક ઊભી કરે છે.

સંરક્ષણ શેર બીઈએલમાં ૪૨ ટકા સુધીનો ઉછાળો સંભવ : મોતીલાલ ઓસ્વાલ

ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (બીઈએલ)ના શેરમાં બુધવાર, ૪ નવેમ્બરે ૩ ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો. બ્રોકરેજ કંપની મોતીલાલ ઓસ્વાલે કંપનીના બીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો અને ભાવિ માર્ગદર્શન બાદ પોતાના અંદાજ યથાવત્ રાખીને શેરનો ટાર્ગેટ ભાવ વધાર્યો છે. મોતીલાલ ઓસ્વાલે બીઈએલના શેર માટે બાય રેટિંગ જાળવી રાખ્યું છે અને ટાર્ગેટ ભાવ અગાઉના ૫૩૦ રૂપિયાથી વધારીને શેરદીઠ ૫૪૦ રૂપિયા કર્યો છે. અગાઉના બંધ ભાવની સરખામણીમાં આ ટાર્ગેટ ભાવ ૪૨ ટકા સુધીના ઉછાળાની શક્યતા દર્શાવે છે. મોતીલાલ ઓસ્વાલના જણાવ્યા અનુસાર, બીઈએલની બીજા ત્રિમાસિક ગાળાની આવક, ઈબીઆઈટીડીએ અને કરવેરા બાદનો નફો (પીએટી) તેના અંદાજ કરતાં વધુ રહ્યો છે. પ્રોજેક્ટના વધુ સારા મિશ્રણને કારણે કંપનીનું ઈબીઆઈટીડીએ

ભારત ઈલેક્ટ્રોનિક્સના શેરમાં ૩ ટકાથી વધુનો ઉછાળો

માર્જિન પણ મજબૂત રહ્યું છે. બ્રોકરેજના જણાવ્યા અનુસાર, સંરક્ષણ મંત્રાલય તરફથી ઓર્ડર મળવાની પ્રક્રિયામાં હજુ નોંધપાત્ર વેગ આવ્યો ન હોવાથી કંપનીના નવા બેજ ઓર્ડરમાં ૩૧ ટકાનો ઘટાડો થયો છે. આશરે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાના મોટા ક્યૂઆરએસએએમ ઓર્ડરમાં વિલંબ થયો છે અને આગામી સીસીએસ બેઠકમાં આ ઓર્ડર મળવાની બીઈએલને આશા છે. આ ઉપરાંત, નવી પેઢીના કોર્વેટ યુદ્ધજહાજો માટે આશરે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનો મોટો ઓર્ડર મળવાની પણ કંપનીને અપેક્ષા છે. બ્રોકરેજના મતે, સંરક્ષણ મંત્રાલય દ્વારા કેટલાક પ્રોજેક્ટને આખરી મંજૂરી આપવામાં વિલંબ થયો છે, પરંતુ આગામી ત્રિમાસિક ગાળાઓમાં નવા ઓર્ડર મળવાની ગતિ વધશે તેવી અપેક્ષા છે. મોતીલાલ ઓસ્વાલનો અંદાજ છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬થી ૨૦૨૯ દરમિયાન બીઈએલની આવકમાં વાર્ષિક ચક્રવૃદ્ધિ દરે (સીએજીઆર) ૧૫ ટકાનો વધારો થશે. બીઈએલ માટેનો સુધારેલો ટાર્ગેટ ભાવ ડિસેમ્બર ૨૦૨૮ના અંદાજિત નાણાકીય આંકડાના ૪૫ ગણા મૂલ્યાંકનના આધારે નક્કી કરવામાં આવ્યો છે. બીઈએલે નાણાકીય વર્ષ ૨૦૨૭ માટેનું પોતાનું માર્ગદર્શન યથાવત્ રાખ્યું છે. કંપનીને આવકમાં ૧૫ ટકાની વૃદ્ધિ, વ્યાજ, કરવેરા, ઘસારા અને ઋણમુક્તિ પહેલાંનો નફો (ઈબીઆઈટીડીએ) માર્જિન ૨૮ ટકા રહેવાની અને ક્યૂઆરએસએએમ કાર્યક્રમ સહિત ૫૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના નવા ઓર્ડર મળવાની અપેક્ષા છે.

રેડિંગ્ટનના શેરમાં ૧૩ ટકાનો ઉછાળો કંપનીની આવક, નફો નવી ઊંચાઈએ

ટેક્નોલોજી પ્રોડક્ટ્સનું વિતરણ કરતી કંપની રેડિંગ્ટને નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં અત્યાર સુધીની સૌથી વધુ ત્રિમાસિક આવક નોંધાવી હતી. વિવિધ ભૌગોલિક બજારોમાં મજબૂત વૃદ્ધિ અને ઓપરેટિંગ કમાણીમાં સુધારાને પગલે કંપનીનાં પરિણામો જાહેર થયા બાદ બુધવારે તેના શેરમાં તેજી જોવા મળી હતી.

બીએસઈ પર કંપનીનો શેર ઈન્ટ્રાડે દરમિયાન ૩૬૨ રૂપિયાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જે દિવસના ૩૩૧ રૂપિયાના નીચા સ્તર કરતાં ૯.૪ ટકા વધુ હતો.

સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં રેડિંગ્ટનની આવક વાર્ષિક ધોરણે ૪૭.૭ ટકા વધીને ૪૨,૯૪૭ કરોડ રૂપિયા થઈ હતી. ગયા વર્ષના સમાન ગાળામાં કંપનીએ ૨૯,૦૭૫.૬ કરોડ રૂપિયાની આવક નોંધાવી હતી. કંપનીએ જણાવ્યું હતું કે કોઈપણ ત્રિમાસિક ગાળામાં નોંધાયેલી આ તેની અત્યાર સુધીની સૌથી વધુ આવક છે.પરિણામોના મુખ્ય સારાંશ અનુસાર, કરવેરા બાદનો નફો (પીએટી) ગયા વર્ષના ૩૫૦.૨ કરોડ રૂપિયાની સરખામણીએ ૨૦.૬ ટકા વધીને ૪૨૨.૫ કરોડ રૂપિયા થયો હતો. વ્યાજ, કર, ઘસારા અને અમોર્ટાઈઝેશન પહેલાંની કમાણી (ઈબીઆઈટીડીએ) પણ વાર્ષિક ધોરણે ૪૨.૧ ટકા વધીને ૮૪૦ કરોડ રૂપિયા થઈ હતી. ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં તે ૫૯૧ કરોડ રૂપિયા હતી. જોકે, ઈબીઆઈટીડીએ માર્જિન ગયા વર્ષના ૨ ટકાની સરખામણીએ થોડું ઘટીને ૧.૯૫ ટકા થયું હતું.

૨૦૪૭ સુધીમાં ભારતનો સોલર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ ૩૨ લાખ રોજગાર ઊભા કરી શકે, ૮૯ અબજ ડોલરનું રોકાણ આકર્ષી શકે: આઈએસએમએ

નવી દિલ્હી: ભારત ૨૦૪૭ સુધીમાં તેના સોલર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગને સંપૂર્ણ સંકલિત વૈશ્વિક કેન્દ્રમાં પરિવર્તિત કરી શકે છે. તેનાથી ૩૨.૩ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારનું સર્જન થઈ શકે છે તેમજ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ૮૯ અબજ ડોલરનું રોકાણ આકર્ષી શકાય છે. ઈન્ડિયન સોલર મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (આઈએસએમએ)ના મંગળવારે જાહેર થયેલા અહેવાલમાં આ અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

વિઝન ૨૦૪૭: પોલિસિલિકોનથી પાવર પ્લાન્ટ સુધી સોલર મેન્યુફેક્ચરિંગ શીર્ષક હેઠળના આ અહેવાલમાં ભારત માટે મોડ્યુલ એસેમ્બલીથી આગળ વધીને સમગ્ર સોલર વેલ્યુ ચેઈનમાં ઉત્પાદન ક્ષમતા ઊભી કરવાનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે. તેમાં પોલિસિલિકોન અને ઈન્ગોટ્સથી લઈને વેફર્સ, સેલ્સ અને મોડ્યુલ્સ સુધીના તમામ તબક્કાઓનો સમાવેશ થાય છે, એમ નિવેદનમાં જણાવાયું છે.



આ પરિવર્તનથી ભારતમાં ઉત્પાદિત થતા દરેક સોલર પેનલમાંથી સર્જાતા મૂલ્યનો મોટો હિસ્સો દેશમાં જ જાળવી રાખી શકાશે. સાથે જ વૈશ્વિક બજારમાં ભારતની સ્થિતિ પણ વધુ મજબૂત બનશે. વિઝન ૨૦૪૭ના રોડમેપ હેઠળ ૨૦૪૭ સુધીમાં ભારતમાં સ્થાપિત સોલર ક્ષમતા વધીને ૨,૨૭૫ ગીગાવોટ સુધી પહોંચી સોલર સ્થાપન ક્ષમતા અને નિકાસને પહોંચી વળવા ઉત્પાદનના દરેક તબક્કે ક્રમશઃ ક્ષમતા વધારવામાં આવશે.

આ વિસ્તરણથી રોજગારની મોટી તકો ઊભી થઈ શકે છે. વધીને ૧૧.૧ લાખ થઈ શકે છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે ૨૦૪૭ સુધીમાં પ્રત્યક્ષ મેન્યુફેક્ચરિંગ રોજગારીમાંથી લગભગ ૬૮ ટકા રોજગાર સેલ્સ, વેફર્સ અને પોલિસિલિકોન જેવા રોકાણની જરૂર પડી શકે છે. આ માટે ૨૦૨૭થી ૨૦૪૭ દરમિયાન દર વર્ષે સરેરાશ આશરે ૪.૩ અબજ ડોલરનું રોકાણ કરવું પડશે.

આ રોકાણમાંથી લગભગ ૭૦ ટકા હિસ્સો પોલિસિલિકોન, વેફર્સ

ભારત ૨૦૪૭ સુધીમાં સોલર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગને સંપૂર્ણ સંકલિત વૈશ્વિક કેન્દ્રમાં પરિવર્તિત કરી શકે છે, એમ મંગળવારે જાહેર થયેલા આઈએસએમએના અહેવાલમાં જણાવાયું છે

શકે છે. આ માટે મોડ્યુલ્સમાં ૩,૨૬૬ ગીગાવોટ, સેલ્સમાં ૨,૭૯૬ ગીગાવોટ, ઈન્ગોટ્સ અને વેફર્સમાં ૨,૪૭૯ ગીગાવોટ તથા પોલિસિલિકોનમાં ૨,૧૫૬ ગીગાવોટની સમકક્ષ ઉત્પાદન ક્ષમતા ઊભી કરવાની યોજના છે.

અહેવાલમાં અંદાજ વ્યક્ત કરાયો છે કે આગામી એક દાયકામાં સમગ્ર ઉત્પાદન શ્રૃંખલા દેશની સ્થાનિક માગ પૂરી કરી શકશે. ભારતની વધતી જતી મેન્યુફેક્ચરિંગ સાથે સંકળાયેલી કુલ રોજગારી હાલમાં આશરે ૪.૧ લાખ છે, જે ૨૦૩૦ સુધીમાં વધીને ૮.૧ લાખ અને ૨૦૪૭ સુધીમાં ૩૨.૩ લાખ થઈ શકે છે.

સોલર પીવી મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સમાં પ્રત્યક્ષ રોજગારીની સંખ્યા પણ આશરે ૧.૪ લાખથી

ભારતમાં સ્થાપિત સોલર ક્ષમતા વધીને ૨,૨૭૫ ગીગાવોટ સુધી પહોંચી શકે

પ્રારંભિક ઉત્પાદન તબક્કાઓમાં સર્જાઈ શકે છે. આ બાબત દેશમાં ઊંડાણપૂર્વકની ઉત્પાદન ક્ષમતા વિકસાવવાનું વધતું મહત્ત્વ દર્શાવે છે. અહેવાલ મુજબ, વિઝન રોડમેપ હેઠળ ૨૦૪૭ સુધીમાં સોલર પીવી મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં આશરે ૮૯ અબજ ડોલરના નવા અને સેલ્સના ઉત્પાદન ક્ષેત્રમાં આવવાની અપેક્ષા છે.

પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજનાએ જૂન ૨૦૨૬ સુધીમાં આશરે ૮.૪ અબજ ડોલરનું રોકાણ આકર્ષ્યું છે. આ યોજના હેઠળ પ્રોત્સાહન પેટે ખર્ચવામાં આવતા દરેક એક ડોલરની સામે ખાનગી ક્ષેત્રનું આશરે ચાર ડોલરનું રોકાણ આવ્યું છે.

દેશમાં વધુ મજબૂત મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ ઊભી થવાથી આયાતી સોલર ઘટકો પર ભારતની નિર્ભરતામાં પણ નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે.

અહેવાલમાં અંદાજ છે કે વિઝન ૨૦૪૭ના રોડમેપ હેઠળ ભારતનું વાર્ષિક સોલર આયાત બિલ હાલમાં આશરે ૪.૪ અબજ ડોલર છે, જે ૨૦૪૧ સુધીમાં શૂન્ય થઈ શકે છે. આ ઉપરાંત, ૨૦૪૭ સુધીમાં વૈશ્વિક સોલર મોડ્યુલ સપ્લાયમાં ભારતનો હિસ્સો વધીને ૨૬.૫ ટકા થઈ શકે છે. હાલની નીતિ મુજબ ૨૦૩૦ સુધીમાં આ હિસ્સો આશરે ૫.૯ ટકા રહેવાનો અંદાજ છે.

આઈએસએમએના મહામંત્રી અમિત મનોહરે જણાવ્યું હતું કે, આ મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય હાંસલ કરવા માટે નીતિગત સમર્થન સતત જાળવી રાખવું, માગનું સુનિશ્ચિત આયોજન કરવું, પ્રારંભિક ઉત્પાદન ક્ષેત્રોમાં રોકાણ વધારવું અને વૈશ્વિક બજારમાં ભારતની સ્પર્ધાત્મકતા મજબૂત કરવાના પ્રયાસો ચાલુ રાખવા જરૂરી છે.

અહેવાલમાં આ લક્ષ્ય હાંસલ કરવા માટે નીતિગત સ્પષ્ટતા, સ્થાનિક માગ સતત જળવાઈ રહે અને મેન્યુફેક્ચરિંગ કાર્યક્રમોનો સમયસર અમલ થાય તેને મહત્ત્વપૂર્ણ ગણાવવામાં આવ્યા છે.

તેમાં એપ્રૂવ્ડ લિસ્ટ ઓફ મોડલ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ (એએલએમએમ) હેઠળ નિર્ધારિત સમયમર્યાદાનું ચુસ્તપણે પાલન કરવા, પીએલઆઈ આધારિત પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા, રૂફટોપ સોલર અને કૃષિ ક્ષેત્રમાં સોલર ઊર્જાના ઉપયોગના કાર્યક્રમોનો વ્યાપ વધારવા તેમજ પ્રારંભિક ઉત્પાદન ક્ષેત્રોમાં રોકાણને વેગ આપવાની ભલામણ કરવામાં આવી છે.

પ્રભાત

વિમાની કંપનીઓ ભાડા વધારી વધુ નફો લેવાની વૃત્તિ ન રાખે

હવાઇ ભાડામાં મર્યાદા નક્કી કરવાનો સરકારનો નિર્ણય એક હદ સુધી એટલે સમજી શકાય છે કે, કારણ કે, વિમાની સેવાઓનું સંચાલન મોંઘુ તથા જોખમી કારોબાર છે. ઇંધણ, વિમાનની દેખરેખ, કર્મચારીઓ તથા સંચાલન સાથે જોડાયેલા વિવિધ ખર્ચાઓ, વધતી પડતર કિંમતો આ બધી વસ્તુઓનો જો સરવાળો કરવામાં આવે તો વિમાની કંપનીઓ દ્વારા મુસાફરીના દરમાં વધારો કરવામાં આવે છે. પરંતુ આ બાબતમાં નફાની પણ એક મર્યાદા રાખવી જરૂરી છે. તહેવારો તથા રજાઓ વગેરેના સમયમાં જ્યારે હવાઇ મુસાફરી કરવાવાળાની સંખ્યામાં વધારો છાય છે અને હવાઇ જહાજમાં બેઠકો સિમિત રહેતા વિમાની કંપનીઓ દ્વારા મુસાફરીના દરમાં વધારો કરવામાં આવે છે.

જ્યારે સામાન્ય દિવસોની સરખામણીમાં તહેવારો દરમ્યાન હવાઇ મુસાફરીમાં જે તોતિંગ ભાડામાં વધારો થાય છે તો આ બાબતને કેવી ગણાવી શકાય? સુપ્રિમ કોર્ટમાં ૭૦૦ ટકા હવાઇ ભાડા વધ્યાની ફરિયાદ વાળી અરજીથી એક બાબત સ્પષ્ટ છે કે, આ વાત કહેવી યોગ્ય નહી હોય કે, હવાઇ મુસાફરી કરનારાઓની માંગ વધુ છે આથી ટિકિટના દરમાં વધારો કર્યો છે. નવી વ્યવસ્થામાં સરકારે સામાન્ય સ્થિતિમાં ભાડામાં વધારો કે ઘટાડો કરવો તે બાબત બજાર પર છોડી છે. પરંતુ સરકારે અસાધારણ સ્થિતિમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર રાખ્યો છે.

આથી પ્રશ્ન આ ન હોવો જોઇએ કે વિમાની કંપનીઓને નુકસાન કરતી અટકાવવી જરૂરી છે ત્યારે બીજી તરફ હવાઇ મુસાફરોને અસાધારણ નફાખોરીથી કોણ બચાવશે? જો વિમાની કંપની દ્વારા ભાડામાં વધારો કરવામાં આવશે તો વાસ્તવિક પડતર કેટલી વધી અને તેની સામે વિમાનનું સંચાલન કરતી કંપનીઓનો નફો કેટલો વધ્યો આ પ્રશ્ન કોણ પૂછશે? આ એ બાબત છે જેને આપણે બજારને આઝાદી આપવાના નામ પર લગભગ પ્રશ્ન પૂછવાનું મુલત્વી રાખ્યું છે. ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓના ઇલાજની કિંમત, ખાનગી શાળામાં વિદ્યાર્થીઓ પાસેથી વસુલવામાં આવતી બેફામ ફી, વિજળી કંપની દ્વારા ગ્રાહકો પાસેથી લેવાતી વીજ બીલની રકમ, તેમનો થતો ખર્ચ અને કેટલો નફો થાય છે તેવો પ્રશ્ન પુછવાનો લગભગ અધિકાર ગુમાવી દિધો છે.

આ તર્ક યોગ્ય છે કે, જે ધંધો કરે છે તેને નુકસાન થવું જોઇએ નહીં. પરંતુ તે પછી આ પ્રશ્ન પૂછવો જરૂરી છે કે, કંપની દ્વારા ગ્રાહકો પાસેથી કેટલા ટકા નફો લેવામાં આવે છે? બજારનો સ્વભાવ એવો હોય છે કે, દરેકને વધુમાં વધુ નફો રળવો હોય છે દિલ્હીમાં વિજળી કંપનીઓના ખાતા તથા પડતરની તપાસમાં જે ચર્ચા થઇ હતી તેમાં આ પ્રશ્ન વિશે ચર્ચા થઇ હતી વપરાશકર્તાઓ પાસેથી વસુલતી રકમમાં વાસ્તવિક પડતર કેટલી છે? યોગ્ય રિર્ટન કેટલું છે તથા વધારાના દરો કયા છે. આવા મામલામાં ઓડિટ તથા પારદર્શક કારોબાર સિસ્ટમની વિરૂધ્ધ નથી પરંતુ એ બાબત નિશ્ચિત કરવાની રીત છે જે બજારમાં સ્પર્ધા તથા નફો રળવાની આઝાદીને વપરાશકર્તા પાસેથી શોષણમાં તબદીલ ન થાય પ્રશ્ન આ છે કે, સરકાર દ્વારા પડતરની પારદર્શકતા, ઉચિત રિર્ટન, અસાધારણ માર્જિન, તથા અચાનક વધારવામાં આવતા ભાડા વચ્ચે જે સંબધ છે તેની તપાસ કરવામાં કે આવતી નથી? જો કોઇ વિમાનના રૂટ પર ૩૦ ટકા પડતર વધે તો ભાડુ ૭૦૦ ટકા સુધીનું વધે છે. ત્યારે જે અંતર છે તે બાબતનો હિસાબ લેવો જરૂરી છે અસાધારણ ભાડા વધારાની સ્થિતિમાં સરકાર હસ્તક્ષેપ કરે તો સરકારની પરીક્ષા માત્ર ઉપલબ્ધ બેઠકો તથા વધેલી માંગ પૂરતી નથી પરંતુ અસામાન્ય મૂલ્ય વૃદ્ધિ અને તેની પાછળ જે નફો કરવામાં આવે છે તેની તપાસ કરવી જોઇએ. બજારને કિંમત નક્કી કરવાની આઝાદી આપવી જોઇએ પરંતુ કિંમત પાછળ છુપાયેલા નફાનો હિસાબ માંગવાનો અધિકાર વપરાશકર્તાઓ પાસેથી છીનવી લેવો જોઇએ નહીં.

બીજી તરફ હવાઇ મુસાફરી કરવાવાળાઓએ દેશની અંદર કોઇ એક સ્થળે જવા માટે ઓછામાં ઓછા ૬ અઠવાડિયા પહેલા અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ માટે ૩ મહિના પહેલા ટિકિટ બુક કરાવવી ફાયદાકારક છે. ફ્લાઇટની તારીખ નજીક આવતા ડાયનેમિક પ્રાઇસિંગના કારણે ભાડા વધી જાય છે. હવાઇ મુસાફરોએ મુસાફરી કરવા માટે અઠવાડિયાના વચલા દિવસો નક્કી કરવા જોઇએ કારણ કે, શુક્રથી રવિવાર સુધીમાં ભાડા વધુ લેવામાં આવતા હોય છે મોડી રાતની અથવા વહેલી સવારની ફ્લાઇટના દર સામાન્ય રીતે ઓછા હોય છે મુસાફરોએ એર લાઇનની લિમિટ મુજબ સામાન રાખવો જોઇએ જેથી એરપોર્ટ પર એક્સેસ બેગેજ ચાર્જ ચૂકવવો ન પડે. ટિકિટ બુક કરતી વખતે ઓટો સિલેકટ થતી પેઇડ સીલ, ભોજન કે ટ્રાવેલ ઇન્સ્યોરન્સ જરૂર ન હોય તો ન લેવો જોઇએ બુકિંગ કરતી વેળાએ બેન્ક ક્રેડિટ, ડેબિટ કાર્ડ્સ પ્રોમો કોડ અથવા વોલેટ ઓફર્સનો ઉપયોગ કરીને કેશબેક કે ડિસ્કાઉન્ટ મેળવી શકાય છે જે એરલાઇનમાં વારંવાર મુસાફરી કરવી પડતી હોય તેના મેમ્બરશિપ કાર્યક્રમમાં જોડાવવું જોઇએ જેથી પોઇન્ટ્સ રિડીમ કરીને સસ્તી ટિકીટ મળી શકે છે. ફ્લાઇટ કેન્સલ થવા કે મોડી પડવાના કિસ્સામાં રિફંડ અને વળતર અંગેના સરકારના નિયમોથી વાકેફ રહેવું જોઇએ તહેવારો કે, કુદરતી આપત્તી વેળા જો વિમાની કંપની વધુ ભાડુ વસુલેતો ડીજીસીએ અથવા ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ થઇ શકે છે.

વિમાની કંપનીઓએ નફો વધારે લેવાની અથવા ભાડા ઊંચા રાખવાની વૃત્તિ ધરાવે છે. તેની પાછળનું મુખ્ય કારણ આ ઉદ્યોગનું જટિલ અને જોખમી આર્થિક માળખું છે. સામાન્ય ગ્રાહકોને ટિકિટ મોંઘી લાગે છે પરંતુ વાસ્તવિકતા આ છે કે, મોટાભાગની એરલાઇન્સનો ચોખ્ખો નફો ૫ ટકા જેટલો હોય છે કંપનીઓ નફો વધારવા કે કમાણી કરવા જે પ્રયાસો કરે છે તેના મુખ્ય કારણોમાં વિમાનો ખરીદવા કે લીઝ પર લેવા, તેનું મેઇન્ટેનન્સ કરવું, પાઇલટ અને ક્રૂ મેમ્બર્સનો પગાર, એરપોર્ટ પર પાર્કિંગ અને લેન્ડીંગ ચાર્જ ચૂકવવા પાછળ અબજો રૂપિયાનો ખર્ચ થાય છે. ફ્લાઇટમાં ૧૦ અથવા ૧૦૦ મુસાફરો હોય પરંતુ વિમાની કંપનીઓ માટે ખર્ચ સરખો રહે છે આથી કંપનીઓ વધુ આવક મેળવવા પ્રપયત્ન કરે છે. એરલાઇનના કુલ સંચાલન ખર્ચમાંથી ૪૦ ટકા ભાગ એવિએશન ટર્બાઇન ફ્યુઅલમાં જાય છે. કાચા તેલના આંતરરાષ્ટ્રીય ભાવ સતત બદલાય છે જ્યારે ઇંધણ મોંઘુ થાય ત્યારે આર્થિક નુકસાનીથી બચવા કંપનીઓ ટિકીટના ભાવ વધારે છે. એરલાઇન માટે વિમાનની બેઠક એવી પ્રોડકટ છે જે ટેક ઓફ થવાની સાથે શૂન્ય થાય છે.

સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની પહોંચ વધુ સુદૃઢ બનાવવા ધન્વંતરી આરોગ્ય રથ અને મોબાઈલ હેલ્થ યુનિટની ટીમોને તાલીમ અપાઈ

હિંમતનગર,તા.૦૪



સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ, આદિવાસી અને છેવાડાના વિસ્તારોમાં વસતા નાગરિકોને તેમના ઘરઆંગણે ગુણવત્તાયુક્ત અને સુલભ આરોગ્ય સેવાઓ મળી રહે તેવા સરકારશ્રીના અભિગમને વધુ અસરકારક રીતે સાકાર કરવા આરોગ્ય વિભાગ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં ધન્વંતરી આરોગ્ય રથ, મોબાઈલ હેલ્થ યુનિટ અને બાઈક મોબાઈલ હેલ્થ યુનિટ જેવી આરોગ્યલક્ષી સેવાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.""

આ સેવાઓના ફિલ્ડ લેવલ પરના અમલીકરણને વધુ અસરકારક, ગુણવત્તાયુક્ત અને પરિણામલક્ષી બનાવવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત હિંમતનગર ખાતે ગ્રીન હેલ્થ સર્વિસની ધન્વંતરી આરોગ્ય રથ, મોબાઈલ હેલ્થ યુનિટની ટીમો તેમજ બોન્ડેડ મેડિકલ ઓફિસરો માટે એક સઘન તાલીમ સત્રનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ દરમિયાન જિલ્લાના આરોગ્ય શાખાના વિવિધ અધિકારીશ્રીઓ દ્વારા આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલા મહત્વપૂર્ણ વિષયો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં સામાન્ય આરોગ્ય સેવાઓ, માતૃ અને બાળ કલ્યાણ, પરિવાર કલ્યાણ, ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (IDSP), નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ (NVBDCP), બિનચેપી રોગો (NCD), ક્વોલિટી એશ્યોરન્સ, સિકલ સેલ રોગ નિયંત્રણ, રક્તદાન સહિતના વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો."તાલીમમાં માત્ર કાર્યક્રમોની માહિતી જ નહીં, પરંતુ ફિલ્ડ લેવલ પર આરોગ્ય સેવાઓનું અસરકારક આયોજન, લાભાર્થીઓ સુધી સમયસર સેવાઓ પહોંચાડવી, રોગોની વહેલી ઓળખ, યોગ્ય માર્ગદર્શન, રેફરલ સેવાઓ, આરોગ્યલક્ષી રેકોર્ડની જાળવણી તેમજ સરકારશ્રીના વિવિધ આરોગ્ય કાર્યક્રમોનું સુચારુ અમલીકરણ થાય તે બાબતો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લામાં એપ્રિલ ૨૦૨૬થી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન મોબાઈલ આરોગ્ય સેવાઓ દ્વારા "મોબાઈલ હેલ્થ યુનિટઃ પોશીના, ચિઠોડા, મુડેટી અને ઈડર ખાતે કાર્યરત યુનિટ દ્વારા કુલ ૫૬,૯૨૯ દર્દીઓ, "ધન્વંતરી આરોગ્ય રથઃ હિંમતનગર, ઈડર, પ્રાંતિજ અને ખેડબ્રહ્મા ખાતે કાર્યરત આરોગ્ય રથ દ્વારા કુલ ૬૯,૫૯૧ દર્દીઓ અને બાઈક મોબાઈલ હેલ્થ યુનિટઃ પોશીના અને વિજયનગરના અંતરિયાળ વિસ્તારોમાં કાર્યરત યુનિટ દ્વારા કુલ ૭,૯૯૫ દર્દીઓને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી છે. ""આમ, માત્ર સાત મહિનાના સમયગાળામાં કુલ ૧,૩૪,૫૧૫ દર્દીઓને વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ મળ્યો છે. આ સેવાઓ અંતર્ગત જરૂરિયાત મુજબ પ્રાથમિક આરોગ્ય તપાસ, સારવાર, લેબોરેટરી તપાસ સહિતની આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

ખાસ કરીને પોશીના અને વિજયનગર જેવા અંતરિયાળ તથા આદિવાસી વિસ્તારોમાં જ્યાં ભૌગોલિક પરિસ્થિતિ અને અંતરના કારણે આરોગ્ય સંસ્થાઓ સુધી પહોંચવામાં મુશ્કેલી પડતી હોય છે, ત્યાં મોબાઈલ હેલ્થ યુનિટ અને બાઈક મોબાઈલ હેલ્થ યુનિટ આરોગ્ય સેવાઓને લોકોના ઘરઆંગણે પહોંચાડવાનું મહત્વપૂર્ણ માધ્યમ બની રહ્યાં છે.""આ તાલીમ સત્રમાં કો-ઓર્ડિનેટર તરીકેઁ ડૉ. રાકેશ પાંડે તથા ઁઝ ડૉ. નિકિતા સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા. "આ તાલીમ સત્રનો મુખ્ય ઉદ્દેશ્ય આરોગ્ય સેવાઓ સાથે જોડાયેલી તમામ ટીમોની કાર્યક્ષમતા અને ટેકનિકલ ક્ષમતામાં વધારો કરી, સરકારી આરોગ્ય કાર્યક્રમોનો લાભ છેવાડાના માનવી સુધી વધુ અસરકારક રીતે પહોંચાડવાનો હતો."

દિવાળી પહેલાં સુરેન્દ્રનગરમાં ફટાકડા બજારમાં મંદી, ૧૫થી ૨૦ ટકા ભાવવધારાની અસર

સુરેન્દ્રનગર,તા.૦૪



સુરેન્દ્રનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોની બજારોમાં ફટાકડાની ખરીદીમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે સલ્ફર, એલ્યુમિનિયમ અને સોડિયમ નાઈટ્રેટ પાવડરના ભાવમાં વધારો થતાં ફટાકડાના ભાવમાં પણ ગત વર્ષની સરખામણીએ અંદાજે ૧૫%થી ૨૦%નો વધારો થયો છે. જેના કારણે ફટાકડાની ઘરાકી પર અસર જોવા મળી રહી છે.દિવાળી એટલે હર્ષોલ્લાસ અને આનંદનું પર્વ. પરંપરાગત રીતે નાના ભૂલકાઓથી લઈને યુવાનો અને મોટેરાઓ ફટાકડા ફોડીને દિવાળીની ઉજવણી કરતા હોય છે. જોકે, દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સુરેન્દ્રનગર શહેરની બજારોમાં ગત વર્ષની સરખામણીએ ફટાકડાની ખરીદી માટે ઓછી ભીડ જોવા મળી રહી છે.ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ફટાકડાના ભાવમાં ૧૫%થી ૨૦%નો વધારો થયો છે. ખાસ કરીને ફટાકડાના ઉત્પાદનમાં વપરાતા સલ્ફર, એલ્યુમિનિયમ અને સોડિયમ નાઈટ્રેટ પાવડરના ભાવમાં વધારો થતાં ફટાકડા પણ મોંઘા થયા છે. ભાવવધારાની અસર ફટાકડાના બજાર પર જોવા મળી રહી છે. શહેરની વર્ષો જૂની હોલસેલ ફટાકડાની દુકાનોમાં ખરીદીમાં મંદી હોવાથી વેપારીઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે.દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને વેપારીઓએ લાખો રૂપિયાની કિંમતના ફટાકડાનો સ્ટોક કરી લીધો છે, પરંતુ હજુ સુધી ધારણા પ્રમાણે ઘરાકી ન નીકળતાં ફટાકડાનો જથ્થો પડ્યો રહેવાની ભીતિ તેમને સતાવી રહી છે.

બીજી તરફ, ભાવવધારાને કારણે લોકો ફટાકડાની ખરીદી કરી રહ્યા છે, પરંતુ પોતાના બજેટને ધ્યાનમાં રાખીને મર્યાદિત ખરીદી કરતા જોવા મળી રહ્યા છે.દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ચાઈનીઝ ફટાકડા પર પ્રતિબંધ હોવાથી બજારમાં મોટાભાગે તેનું વેચાણ જોવા મળતું નથી. લોકો પણ હોલસેલ તેમજ વર્ષો જૂની ફટાકડાની દુકાનોમાંથી ખરીદી કરવાનું પસંદ કરી રહ્યા છે. દર વર્ષે દિવાળીના તહેવાર નિમિત્તે ફટાકડાની અવનવી વેરાયટી બજારમાં આવતી હોય છે. ચાલુ વર્ષે પણ સ્કાય શોટ, ટેંક, તલવાર, મોર અને બતક જેવી નવી વેરાયટી આકર્ષણનું કેન્દ્ર બની છે. લોકો આ વેરાયટીની પણ ખરીદી કરી રહ્યા છે.હાલ ફટાકડાની ખરીદીમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે, પરંતુ દિવાળીના અંતિમ દિવસોમાં સારી ઘરાકી નીકળશે અને બજારમાં તેજી આવશે તેવી વેપારીઓ આશા રાખી રહ્યા છે.

મહેસાણામાં વીમા ક્લેમની ઠગાઈનો પર્દાફાશ

મહેસાણા, તા.૦૪

ફરિયાદ મુજબ, તા.૬-૬-૨૦૧૯ના રોજ બપોરના સમયે અહેમદભાઈ રમઝાનમીયા સિન્ધી મહેસાણા-નંદાસણ હાઈવે પર મંડાલી ગામ નજીક હાઈવે પર સર્વિસમાં મુકેલી આઈશર ગાડી લેવા ગયા હતા. પરંતુ ગાડી તૈયાર થયેલી ન હોવાથી તેઓ સામેની સહારા હોટલમાં ચા-પાણી કરવા હાઈવેના સર્વિસ રોડ પરથી ચાલતા જતા હતા ત્યારે રોંગ સાઈડમાંથી પૂરઝડપે આવી રહેલી એક નેનો કારના ચાલકે અહેમદભાઈને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત અંગે લાંઘણજ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. ત્યારબાદ ભોગ બનનારે વળતર મેળવવા માટે પાટણની મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. આ કેસમાં નેનો કારના માલિક હસમુખજી ગોપાલજી રાજપૂત (રહે.મહેસાણા) દ્વારા ખાનગી કંપનીની વીમા પોલીસી રજૂ કરવામાં આવી હતી. ટ્રીબ્યુનલ તરફથી સમન્સ મળ્યા બાદ ઈન્સ્યો. કંપનીએ પોતાના ડેટાબેઝમાં તપાસ કરતાં ખુલાસો થયો હતો કે, રજૂ કરાયેલી પોલીસી નેનો કારના માલિકના નામે નહીં પરંતુ મહિન્દ્રા સ્કોર્પિયો ગાડી ધરાવતા અન્ય વ્યક્તિના નામે ઈસ્યૂ થયેલી હતી અને પોલિસીનો પિરિયડ પણ જૂદો હતો.

કંપની સાથે છેતરપિંડી આચરી નાણાં પડાવવાના બદઈરાદાથી સ્કોર્પિયોની પોલીસીમાં છેડછાડ અને એડિટિંગ કરી નેનો કારની તદ્દન ખોટી તથા બનાવટી પોલીસી તૈયાર કરાઈ હોવાનું સામે આવ્યું હતું. એમએસીટી સીટ ગાંધીનગર એસઓજીની તપાસમાં સામે આવ્યું કે, વાહનની આરસી બુક અને ટ્રાન્સફર પ્રક્રિયાના નામે અમદાવાદના શાહપુર ખાતે રહેતા એજન્ટ પ્રવિણભાઈ રામસંગજી ઠાકોરે આ નકલી પોલીસી તૈયાર કરી ગાડી માલિકને સોંપી હતી. આ અંગે કંપનીના સિનિયર મેનેજર સંદિપકુમાર ચિટપોલે લાંઘણજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે પ્રવિણભાઈ ઠાકોર સામે છેતરપિંડી અને ખોટા દસ્તાવેજ બનાવવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરમાં તસ્કરોનો તરખાટ

તરસાલીના શરદનગરમાં બંધ મકાનનું તાળું તોડી રૂ. ૮.૪૬ લાખની ચોરી

પ્રતિનિધિ દ્વારા

વડોદરા,તા.૦૪

દિવાળીના તહેવાર દરમિયાન લોકો પરિવાર સાથે બહારગામ ગયા હોવાનો લાભ ઉઠાવી વડોદરામાં તસ્કરોએ ચોરીની બે ઘટનાઓને અંજામ આપ્યો છે. શહેરના તરસાલી અને દંતેશ્વર વિસ્તારમાં બંધ મકાનોને નિશાન બનાવી અજાણ્યા ચોરો સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત લાખોની મત્તા ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.

બંને બનાવોમાં કુલ મળીને આશરે રૂ. ૮.૯૧ લાખની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. ઘટનાઓને પગલે સ્થાનિક વિસ્તારોમાં ચિંતાનો માહોલ છે.તરસાલીના શરદનગર સોસાયટીમાં સાંઈબાબા મંદિરની પાછળ રહેતા અને વાઘોડિયા ખાતે ટાયર રિસાયકલિંગનો વ્યવસાય ધરાવતા ૩૬ વર્ષીય અર્પિત રમેશચંદ્ર સોની ૩૦ ઓક્ટોબરની સવારે પરિવાર સાથે ઘર બંધ કરીને મુંબઈ એક પ્રસંગમાં ગયા હતા.

દરમિયાન ૧ નવેમ્બરની સવારે તેમના પાડોશી શ્યામભાઈએ ફોન કરીને ઘરના મુખ્ય દરવાજાનું તાળું અને નકુચો તૂટેલો હોવાની જાણ કરી હતી. મુંબઈથી પરત ફર્યા બાદ અર્પિત સોનીએ ઘરમાં તપાસ કરતાં ચોરી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું.

તસ્કરો ઘરમાંથી આશરે ૧૩ ગ્રામ સોનાના દાગીના, જેની કિંમત રૂ. ૧.૯૪ લાખ જેટલી થાય છે, તેમજ વેપારના કામકાજ માટે બેંકમાંથી ઉપાડીને રાખેલા રૂ. ૬.૫૨ લાખ રોકડા ચોરી ગયા હતા. આમ, આ એક જ મકાનમાંથી કુલ રૂ. ૮.૪૬ લાખની મત્તા ચોરાઈ હતી.

ચોરીની બીજી ઘટના દંતેશ્વરના બજરંગનગર વિસ્તારમાં બની હતી. અહીં રહેતા અને HDFC બેંકમાં નોકરી કરતા વિજયકુમાર નંદલાલ જગતાપના પરિવારજનો ૩૦ ઓક્ટોબરે ઘર બંધ કરીને તરસાલી ખાતે રોકાવા ગયા હતા.

આ દરમિયાન ૩૦ ઓક્ટોબરની રાતથી ૩૧ ઓક્ટોબરની વહેલી સવાર વચ્ચે અજાણ્યા તસ્કરોએ તેમના મકાનના દરવાજાનું તાળું અને નકુચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડરૂમમાં રાખેલી તિજોરીનું લોકર તોડીને રૂ. ૩૫,૨૮૫ની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રૂ. ૧૦,૦૦૦ રોકડા મળી કુલ રૂ. ૪૫,૨૮૫ની ચોરી કરી હતી.

આ ઉપરાંત, બાજુમાં આવેલા મકાન નંબર છ-પ૬માં રહેતા હરીશભાઈ રાજપૂતના મકાનમાં પણ ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. જોકે, ત્યાંથી કેટલી મત્તા ચોરાઈ તેની વિગતો સ્પષ્ટ થઈ નથી.દિવાળીના તહેવાર દરમિયાન અનેક પરિવારો બહારગામ જતા હોવાથી બંધ મકાનો તસ્કરો માટે સરળ નિશાન બની રહ્યાં છે. તરસાલી અને દંતેશ્વરમાં બનેલી ઘટનાઓએ રાત્રિ પેટ્રોલિંગ અને સોસાયટી વિસ્તારોની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે.પોલીસે બંને ઘટનાઓ અંગે તપાસ હાથ ધરી છે. ચોરોને ઝડપી પાડવા માટે આસપાસના વિસ્તારોના ઝઝ્ફ ફૂટેજ અને અન્ય પુરાવાઓની તપાસ મહત્ત્વપૂર્ણ બની રહેશે.દિવાળી જેવા તહેવારોમાં બહારગામ જતી વખતે ઘરનાં તાળાં, સુરક્ષા વ્યવસ્થા અને કિંમતી વસ્તુઓની સલામતી અંગે ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. પડોશીઓને જાણ કરવી, CCTV અને સુરક્ષા ઉપકરણો કાર્યરત રાખવાં તથા લાંબા સમય સુધી ઘર બંધ રહેવાનું હોય તો સ્થાનિક પોલીસને જાણ કરવી ઉપયોગી બની શકે છે.

ધડ કબ્રસ્તાનમાં તો માથું રેલવે ટ્રેક પાસે ફેંક્યું

સુરતમાં પૈસાની લેતી-દેતીમાં મિત્રએ કરી મિત્રની ઘાતકી હત્યા

સુરત,તા.૦૪

સુરત શહેરના કતારગામ વિસ્તારમાં માનવતાને હચમચાવી નાખતી હત્યાની ઘટના સામે આવી છે. ગોટાલાવાડી ચાર રસ્તા નજીક આવેલા ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી માથા વગરનો અને નગ્ન હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ સંજય તરીકે થઈ છે. પોલીસ તપાસમાં આશરે રૂ.૩૦ હજારની નાણાકીય લેતી-દેતીના વિવાદમાં સંજયની તેના જ મિત્ર દ્વારા હત્યા કરવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. આ મામલે એક આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, કતારગામના ગોટાલાવાડી વિસ્તારમાં આવેલા ખ્રિસ્તી કબ્રસ્તાનમાં રાત્રિના સમયે એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ નગ્ન હાલતમાં હતો અને તેનું માથું ગાયબ હતું. ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા FSL અને ડોગ સ્કવોડની મદદથી તપાસ હાથ ધરવામાં આવી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન મૃતકનું માથું અશ્વનિકુમાર રેલવે ટ્રેક નજીકથી મળી આવ્યું હતું. શરીર અને માથું અલગ-અલગ સ્થળેથી મળી આવતાં હત્યાનો મામલો હોવાનું સ્પષ્ટ થયું હતું. ત્યારબાદ પોલીસે મૃતકની ઓળખ અને હત્યા પાછળનું કારણ શોધવા તપાસ તેજ કરી હતી.

તપાસમાં મૃતકની ઓળખ સંજય તરીકે થઈ હતી. સંજય મૂળ ઓરિસ્સાનો વતની હતો અને સુરતના કાંસાનગર વિસ્તારમાં આવેલા એક સંચા ખાતામાં કામ કરતો હતો. અહીં તેની સાથે સચેન્દ્ર નામનો વ્યક્તિ પણ કામ કરતો હતો. પ્રાથમિક તપાસ મુજબ, સંજયે સચેન્દ્ર પાસેથી આશરે રૂ.૩૦ હજાર ઉછીના લીધા હતા. આ નાણાંની પરત ચુકવણીને લઈને બંને વચ્ચે વિવાદ થયો હોવાનું સામે આવ્યું છે. ત્યારબાદ સચેન્દ્ર પોતાના પુત્ર સાથે બાઈક પર સંજયને કારખાનેથી પોતાના ઘરે લઈ ગયો હતો.પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, સચેન્દ્રએ પોતાની પત્ની સાથે મળીને સંજયની હત્યા કરી હોવાનો આરોપ છે. ત્યારબાદ મૃતકની ઓળખ છુપાવવાના ઈરાદે મૃતદેહનું માથું અને ધડ અલગ-અલગ સ્થળે ફેંકવામાં આવ્યાં હોવાની આશંકા છે. ધડ કબ્રસ્તાનમાં અને માથું અશ્વનિકુમાર રેલવે ટ્રેક નજીક ફેંકવામાં આવ્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સમગ્ર મામલે એક આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

મારી પુત્રી રાહા મારા જીવનનો સૌથી મોટો પ્રકાશ છે : રણબીર કપૂર

મુંબઈ,તા.૦૪

બોલીવુડ અભિનેતા રણબીર કપૂર આ દિવસોમાં તેની આગામી ફિલ્મ ''રામાયણ'' ને લઈને સતત ચર્ચામાં છે. તે ફિલ્મમાં ભગવાન રામની ભૂમિકા ભજવતો જોવા મળશે, અને તે તેની કારકિર્દીના સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાંનો એક માનવામાં આવે છે. ફિલ્મની રિલીઝ પહેલા, રણબીર અને તેની સહ-અભિનેત્રી સાઈ પલ્લવી તેના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ સંદર્ભમાં, બંને લંડન ગયા હતા, જ્યાં તેમણે બીબીસી રેડિયો શોમાં ફિલ્મ વિશે ઘણી વિગતો શેર કરી. જોકે, આ વાતચીત દરમિયાન કંઈક એવું બન્યું જેનાથી બધાનું ધ્યાન ફિલ્મ પરથી રણબીરના અંગત જીવન તરફ ગયું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમના જીવનમાં સૌથી વધુ પ્રકાશ કોણ લાવે છે, ત્યારે તેમણે તરત જ તેમની પુત્રી રિયા કપૂરનો ઉલ્લેખ કર્યો. અભિનેતાએ રિયાના આગામી જન્મદિવસ માટે પણ ખાસ ઇચ્છા વ્યક્ત કરી.



બીબીસી રેડિયો શોમાં દિવાળીના પ્રસંગે રણબીર કપૂર અને સાઈ પલ્લવીને એક રસપ્રદ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. બંને કલાકારોને પૂછવામાં આવ્યું હતું કે તેમના જીવનનો ''દિયા'' (પ્રકાશ) કોણ છે.

રણબીરે તરત જ તેમની પુત્રી રાહાનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમની પુત્રી તેમના જીવનનો સૌથી મોટો પ્રકાશ છે. ત્યારબાદ અભિનેતાએ રિયાના જન્મદિવસ અને દિવાળીના ખાસ સંયોગની ચર્ચા કરી. રણબીરે સમજાવ્યું કે આ રાહાની ચોથી દિવાળી હશે, અને તેનો જન્મદિવસ દિવાળીના બે દિવસ પહેલા, ૬ નવેમ્બરે આવે છે. આવી સ્થિતિમાં, અભિનેતા ઈચ્છે છે કે તેની પુત્રીને પુષ્કળ આશીર્વાદ મળે અને તે હંમેશા સકારાત્મક ઉર્જાથી ઘેરાયેલી રહે. રણબીર પાસેથી આ સાંભળીને, સ્પષ્ટ થઈ ગયું કે આજકાલ તેની પુત્રીની ખુશી તેના માટે કેટલી મહત્વપૂર્ણ છે.રણબીર કપૂરની ફિલ્મ ''રામાયણ'' ૫ નવેમ્બરે વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે, જ્યારે રિયાનો જન્મદિવસ બીજા જ દિવસે, ૬ નવેમ્બરે છે. આ સંયોગની ચર્ચા સોશિયલ મીડિયા પર પહેલાથી જ થઈ ચૂકી છે. હકીકતમાં, એક ઈન્સ્ટાગ્રામ લાઈવ સેશન દરમિયાન, એક ચાહકે રણબીરને ધ્યાન દોર્યું કે નિતેશ તિવારીની ફિલ્મ તેની પુત્રીના જન્મદિવસની આસપાસ રિલીઝ થઈ રહી છે. અભિનેતાએ તેને એક સુંદર સંયોગ ગણાવ્યો. હવે, લંડનમાં એક પ્રમોશનલ ઈન્ટરવ્યુ દરમિયાન, રણબીરે આ ખાસ પ્રસંગનો પણ ઉલ્લેખ કર્યો. આ સમય તેના માટે પણ યાદગાર છે કારણ કે એક તરફ, તેની મોટી ફિલ્મ રિલીઝ થઈ રહી છે, અને બીજી તરફ, તેની પુત્રીનો જન્મદિવસ તેના પરિવાર માટે ખુશી લાવશે.

રણબીર કપૂરે અગાઉ કહ્યું હતું કે 'રામાયણ' તેમની દીકરી રિયા માટે એક ખાસ ફિલ્મ હશે. તેમણે ખુલાસો કર્યો હતો કે રિયા થિયેટરોમાં જોનારી આ પહેલી મોટી ફિલ્મ હશે. તેથી, અભિનેતા માટે, આ પ્રોજેક્ટ ફક્ત એક ફિલ્મ નથી, પરંતુ પિતા બન્યા પછીના તેમના જીવનની એક ખાસ યાદ પણ છે. રણબીરના મતે, રિયાના જન્મથી તેમના જીવનમાં ઘણા ફેરફારો આવ્યા અને તેઓ પોતાને એક નવા દ્રષ્ટિકોણથી જોવા લાગ્યા. ભગવાન રામનું પાત્ર ભજવવાની તક પણ તેમના જીવનના આ મહત્વપૂર્ણ તબક્કા દરમિયાન આવી.

રણબીરે અગાઉ એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તેઓ શરૂઆતમાં ભગવાન રામની ભૂમિકા ભજવવા માટે ખચકાટ અને ડર અનુભવતા હતા. તેઓ ભૂમિકાની જવાબદારીથી વાકેફ હતા, પરંતુ ધીમે ધીમે તેમનો ડર કૃતજ્ઞતામાં ફેરવાઈ ગયો. અભિનેતાએ સમજાવ્યું કે તે સમયે, તેમને તેમની જીવનશૈલી બદલવાની જરૂર અનુભવાઈ. તેઓ તાજેતરમાં પિતા બન્યા હતા, અને આ સમય દરમિયાન, તેમને ભગવાન રામનું પાત્ર ભજવવાની તક આપવામાં આવી હતી. રણબીરના મતે, પિતા બનવાનો અને ભગવાન રામ તરીકે ભૂમિકા ભજવવાનો સંયોગ તેમના જીવનમાં એક વળાંક સાબિત થયો. આ ભૂમિકાએ તેમને વ્યક્તિગત સ્તરે પણ ઘણું શીખવ્યું.

નિતેશ તિવારી દ્વારા દિગ્દર્શિત, ''રામાયણઃ રાઇઝ ઓફ અ લિજેન્ડ'' ૫ નવેમ્બરે વિશ્વભરમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા, યશ રાવણ અને રવિ દુબે લક્ષ્મણ તરીકે છે. ફિલ્મના ખાસ પ્રીવ્યૂ શો ૪ નવેમ્બરે યોજાશે. દર્શકો આ ભવ્ય ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મની રિલીઝ ઉપરાંત, ૬ નવેમ્બર રણબીર માટે ખૂબ જ ખાસ દિવસ હશે, કારણ કે તેની પ્રિય પુત્રી રાહા ચાર વર્ષની થશે.



માધુરી દીક્ષિતનું નવું ફોટોશૂટ ફરી વાયરલ થઈ રહ્યું છે. ચાહકોને અભિનેત્રીનો દરેક લુક પસંદ આવે છે. બોલિવૂડની ધક ધક ગર્લ તરીકે જાણીતી અભિનેત્રી માધુરી દીક્ષિતે પોતાની અદભૂત એક્ટિંગ અને સ્ટાઈલથી દુનિયાભરના લોકોને દિવાના બનાવી દીધા છે.

ગૌરી લંકેશની હત્યાએ પ્રકાશ રાજને હચમચાવી દીધો હતો

મુંબઈ, તા.૦૪

દક્ષિણ ભારતીય અને બોલિવૂડનો જાણીતો અભિનેતા પ્રકાશ રાજ સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર નિર્ભયતાથી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માટે જાણીતો છે.

જોકે, તેની સ્પષ્ટવક્તા અને રાજકીય વિચારોની અસર તેની ફિલ્મી કારકિર્દી પર પણ પડી છે. અભિનેતાની પત્ની અને કોરિયોગ્રાફર પોની વર્માએ તાજેતરમાં એક મુલાકાતમાં ખુલાસો કર્યો કે પ્રકાશ રાજને પોતાના વિચારોને કારણે ફિલ્મો અને જાહેરાતોના કામ ગુમાવવાં પડ્યાં છે. તેમ છતાં તે પોતાના સિદ્ધાંતો સાથે સમાધાન કરવા તૈયાર નથી.

પોની વર્માએ એક યુટ્યુબ ચેનલ પર વાતચીત દરમિયાન પતિના રાજકીય વિચારો અને તેના કારણે ઊભી થતી મુશ્કેલીઓ વિશે વાત કરી હતી. તેણે જણાવ્યું કે શરૂઆતમાં પ્રકાશ રાજની નિર્ભય વાણી અને રાજકીય નિવેદનોને લઈને તે ખૂબ જ ડરતી હતી. ખાસ કરીને તેની સુરક્ષાને લઈને ચિંતા રહેતી હતી. જોકે, ૨૦૧૭માં પત્રકાર અને સામાજિક કાર્યકર ગૌરી લંકેશની હત્યાએ પ્રકાશ રાજને અંદરથી હચમચાવી દીધો હતો અને ત્યારબાદ તેણે વધુ મક્કમતાથી પોતાનો અવાજ ઉઠાવવાનો નિર્ણય કર્યો હતો. પોનીએ ગૌરી લંકેશની હત્યાની ઘટના યાદ કરતાં કહ્યું કે સમાચાર મળ્યા ત્યારે તેણે પ્રકાશ રાજને સંપૂર્ણપણે તૂટી પડેલો જોયો હતો. પ્રકાશ રાજ અને ગૌરી લંકેશ વચ્ચે ૩૫ વર્ષથી વધુ સમયની મિત્રતા હતી. ગૌરીની હત્યા બાદ પ્રકાશ રાજે નક્કી કર્યું કે તે અન્યાય સામે બોલવાનું બંધ નહીં કરે. પોનીના જણાવ્યા અનુસાર, પ્રકાશ રાજ તેને વારંવાર પૂછતા કે આખરે કેટલા સમય સુધી ડરના માહોલમાં જીવતા રહેવું? ગૌરીની નિર્ભયતા અને સામાજિક મુદ્દાઓ પર અવાજ ઉઠાવવાની હિંમતથી પણ તે પ્રેરિત થયો હતો.

તાલ્વીન્દરે ચાહકો સાથે સંગીતમય અનુભવમાં 'પેઇન્ટેડ ફીલિંગ્સ'નું કર્યું અનાવરણ

'આસે પાસે' અને 'માગંડા વાપિસ ક્યું' જેવા સુરીલા ગીતો વડે શ્રોતાઓના દિલ જીત્યા બાદ, સંગીતની દુનિયામાં એક અનોખી છાપ છોડનાર ગાયક તલવિંદરે પોતાના અલ્બમ 'પેઇન્ટેડ ફીલિંગ્સ'ની વિભાવનાને સંપૂર્ણપણે સાકાર કરી દીધી છે. આ ચાર ગીતોના ગીત-સંગ્રહને બે નવા ગીતો, 'ગીત' અને 'જિંદ મેરી' સાથે પૂરો કરીને, આ ગાયક-ગીતકારે પ્રેમ, વિરહ અને આત્મિયતાના જુદા જુદા રંગોને વણી લેતી ચાર સ્પર્શતી વાર્તાઓ રજૂ કરી છે. આ લોન્ચિંગ સાથે જ ગીત ગીતનો મ્યુઝિક વિડિયો પણ જાહેર કરાયો છે, જેમાં તલવિંદર એક અનોખા કાઉબોય લુકમાં નજરે પડે છે, જે ગીતની દ્રશ્ય-સંવેદનાને વધુ મનમોહક બનાવે છે. આ અલ્બમની પૂર્ણાહુતિની ઉજવણી રૂપે તલવિંદરે એક ખાસ 'સંગીતઅને કલા અનુભવ'ની સાંજનું આયોજન કર્યું હતું, જ્યાં સંગીત, કળા અને જીવંત પ્રસ્તુતિના ત્રિવેણી સંગમ થકી દરેક કાવ્યાત્મક ભાવનાઓ જીવંત થઈ ઉઠી હતી.



મુંબઈમાં યોજાયેલી આ અવિસ્મરણીય સાંજે પેઇન્ટેડ ફીલિંગ્સની થીમ હેઠળ કળા અને સંગીતનો અદ્ભુત સુમેળ રચાયો હતો. ભાવનાઓ કળાના કોઈપણ સ્વરૂપમાં વહી શકે છે તેવી તલવિંદરની ગાઢ શ્રદ્ધાને સાકાર કરતા આ કાર્યક્રમમાં, જે સંવેદનાઓ સંગીત દ્વારા સુર મેળવે છે તે જ સંવેદનાઓને ચિત્રકળા વડે આકાર આપવામાં આવ્યો હતો. ૫૦થી વધુ કલાકારોએ એકસાથે મળીને કેનવાસ પર ભીંતચિત્રો બનાવી પેઇન્ટેડ ફીલિંગ્સની પોતાની રીતે ભાવાત્મક અભિવ્યક્તિ કરી હતી, જેમાં દરેકની એક અનોખી દ્રષ્ટિ છતી થતી હતી. આ ઉત્સવમય સાંજે તલવિંદરે દ્રઢજી અને કિટજેવેસ્ટ સાથે મળીને મંચ પર લાઈવ પર્ફોર્મન્સ આપીને શ્રોતાઓના દિલ જીતી લીધા હતા. સંગીત, કળા અને સર્જનાત્મક ક્ષેત્ર સાથે જોડાયેલા ચાહકો માટે આ એક અદ્ભુત ઉજવણી બની રહી.

અલ્બમ અને આ ખાસ અનુભવ વિશે વાત કરતા તલવિંદરે જણાવ્યું, પેઇન્ટેડ ફીલિંગ્સ દ્વારા મારો હેતુ માત્ર સંગીત પીરસવાનો નહોતો, પરંતુ એક એવો અહેસાસ સર્જવાનો હતો જે લોકોના હૃદયના ઊંડાણ સુધી પહોંચે. દરેક ગીત તેની સાથે એક અનોખી કથા અને સંવેદના લઈને આવે છે, અને મને આશા છે કે આવનારા વર્ષો પછી પણ સાંભળનારને આ ગીતોમાં પોતાની જ જિંદગીની કોઈ ઝલક દેખાશે. આ સાંજે સંગીત અને ચિત્રકળાને એકમંચ પર લાવીને શ્રોતાઓને ગીતોથી પણ પર એક ઊંડો અનુભવ કરાવવાની મારી તમન્ના પૂરી થઈ. કલાકારોને ભીંતચિત્રો દ્વારા પેઇન્ટેડ ફીલિંગ્સની અભિવ્યક્તિ કરતા જોઈને મારા હૃદયમાં એક વિશેષ લાગણી જાગી હતી. છેવટે, હું એવું સંગીત રચવા માંગુ છું જે સમયના વહેણ સાથે હંમેશાં જીવંત રહે અને શ્રોતાઓ તેમાં દર વખતે નવો અર્થ પામી શકે. મારો પ્રયાસ માત્ર ક્ષણિક લોકપ્રિયતા મેળવવાનો નહીં, પરંતુ કાયમ માટે દિલમાં વસી જાય તેવી યાદો બનાવવાનો છે.

પેઇન્ટેડ ફીલિંગ્સના કેન્દ્રમાં બે એવા ગીતો છે જે પ્રેમ અને સર્જનાત્મકતાના જુદા જ પાસાં સ્પર્શે છે. 'ગીત'ની રચના એક સાથી સંગીતકાર સાથે લેખનની અસમંજસતા પર થયેલી વાતોમાંથી થઈ હતી, જ્યારે તેણે તલવિંદરને પૂછ્યું કે શબ્દો ખૂટી પડે ત્યારે પ્રેરણા ક્યાંથી શોધવી. કોઈ ચોક્કસ ઉત્તર શોધવાને બદલે, તેમણે એ ખાલીપાની લાગણીને જ એક ગીતમાં ઢાળી દીધી. તેઓ ઉમેરે છે, ''હું શબ્દો ખૂટી જવાના વિચારમાં માનતો નથી. એક મિત્ર તેની વાત કરતો હતો અને મેં તેના પર જ ગીત લખી નાખ્યું. ક્યારેક શું લખવું એ ન સમજાવું એ જ એક નવી શરૂઆત બની જાય છે.'' આ ગીત એ વાતને સાકાર કરે છે કે જ્યારે દિશા ન સૂઝતી હોય ત્યારે પણ અત્યંત સરળ ક્ષણોમાંથી નવો વિચાર સૂઝી શકે છે.

બીજી તરફ, 'જિંદ મેરી' એક સ્ત્રીની સંવેદનશીલ દ્રષ્ટિથી એકતરફી પ્રેમના દર્દ અને પીડાને વાચા આપે છે, જે એવા સંબંધને જકડી રાખે છે જે કદાચ ક્યારેય સાકાર થવાનો નથી. અરસપરસ વ્હાલની તરસ અને આગળ વધવાની મજબૂરી વચ્ચે પીસાતી એ સ્ત્રી ફરી એ જ વળાંકે પહોંચી જાય છે જ્યાંથી તે પાછી ફરી શકતી નથી. ૨૦૨૫ના હેલોવીન ટૂર દરમિયાન લુધિયાણાના શો પછી ચંડીગઢના સ્ટુડિયોમાં તલવિંદરે પોતાના મનની સાચી લાગણીથી આ આખું ગીત તૈયાર કર્યું હતું. ગીતની કરુણ વાર્તા હૃદય જ્યારે સ્વીકારવા તૈયાર ન હોય ત્યારે લાગણીઓને છોડી દેવાના સંઘર્ષને આબેહૂબ વર્ણવે છે.

પેઇન્ટેડ ફીલિંગ્સની આ સફર 'આસે પાસે'થી શરૂ થઈ હતી, જે દર્શાવે છે કે આપણી આસપાસના લોકો આપણું ઘડતર કેવી રીતે કરે છે. ત્યારપછી 'કિટજેવેસ્ટ' સાથેનું 'માગંડા વાપિસ ક્યું' આવ્યું, જે સંબંધોમાં બીજી તકના જટિલ પાસાંને સ્પર્શે છે. હવે અંતિમ ગીતો, 'ગીત' અને 'જિંદ મેરી' અકબંધ લાગણીઓ અને અપ્રાપ્ય પ્રેમના ઊંડાણને છતું કરે છે. આ ચારેય ગીતો એકત્ર થઈને પ્રેમ, લાગણી અને અંગત અનુભવોને એવી રીતે વણી લે છે કે શ્રોતાઓ તેમાં પોતાના અર્થ શોધી શકે.

મલયાલય ફિલ્મ સંગીતની પ્લેબેક સિંગર રિમી ટોમીના જીવનમાં ફરી એકવાર પ્રેમનો પ્રવેશ થયો

એજન્સી દ્વારા

ત્રિવેન્દ્રમ,તા.૦૪

મલયાલમ સિનેમા અને સંગીત ઉદ્યોગમાં પ્રખ્યાત પ્લેબેક સિંગર અને ટીવી હોસ્ટ રિમી ટોમીના જીવનમાં ફરી એકવાર પ્રેમનો પ્રવેશ થયો છે. તેના પહેલા લગ્ન તૂટ્યાના લગભગ છ વર્ષ પછી, રિમી બીજી વખત લગ્ન કરવા માટે તૈયાર છે. રસપ્રદ વાત એ છે કે, ગાયકે પોતે આ ખુશખબર તેના યુટ્યુબ ચેનલ પર શેર કરેલા વ્લોગ દ્વારા જાહેર કરી હતી. પહેલા વિડીયોમાં, તેણે નવા જીવનસાથીના આગમનની જાહેરાત કરી હતી, અને હવે, બીજા વિડીયોમાં, તેણે તેના ભાવિ પતિનું નામ અને વિગતો જાહેર કરી છે. રિમીની જાહેરાત પછી, તેના ચાહકો તેને આ નવી શરૂઆત માટે અભિનંદન આપી રહ્યા છે.



રિમી ટોમીએ તેના વ્લોગમાં સમજાવ્યું કે તે હંમેશા એકલા મુસાફરી કરવાનું અને પોતાનું જીવન પોતાની રીતે જીવવાનું પસંદ કરે છે. તેનો પરિવાર હંમેશા તેની સાથે ઉભો રહ્યો છે, પરંતુ તેણીને હંમેશા એવા જીવનસાથીનો અભાવ અનુભવાયો જેની સાથે તે જીવનના સુખ-દુઃખ શેર કરી શકે. ગાયકે સમજાવ્યું કે ૨૦૨૬ માં, એક ખાસ વ્યક્તિ તેના જીવનમાં પ્રવેશી, અને થોડા જ સમયમાં, તેઓ એકબીજાને સારી રીતે સમજવા લાગ્યા. રિમીના મતે, તેણીને આ સંબંધમાં સૌથી વધુ આરામ અને માનસિક શાંતિનો અનુભવ થયો. તેણીએ તેને ભગવાન તરફથી ભેટ ગણાવી અને કહ્યું કે તેણી પોતાના જીવનની નવી શરૂઆત માટે ખૂબ જ ઉત્સાહિત છે.

રિમીએ શરૂઆતમાં તેના ભાવિ પતિની ઓળખ જાહેર કરી ન હતી, પરંતુ ૨ નવેમ્બરના રોજ શેર કરાયેલા એક નવા વીડિયોમાં, તેણીએ તેનું નામ જાહેર કર્યું. રિમીના ભાવિ પતિ લિબિન મેથ્યુ છે, જે મુંબઈ સ્થિત બોડીબિલ્ડર અને ફિટનેસ ટ્રેનર છે. લિબિન, મૂળ મલયાલી, છેલ્લા કેટલાક મહિનાઓથી રિમીના ફિટનેસ કોચ તરીકે કામ કરી રહ્યા છે. આ સમય દરમિયાન, બંને નજીક આવ્યા અને સાથે જીવન વિતાવવાનું નક્કી કર્યું. અહેવાલો અનુસાર, બંને આ નવેમ્બરમાં ડોંબિવલીના એક ચર્ચમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. જો કે, લગ્નની ચોક્કસ તારીખ અંગે હજુ સુધી વિગતો જાહેર કરવામાં આવી નથી.

રિમીએ પોતાના વ્લોગમાં એ પણ સ્પષ્ટ કર્યું કે તેનો ભાવિ પતિ અભિનેતા, ગાયક, સેલિબ્રિટી કે કરોડપતિ નથી. તેના માટે, જીવનસાથીની પસંદગી પૈસા અને લોકપ્રિયતા પર આધારિત નથી, પરંતુ પરસ્પર સમજણ અને મનની શાંતિ પર આધારિત છે. ગાયકે જણાવ્યું હતું કે એકબીજાને સમજવું, ખુલ્લેઆમ શેર કરી શકવું અને વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનમાં સાથે આગળ વધવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેણીએ સમજાવ્યું કે લિબિન સાથે, તેણીને તે નિકટતા અને શાંતિ મળી જે તે શોધી રહી હતી. રિમીએ તેના ચાહકોને આ નવી સફર માટે તેમના પ્રેમ અને આશીર્વાદ માટે પણ અપીલ કરી.

રિમી ટોમીના પહેલા લગ્ન ઉદ્યોગપતિ રોયસ કિઝાકૂડન સાથે સમાપ્ત થયા. તેઓએ ૨૭ એપ્રિલ, ૨૦૦૮ ના રોજ ત્રિશુરમાં લગ્ન કર્યા. જોકે, લગભગ ૧૧ વર્ષ પછી તેમનો સંબંધ તૂટી ગયો. ૨૦૨૦ માં, દંપતીએ પરસ્પર સંમતિથી છૂટાછેડા માટે એર્નાકુલમ ફેમિલી કોર્ટમાં અરજી દાખલ કરી. ૧૬ એપ્રિલના રોજ છૂટાછેડાની કાર્યવાહી દાખલ કરવામાં આવી. આ પછી, બંને તેમના જીવનમાં આગળ વધ્યા.

રિમી ટોમીએ તેની કારકિર્દીની શરૂઆત સંગીત મંડળી ''એન્જલ વોઈસીસ'' થી કરી. બાદમાં, મિમિક્રી કલાકાર અને સંગીતકાર નાદિરશાહે તેની પ્રતિભાને ઓળખી અને તેને દિગ્દર્શક લાલ જોસ અને સંગીતકાર વિદ્યાસાગર સાથે પરિચય કરાવ્યો. ૨૦૦૨ માં, તેણીએ ફિલ્મ ''મીસા માધવન'' સાથે પ્લેબેક સિંગિંગની દુનિયામાં પ્રવેશ કર્યો. આ ફિલ્મનું તેણીનું ગીત ''ચિંગામસમ'' ખૂબ જ હિટ થયું અને લાંબા સમય સુધી ચાર્ટબસ્ટર રહ્યું. ત્યારબાદ તેણીએ ''છોટા મુંબઈ,'' ''ચોકલેટ,'' ''મુલ્લા,'' ''બોડીગાર્ડ,'' અને ''ઉદયનાથરામ'' સહિત અનેક ફિલ્મોમાં લોકપ્રિય ગીતો ગાયા. ગાયન ઉપરાંત, રિમીએ ટીવી હોસ્ટ તરીકે પણ પોતાની ઓળખ બનાવી છે. હવે, તે તેના અંગત જીવનમાં એક નવી સફર શરૂ કરી રહી છે.

પ્રાઈમ વોલીબોલ લીગ દ્વારા પાંચમી સિઝન પહેલાં ‘ઉડ કે માર’ અભિયાનનું અનાવરણ

અમદાવાદ, ૪

પ્રાઈમ વોલીબોલ લીગ (પીવીએલ) દ્વારા તેની પાંચમી સિઝન માટે ‘ઉડ કે માર’ અભિયાનનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં વોલીબોલ રમતની આક્રમક રમતશૈલી, ખેલાડીઓની અસાધારણ શારીરિક ક્ષમતા અને રમતના રોમાંચક એક્શનને રજૂ કરવામાં આવ્યાં છે. લીગની પાંચમી સિઝનનું આયોજન અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૩૦ નવેમ્બરથી ૨૭ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન કરવામાં આવશે.



ફેડરેશન ઈન્ટરનેશનલ ડી વોલીબોલ (એફઆઈવીબી) દ્વારા પીવીએલને ભારતની પ્રથમ ડિવિઝનની પ્રોફેશનલ વોલીબોલ લીગ તરીકે માન્યતા મળ્યા બાદ, લીગ હવે પોતાની આગવી ઓળખને વધુ મજબૂત બનાવવા અને વધુ વ્યાપક ચાહકવર્ગ સાથે જોડાવા માટે પ્રયાસરત છે. પ્રથમ વખત પીવીએલ પોતાની પાંચમી સિઝનના અભિયાનના ભાગરૂપે એક વિશેષ એન્થમ (ગીત) રજૂ કરશે. ‘ઉડ કે માર’ જેવા સરળ અને સહજ હિન્દી શબ્દપ્રયોગ દ્વારા વોલીબોલની રમતનો ઉત્સાહ વધુને વધુ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ‘ઉડ કે માર’નો અર્થ થાય છે – હવામાં ઊંચી છલાંગ લગાવીને બોલ પર જોરદાર પ્રહાર કરવો.

વોલીબોલની હવામાં ઉછળીને રમાતી રમતની વિશેષતાને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલું ‘ઉડ કે માર’ અભિયાન તે ક્ષણની ઉજવણી કરે છે, જ્યારે ખેલાડીઓ નેટથી ઉપર ઊઠીને આક્રમક પ્રહાર કરે છે, પ્રતિસ્પર્ધી ટીમના સંરક્ષણમાં રહેલી ખાલી જગ્યાઓ શોધે છે અને મળેલી તકને પોઈન્ટમાં પરિવર્તિત કરે છે. હિન્દી ભાષા પર આધારિત આ અભિયાનનો ઉદ્દેશ વધુ વ્યાપક પ્રેક્ષકવર્ગ સુધી પહોંચવાનો છે. સાથે જ, વોલીબોલને એક આકર્ષક દર્શનીય રમત બનાવતી ખેલાડીઓની અસાધારણ શારીરિક ક્ષમતા અને તેમની વિસ્ફોટક રમતશૈલીને પણ અસરકારક રીતે રજૂ કરવાનો છે.

આ અભિયાન અંગે પ્રાઈમ વોલીબોલ લીગના સીઈઓ જોય ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, ‘‘વોલીબોલ એવી રમત છે, જે અસાધારણ શારીરિક ક્ષમતા, ત્વરિત નિર્ણયશક્તિ અને મક્કમ ઈરાદા પર આધારિત છે. ‘ઉડ કે માર’ આ રમતની એ જ ભાવનાને રજૂ કરે છે અને ચાહકોને વોલીબોલ શા માટે આટલી રોમાંચક રમત છે તે સમજાવવાનો એક અસરકારક માર્ગ પૂરો પાડે છે. પાંચમી સિઝન તરફ આગળ વધતાં અમારો ઉદ્દેશ દેશભરના પ્રેક્ષકો સાથે વધુ મજબૂત જોડાણ સ્થાપિત કરવાનો, વધુ લોકોને આ રમતની નજીક લાવવાનો અને નવી પેઢીને વોલીબોલ રમવા માટે પ્રેરિત કરવાનો છે.’’

આ અભિયાનનો ઉદ્દેશ એક આગવી સર્જનાત્મક ઓળખ દ્વારા વોલીબોલની મૂળ ભાવનાને રજૂ કરવાનો છે. તેમાં રમતના રોમાંચક અને આક્રમક એક્શનની સાથે એવા ખેલાડીઓના જુસ્સા અને અભિગમને પણ એકસાથે રજૂ કરવામાં આવ્યો છે, જેઓ મળેલી દરેક તકનો આત્મવિશ્વાસ સાથે લાભ ઉઠાવીને પૂરી તાકાતથી આક્રમણ કરે છે.

બેઝલાઈન વેન્ચર્સના મેનેજિંગ ડિરેક્ટર અને સહ-સ્થાપક તેમજ પ્રાઈમ વોલીબોલ લીગના ડિરેક્ટર તુહિન મિશ્રાએ જણાવ્યું હતું કે, ‘‘એક લીગનું નિર્માણ માત્ર મેદાન પર થતી રમત પૂરતું સીમિત નથી. તેનો અર્થ એવી આગવી ઓળખ ઊભી કરવાનો છે, જેની સાથે ચાહકો જોડાઈ શકે, રમતને વધુ લોકો સુધી સરળતાથી પહોંચાડી શકાય અને વોલીબોલની આસપાસ એક વ્યાપક સમુદાયનું નિર્માણ કરી શકાય. ‘ઉડ કે માર’ રમતના કેન્દ્રમાં રહેલા આત્મવિશ્વાસ અને આક્રમક માનસિકતાને પ્રતિબિંબિત કરે છે. પીવીએલ સતત લોકપ્રિયતા મેળવી રહી છે અને હવે પાંચમી સિઝનમાં પ્રવેશી રહી છે ત્યારે અમારો ઉદ્દેશ ચાહકો માટે લીગના અનુભવને વધુ ભવ્ય અને રસપ્રદ બનાવવાનો છે. તેની સાથે જ પાયાના સ્તરે આ રમતની હાજરી અને લોકપ્રિયતાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો પણ ચાલુ રાખવાના છે.’’

આ સિઝનમાં ભારતીય પ્રતિભાઓની સાથે ૨૯ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પણ ભાગ લેશે. આ ખેલાડીઓ એશિયા, યુરોપ, અમેરિકા અને આફ્રિકા સહિતના વિવિધ પ્રદેશોમાંથી આવશે. આંતરરાષ્ટ્રીય સ્તરના અનુભવ અને ઉભરતી ભારતીય પ્રતિભાઓના અનોખા સંગમ સાથે પાંચમી સિઝનમાં ઉચ્ચ સ્તરની સ્પર્ધાત્મક રમત જોવા મળશે. સાથે જ, ભારતીય રમતજગતમાં પ્રાઈમ વોલીબોલ લીગનું સ્થાન વધુ મજબૂત બને તેવી અપેક્ષા છે.

અર્શદીપની બોલિંગ સામે કિવી બેટ્સમેનો નિષ્ફળ

પ્રથમ વનડેમાં ભારતની શાનદાર જીત; ન્યૂઝીલેન્ડને ૫ વિકેટે હરાવ્યું

ઓકલેન્ડ, તા.૪

ભારતે ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની વનડે સિરીઝની શરૂઆત જીત સાથે કરી છે. બુધવારે ઓકલેન્ડના ઈડન પાર્કમાં રમાયેલી પ્રથમ વનડેમાં ભારતીય ટીમે ડકવર્થ-લુઈસ-સ્ટર્ન (ડ્રન્જી) પદ્ધતિ હેઠળ ન્યૂઝીલેન્ડને ૫ વિકેટે હરાવ્યું હતું. ભારત તરફથી અર્શદીપ સિંહે શાનદાર બોલિંગ કરતાં ચાર વિકેટ ઝડપી હતી, જ્યારે વિરાટ કોહલીએ ૫૧ બોલમાં ૭૪ રનની આક્રમક ઈનિંગ્સ રમી ટીમની જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

ટોસ જીતીને ભારતીય કેપ્ટને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતીય બોલરોએ આ નિર્ણયને યોગ્ય સાબિત કરતાં ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને મોટો સ્કોર નોંધાવતા અટકાવ્યા હતા. કિવી ટીમ ૪૦.૨ ઓવરમાં ૧૮૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી.

ન્યૂઝીલેન્ડ તરફથી ઓપનર ટિમ સાઈફર્ટે ૩૮ રન બનાવ્યા હતા. તેણે ત્રણ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. બ્લેયર ટિકનરે ૩૪ રનનું યોગદાન આપ્યું હતું. જોકે, ભારતીય બોલરોના શાનદાર પ્રદર્શન સામે અન્ય બેટ્સમેનો લાંબી ઈનિંગ્સ રમી શક્યા નહોતા. ભારત તરફથી અર્શદીપ સિંહે સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી.

૧૮૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત નિરાશાજનક રહી હતી. પ્રથમ જ ઓવરમાં રોહિત શર્મા ખાતું ખોલ્યા વિના પેવેલિયન પરત ફર્યો હતો. જોકે, ત્યારબાદ વિરાટ કોહલી અને શુભમન ગિલે જવાબદારી સંભાળી હતી. બંને બેટ્સમેનોએ બીજી વિકેટ માટે ૧૧૩ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. શુભમન ગિલે ૫૬ બોલમાં પાંચ ચોગ્ગાની મદદથી ૩૭ રન બનાવ્યા હતા. બીજી તરફ કોહલીએ માત્ર ૫૧ બોલમાં ૧૩ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૭૪ રન ફટકારી ન્યૂઝીલેન્ડના બોલરો પર દબાણ ઊભું કર્યું હતું.

ગિલ આઉટ થયા બાદ વિરાટ કોહલી પણ પેવેલિયન પરત ફર્યો હતો. ત્યારબાદ અક્ષર પટેલ માત્ર બે બોલ રમીને આઉટ થયો હતો. ભારતે ૧૨૪ રનના સ્કોરે ચોથી વિકેટ ગુમાવી હતી. આગળ શ્રેયસ અય્યર પણ ૧૫ રન બનાવી આઉટ થયો હતો. આમ, ૧૩૬ રનના સ્કોરે ભારતે પાંચમી વિકેટ ગુમાવી હતી. જોકે, ત્યારબાદ કેએલ રાહુલ અને નમન ધીરે સંયમપૂર્વક બેટિંગ કરીને ટીમને જીત સુધી પહોંચાડી હતી. મેચ દરમિયાન વારંવાર વરસાદ પડતાં રમતને અસર થઈ હતી. પરિણામે ડકવર્થ-લુઈસ-સ્ટર્ન પદ્ધતિ હેઠળ ભારતીય ટીમને ૩૨ ઓવરમાં ૧૪૩ રનનો સુધારેલો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. ભારતે ૨૨.૫ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે ભારતીય ટીમે પાંચ મેચની વનડે સિરીઝમાં વિજયી શરૂઆત કરી છે. અર્શદીપની ચાર વિકેટ અને કોહલીની અડધી સદી ભારતની જીતનાં મુખ્ય આકર્ષણ રહ્યાં હતાં.

ભારતે વન-ડે સીરિઝની પાંચ મેચોમાંથી ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. હવે શ્રેણીની બીજી વન-ડે મેચ શનિવાર, ૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ વેલિંગ્ટન ખાતે યોજાશે. ત્યારબાદ ત્રીજી વન-ડે મંગળવાર, ૧૦ નવેમ્બરે હેમિલ્ટનમાં રમાશે. ચોથી અને પાંચમી વન-ડે મેચ માઉન્ટ મૌંગાનુઈ ખાતે અનુક્રમે શુક્રવાર, ૧૩ નવેમ્બર અને રવિવાર, ૧૫ નવેમ્બરના રોજ રમાશે. આ તમામ વન-ડે મેચો ભારતીય સમય મુજબ સવારે ૭:૩૦ વાગ્યે શરૂ થશે. વન-ડે શ્રેણી પૂર્ણ થયા બાદ ટેસ્ટ શ્રેણીની શરૂઆત થશે, જેમાં પ્રથમ ટેસ્ટ મેચ ગુરુવાર, ૧૯ નવેમ્બરથી ૨૩ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન વેલિંગ્ટનમાં યોજાશે.

સચિન તેંડુલકરનો કેપ્ટનશિપના કાર્યકાળ અંગે ખુલાસો

મને ટીમ પસંદ કરવા અંગેની સ્વતંત્રતા નહોતી

નવી દિલ્હી, તા.૪

ક્રિકેટના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકેના પોતાના કાર્યકાળ અંગે મહત્ત્વનો ખુલાસો કર્યો છે. સચિને જણાવ્યું કે કેપ્ટન તરીકે ટીમનું નેતૃત્વ કરવું તેમના માટે ગૌરવની વાત હતી, પરંતુ તે સમયે તેમને પોતાની પસંદગીની ટીમ પસંદ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા મળતી નહોતી. એક પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન તેમણે ભારતીય ક્રિકેટના તે સમયના પડકારો અંગે પણ વાત કરી હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ રેડિટ પર યોજાયેલા પ્રશ્નોત્તરી સત્રમાં સચિનને ભારતીય ટેસ્ટ ટીમની કેપ્ટનશિપના અનુભવ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. તેના જવાબમાં તેમણે કહ્યું હતું કે કેપ્ટન તરીકે ટીમનું નેતૃત્વ કરવું તેમના માટે ખૂબ જ સન્માનની વાત હતી. જોકે, તેમને હંમેશાં પોતાની પસંદગીના ખેલાડીઓની ટીમ પસંદ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા નહોતી.

સચિને વધુમાં જણાવ્યું હતું કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (ભ્ઝ્રઝ્રૈં) હવે ૧૯૯૦ના દાયકા કરતાં ઘણી વધુ વ્યાવસાયિક સંસ્થા બની ગયું છે. તેમના કેપ્ટનશિપના સમયગાળા દરમિયાન ભારતીય ક્રિકેટ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું હતું. આ સમયગાળામાં મેચ ફિક્સિંગ જેવા વિવાદોએ પણ ભારતીય ક્રિકેટને અસર કરી હતી.

આ પ્રશ્નોત્તરી દરમિયાન સચિનને તેમના મનપસંદ કેપ્ટન વિશે પણ પૂછવામાં આવ્યું હતું. તેના જવાબમાં તેમણે પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલી અને મહેન્દ્રસિંહ ધોનીનાં નામ આપ્યાં હતાં.

સચિનના જણાવ્યા અનુસાર, આ બંને કેપ્ટનના નેતૃત્વમાં રમવાનો તેમને અનુભવ મળ્યો હતો અને બંને તેમની યાદીમાં મનપસંદ કેપ્ટન તરીકે સ્થાન ધરાવે છે. સચિને દક્ષિણ આફ્રિકાના ટેસ્ટ કેપ્ટન ટેમ્બા બાવુમાની નેતૃત્વશૈલીનાં પણ વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે બાવુમાનો જુસ્સો પ્રશંસનીય છે. તેઓ મેદાન પર આગળ રહીને ટીમનું નેતૃત્વ કરે છે અને દક્ષિણ આફ્રિકાના ક્રિકેટને મહત્ત્વપૂર્ણ સફળતાઓ અપાવવામાં તેમનું યોગદાન રહ્યું છે. સચિને દક્ષિણ આફ્રિકાની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સફળતાને વિશ્વ ક્રિકેટ માટે મહત્ત્વપૂર્ણ ગણાવી હતી.

સચિન તેંડુલકરે ૧૯૯૬-૯૭ અને ૧૯૯૯-૨૦૦૦ દરમિયાન બે વખત ભારતીય ટીમની કેપ્ટનશિપ સંભાળી હતી. તેમણે કુલ ૯૮ આંતરરાષ્ટ્રીય મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું, જેમાં ૨૫ ટેસ્ટ અને ૭૩ વનડે મેચોનો સમાવેશ થાય છે. ટેસ્ટ ક્રિકેટમાં સચિનની કેપ્ટનશિપ હેઠળ ભારતે ૨૫માંથી ચાર મેચ જીતી હતી, નવમાં હારનો સામનો કર્યો હતો, જ્યારે ૧૨ મેચ ડ્રો રહી હતી. વનડેમાં તેમના નેતૃત્વ હેઠળ ભારતે ૭૩ મેચોમાંથી ૨૩માં જીત મેળવી હતી અને ૪૩ મેચોમાં પરાજય થયો હતો.

પ્રથમ કાર્યકાળ દરમિયાન સચિનને કેપ્ટનપદેથી દૂર કરીને મોહમ્મદ અઝહરુદ્દીનને ફરી જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારબાદ ૧૯૯૯ના વર્લ્ડ કપ પછી તેમને ફરી કેપ્ટન બનાવવામાં આવ્યા હતા.

વિરાટ કોહલીનો ઐતિહાસિક કારનામો

વન-ડેમાં નંબર-૩ પર ૧૩ હજાર રન પૂરા કરનાર કોહલી વિશ્વનો પ્રથમ બેટ્સમેન

ઓકલેન્ડ, તા.૪

ભારતીય ક્રિકેટના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ફરી એકવાર પોતાની શાનદાર બેટિંગના જોરે વિશ્વ ક્રિકેટમાં નવો ઈતિહાસ રચ્યો છે. ન્યૂઝીલેન્ડ સામે ઓકલેન્ડના ઇડન પાર્ક ખાતે રમાયેલી પ્રથમ વન-ડે મેચમાં કોહલીએ એવી સિદ્ધિ હાંસલ કરી છે, જે આજ સુધી વિશ્વનો કોઈ બેટ્સમેન મેળવી શક્યો નથી. વન-ડે ક્રિકેટમાં ત્રીજા ક્રમે બેટિંગ કરીને ૧૩,૦૦૦ રન પૂરા કરનાર વિરાટ કોહલી વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો છે. આ સાથે તેણે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વન-ડેમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.



ન્યૂઝીલેન્ડની ટીમ ૧૮૫ રનમાં ઓલઆઉટ થયા બાદ ભારતીય ટીમ લક્ષ્યનો પીછો કરવા મેદાનમાં ઉતરી હતી. આ દરમિયાન વિરાટ કોહલીએ પોતાની ઈનિંગના ૧૩મા બોલ પર ૧૩,૦૦૦ રનનો ઐતિહાસિક આંકડો પાર કર્યો હતો.

કોહલીએ ત્રીજા નંબર પર બેટિંગ કરતાં અત્યાર સુધી ૨૫૪ મેચની ૨૫૧ ઈનિંગ્સમાં ૧૩,૦૦૦ રન બનાવ્યા છે. આ દરમિયાન તેની બેટિંગ સરેરાશ ૬૧.૬૦ રહી છે. તેના નામે ૪૮ સદી અને ૬૯ અડધી સદી પણ નોંધાયેલી છે.

વન-ડે ક્રિકેટમાં ત્રીજા ક્રમે સૌથી વધુ રન બનાવવાના મામલે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ લાંબા સમયથી બીજા સ્થાને હતા. જોકે, વિરાટ કોહલીએ હવે તેમને પાછળ છોડી દીધા છે.

- વિરાટ કોહલી – ૧૩,૦૦૦થી વધુ રન
- રિકી પોન્ટિંગ – ૧૨,૬૬૨ રન

નોંધનીય છે કે વન-ડે ક્રિકેટમાં ત્રીજા ક્રમે બેટિંગ કરતાં ૧૦ હજારથી વધુ રન બનાવનારા વિશ્વના માત્ર આ બે જ બેટ્સમેન છે.

વિરાટ કોહલી પાસે ન્યૂઝીલેન્ડ સામેની આ મેચમાં વધુ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરવાની તક હતી. ન્યૂઝીલેન્ડ સામે વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાના મામલે ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગ ૧,૯૭૧ રન સાથે પ્રથમ સ્થાને છે. મેચ પહેલાં કોહલીના નામે ૩૭ ઈનિંગ્સમાં ૧,૯૦૯ રન હતા. આથી પોન્ટિંગનો રેકોર્ડ તોડવા માટે કોહલીને વધુ ૬૩ રનની જરૂર હતી.

કોહલીની નજર હવે ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરના વધુ એક રેકોર્ડ પર પણ છે. વન-ડે ક્રિકેટમાં રન ચેઝ કરતી વખતે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ સચિન તેંડુલકરના નામે છે.

- સચિન તેંડુલકર – ૨૩૨ ઈનિંગ્સમાં ૮,૭૨૦ રન
- વિરાટ કોહલી – ૧૬૯ ઈનિંગ્સમાં ૮,૬૭૯ રન

નીતા અંબાણીની કલ્પના મુજબ, કરજત ખાતેની પ્રસ્તાવિત ટાઉનશિપ

વિશ્વસ્તરીય આરોગ્ય સેવાઓ, સંભાળ સુવિધાઓ અને સન્માનપૂર્ણ તથા અર્થસભર જીવન માટેની તકો સાથે એક પ્રેમાળ, આજીવન આશ્રય પૂરો પાડશે

મુંબઈ,

રિલાયન્સ ફાઉન્ડેશનનાં સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણીએ આજે ‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ની સ્થાપનાની જાહેરાત કરી હતી. આ એક અનોખી પહેલની કલ્પના અનાથ બાળકો, વરિષ્ઠ નાગરિકો અને ગર્ભાવસ્થાથી દિવ્યાંગ વ્યક્તિઓ માટે આજીવન ઘર તરીકે કરવામાં આવી છે. તે તેમને વ્યાપક સ્વાસ્થ્ય સંભાળ અને વ્યક્તિગત વિકાસની તકોના સહારે ગરિમાપૂર્ણ, સંભાળભર્યું, આરામદાયક અને સાર્થક જીવન પ્રદાન કરશે.

શ્રીમતી નીતા અંબાણીએ ગઈકાલે મુંબઈ નજીક આવેલા કરજતમાં પ્રસ્તાવિત સ્થળે ભૂમિપૂજન અને શિલાન્યાસ વિધિ સંપન્ન કરી હતી. આશરે ૧૦૦ એકર જમીનમાં ફેલાયેલી આ ટાઉનશિપ- ‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’- એક કાયમી, બિન-નફાકારક (નોટ-ફોર-પ્રોફિટ) સંસ્થા તરીકે પરિકલ્પિત છે, જેનું નિર્માણ તમામ આવશ્યક મંજૂરીઓને આધીન તબક્કાવાર રીતે કરવામાં આવશે.

આ પહેલના હાર્દમાં શ્રીમતી નીતા અંબાણીનો એ દ્રઢ વિશ્વાસ રહેલો છે કે દરેક જીવન સન્માનને પાત્ર છે અને પ્રત્યેક વ્યક્તિ સહાનુભૂતિ, કરુણા તથા સ્નેહાળ સંભાળ મેળવવાને લાયક છે. રિલાયન્સ ફાઉન્ડેશનની ‘વી કેર’ (ઊ ઝ્રટ્ઠિી) ની ભાવનામાં રહેલી આ દ્રષ્ટિ ‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય: પ્રત્યેક જીવન માટે એક ઘર’ના રૂપમાં ઊંડાણપૂર્વકની અર્થપૂર્ણ અભિવ્યક્તિ પામશે.

ભૂમિપૂજન સમારોહમાં બોલતાં રિલાયન્સ ફાઉન્ડેશનનાં સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણીએ જણાવ્યું હતું કે, ‘‘મારા અને મારા પરિવાર માટે ‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ એ અમારા હૃદયની અત્યંત નિકટ રહેલી એક નવી શરૂઆત છે. તે દિવ્યાંગ વ્યક્તિઓ, જેને ઘરની જરૂર છે તેવા બાળકો અને સ્નેહાળ સંભાળ તથા શાંતિ ઝંખતા વરિષ્ઠો માટે એક મમતાભર્યું ઘર બનાવવા તરફનું ડગલું છે. અમે એક એવા સમુદાયની કલ્પના કરીએ છીએ જ્યાં સંવેદનશીલ સંભાળ અને તબીબી સહાય પારિવારિક જીવનની હુંફ સાથે એકરૂપ બને; જ્યાં લોકો કુદરતના સાનિધ્યમાં રહે, તેમને શીખવાની, કામ કરવાની, મિત્રો બનાવવાની અને ઉત્સવો તથા તહેવારોનો આનંદ માણવાની ભરપૂર તકો મળે.’’

‘‘એક માતા તરીકે મારી સૌથી અંતરની ઊંડી આશા એ છે કે, જે માતા-પિતા આખી જિંદગી એ ચિંતામાં વિતાવતા હોય છે કે ‘અમારા પછી અમારા બાળકોનું કોણ?’, તેઓ એ જાણીને મનની શાંતિ મેળવી શકે કે તેમના બાળક પાસે હંમેશા પોતાનું એક ઘર અને પોતાનો એક પરિવાર રહેશે. સૌથી વિશેષ તો, અમે આશા રાખીએ છીએ કે ‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ દરેક ઉંમરે પ્રત્યેક વ્યક્તિને ગરિમા સાથે જીવવાની અને આશા સાથે દરેક નવી સવારને આવકારવાની તક આપે,’’ તેમ તેમણે ઉમેર્યું હતું.

‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ એક વિચારપૂર્વક ડિઝાઈન કરાયેલી, સર્વસમાવેશી ટાઉનશિપ તરીકે પરિકલ્પિત છે, જે ગર્ભાવસ્થાથી દિવ્યાંગતા ધરાવતા લોકો, અનાથ બાળકો અને વરિષ્ઠ નાગરિકો સહિત ૫,૦૦૦ થી વધુ નિવાસીઓને આજીવન ઘર પૂરું પાડશે. સંભાળ રાખનારાઓ (કેરગીવર્સ), તબીબી નિષ્ણાતો, સહાયક કર્મચારીઓ અને તેમના પરિવારો સાથે મળીને આ ટાઉનશિપ આશરે ૧૫,૦૦૦ લોકોના સમુદાયને સમાવી લેશે તેવી અપેક્ષા છે.

કોઈ સામાન્ય સંસ્થા કરતાં વિશેષ, ‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ એક જીવંત, સંભાળ રાખતો સમુદાય બનશે જ્યાં નિવાસીઓ દર્દી તરીકે નહીં પરંતુ પાડોશી તરીકે પરિવારની હુંફ, સુરક્ષા અને પોતીકાપણાની ભાવના સાથે રહેશે. આ ટાઉનશિપમાં ઘરો, શેરીઓ, મંદિર, હોસ્પિટલ, રમતનાં મેદાનો, બગીચાઓ, ફાર્મ અને વર્કશોપ હશે, જે એક એવું વાતાવરણ પૂરું પાડશે જ્યાં પ્રત્યેક વ્યક્તિને પરિપૂર્ણ અને અર્થપૂર્ણ જીવન જીવવાની તક મળશે.

નિવાસીઓ સમર્પિત ‘હાઉસ પેરેન્ટ્સ’ અને કેરટેકર્સના સહારે નાના, કૌટુંબિક શૈલીના ઘરોમાં રહેશે. દરેક ઘર આરામ, પરિચિતતા અને અંગત લગાવની ભાવના પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવશે, જ્યાં નિવાસીઓને તેમના મનપસંદ રંગો, તસવીરો અને પ્રિય વસ્તુઓથી પોતાના ઓરડા સજાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.



દરેક નિવાસી માટે એક વ્યક્તિગત સંભાળ અને વિકાસ યોજના (ઈન્ડિવિજ્યુઅલાઈઝ્ડ કેર એન્ડ ડેવલપમેન્ટ પ્લાન) તેમની અને તેમના પરિવારોની સલાહ લઈને તૈયાર કરવામાં આવશે, જેમાં આરોગ્ય, શિક્ષણ, કૌશલ્ય, રોજગાર, મિત્રતા અને વ્યક્તિગત કલ્યાણનો સમાવેશ થશે. એક સમર્પિત કી-વર્કર (સંકલનકર્તા) આ સંભાળનું સંકલન કરશે અને સહાય બાળપણથી લઈને વૃદ્ધાવસ્થા સુધી વ્યક્તિગત જરૂરિયાતો અનુસાર વિકસતી રહે તે સુનિશ્ચિત કરવા દર છ મહિને આ યોજનાઓની સમીક્ષા કરવામાં આવશે.

પ્રસ્તાવિત ટાઉનશિપમાં આઠ રહેણાંક ગામો (રેસિડેન્શિયલ વિલેજ) હશે, જે પ્રત્યેકનું નામકરણ ભારતના પવિત્ર નદીઓના નામ પરથી કરવામાં આવશે. દરેક ગામનો પોતાનો એક આગવો રંગ, પ્રતીક અને સેન્સરી ગાર્ડન (સંવેદનાત્મક બગીચો) હશે, જે નિવાસીઓને વધુ સરળતા અને સ્વાયત્તતા સાથે આસપાસના પરિસરમાં હરવા-ફરવામાં સહાયક બનશે.

‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ આસપાસના ગ્રામીણ સમુદાયનો અભિન્ન હિસ્સો બનવાનો પણ પ્રયાસ કરશે. તેનું મંદિર, હોસ્પિટલ, રમતગમતની સુવિધાઓ અને કાફે પડોશી ગામોની સેવા કરશે તેવી કલ્પના છે, જ્યારે આ પ્રદેશના આશરે ૧,૦૦૦ લોકોને થેરાપી, શિક્ષણ અને રોજગારની તકો પ્રાપ્ત થવાની અપેક્ષા છે. આ ઉપરાંત, હજારો અન્ય લોકોને રેસ્પાઈટ કેર (પરિવારો માટે રાહત સંભાળ), આઉટરીચ પ્રોગ્રામ્સ અને સામુદાયિક સ્વાસ્થ્ય સેવાઓનો લાભ મળશે.

સર્વ માટે વ્યાપક સંભાળ, આરોગ્ય સેવાઓ અને અવસરો

‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ એક ઉછેરયુક્ત અને સમાવેશી વાતાવરણમાં વિશિષ્ટ આરોગ્ય સેવાઓ, શિક્ષણ, પુનર્વસન, મનોરંજન અને અર્થપૂર્ણ રોજગારની તકોનો સુભગ સમન્વય કરશે.

પ્રસ્તાવિત સુવિધાઓ અને સેવાઓમાં નીચેની બાબતો સામેલ છે:

કૌટુંબિક શૈલીના રહેણાંક ઘરો: સ્થિરતા, આરામ અને વ્યક્તિગત સહાય પ્રદાન કરવા માટે સાથે રહેતા ‘હાઉસ પેરેન્ટ્સ’ અને સમર્પિત કેરટેકર્સ સાથેના કૌટુંબિક ઘરો.

વિશિષ્ટ સુવિધાયુક્ત હોસ્પિટલ: ડેવલપમેન્ટલ મેડિસિન, એપિલેપ્સી (વાઈ/આંચકી) કેર, સ્પેશિયલ-નીડ્સ ડેન્ટિસ્ટ્રી, પેલિયેટિવ કેર અને વ્યાપક તબીબી સહાય પૂરી પાડતી હોસ્પિટલ.

અદ્યતન પુનર્વસન (રિહેબિલિટેશન) કેન્દ્ર: ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી અને હાઈડ્રોથેરાપીની આધુનિક સગવડો.

સમાવેશી રમતગમત અને મનોરંજન પરિસર: સંગીત, કલા, સર્જનાત્મક અભિવ્યક્તિ અને સંવેદનાત્મક અનુભવો માટેની વિશેષ તકો સહિત.

સર્વસમાવેશી શૈક્ષણિક વ્યવસ્થા: દિવ્યાંગ બાળકો માટે વિશિષ્ટ શિક્ષણ (સ્પેશિયલ એજ્યુકેશન) તેમજ સ્ટાફના બાળકો માટે સામાન્ય શાળાનું એકીકૃત મોડેલ.

એનિમલ કમ્પેનિયનશિપ ફાર્મ: નિવાસીઓ અને પ્રાણીઓ વચ્ચે સકારાત્મક અને લાગણીસભર જોડાણને પ્રોત્સાહન આપવા માટે ‘વનતારા’ના સહયોગથી વિકસિત ફાર્મ.

વ્યવસાયિક તાલીમ અને રોજગારની તકો: બેકરી, કાફે અને ક્રાફ્ટ સ્ટુડિયો સહિતની સુવિધાઓ, જેનાથી નિવાસીઓ કૌશલ્ય કેળવી શકે, મહેનતાણું મેળવી શકે અને શ્રમની ગરિમાનો અનુભવ કરી શકે.

ફેમિલી રેસ્પાઈટ હોમ્સ અને મોબાઈલ મેડિકલ ક્લિનિક્સ: આસપાસના જિલ્લાઓમાં પરિવારો અને સમુદાયો સુધી સંભાળ અને સહાયનો વિસ્તાર.

રાષ્ટ્રીય તાલીમ અકાદમી: વિશિષ્ટ તાલીમ અને ક્ષમતા નિર્માણ (કેપેસિટી બિલ્ડિંગ) દ્વારા ભારતના દિવ્યાંગ-સંભાળ ક્ષેત્રના કાર્યબળને સુદ્રઢ કરવા સમર્પિત નેશનલ ટ્રેનિંગ એકેડેમી.

સમર્પિત હોસ્પાઈસ વિંગ અને સ્મૃતિ ઉપવન: શાંત અને ગરિમાપૂર્ણ વાતાવરણમાં જીવનના અંતિમ તબક્કાની કરુણાપૂર્ણ સંભાળ પૂરી પાડવા માટે.

‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ એવા લોકો માટે આશા અને સ્નેહનું કેન્દ્ર બનવા માટે કલ્પિત છે જેઓ ત્યજી દેવાયેલા છે, એકલા છે અથવા જેમને આજીવન સંભાળની જરૂર છે. તે એવા પરિવારોને સહારો આપશે જેમણે વર્ષો સુધી પોતાના સ્વજનોની સેવામાં જીવન સમર્પિત કર્યું છે, છતાં ઘણીવાર તેમને વિશિષ્ટ સેવાઓ કે વિરામનો અભાવ સાલતો રહ્યો છે.

ગર્ભાવસ્થાથી થયેલી દિવ્યાંગતા, સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ, એપિલેપ્સી અને જટિલ તબીબી પરિસ્થિતિઓ સાથે જીવતા લોકો માટે—ખાસ કરીને જેમને સતત નિષ્ણાતોની સંભાળની જરૂર હોય છે—‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ એવો સહારો, સુરક્ષા અને તકો પૂરી પાડવાનો પ્રયાસ કરશે જે સામાન્ય રીતે મોટા શહેરો સિવાય મેળવવી દુષ્કર હોય છે.

સર્વોપરી રીતે, ‘નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય’ એક એવું સ્થાન બનવાની આકાંક્ષા રાખે છે જ્યાં કોઈ એકલતા ન અનુભવે, દરેક જીવનનું મૂલ્ય સચવાય અને દરેક વ્યક્તિ પાસે જીવનભર માટે પોતાનું કહી શકાય તેવું એક ઘર હોય.

રાજ્ય સ્તરીય બેંકર્સ સમિતિ (SLBC), ગુજરાતની ૧૯૧મી બેઠક



બેંક ઑફ બરોડા દ્વારા ૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતે રાજ્ય સ્તરીય બેંકર્સ સમિતિ (SLBC), ગુજરાતની ૧૯૧મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકની અધ્યક્ષતા શ્રી લાલ સિંહ, અધ્યક્ષ, SLBC ગુજરાત તથા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, બેંક ઑફ બરોડાએ કરી હતી.

બેઠકમાં સુશ્રી સ્વાગત ભંડારી, IAS, નિયામક, નાણાકીય સેવા વિભાગ (DFS), ભારત સરકાર (વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા); શ્રી અમરેશ રંજન,ક્ષેત્રીય નિયામક, ભારતીય રિઝર્વ બેંક, અમદાવાદ; શ્રી જી. વી. સુનીલ કુમાર, મુખ્ય મહાપ્રબંધક, નાબાર્ડ; સુશ્રી પ્રશસ્તિ પારીક, IAS, મેનેજિંગ ડિરેક્ટર, GLPC; શ્રી મહેશ જાની, IAS, મિશન ડિરેક્ટર, GULM; શ્રી અમિત મીણા, નિયામક (સંસ્થાકીય વિત્ત), ગુજરાત સરકાર; તથા શ્રી રવીશ કુમાર, કન્વીનર, SLBC ગુજરાત અને જનરલ મેનેજર, બેંક ઑફ બરોડા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર સરકારના વિભાગો, ભારતીય રિઝર્વ બેંક, નાબાર્ડ, સભ્ય બેંકો, તમામ લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરો તથા અન્ય હિતધારક સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.

સમિતિએ સપ્ટેમ્બર ૨૦૨૬માં પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે બેંકિંગ ક્ષેત્રની કામગીરીની સમીક્ષા કરી હતી અને સતત વૃદ્ધિની નોંધ લીધી હતી. કુલ થાપણો ?૧૬.૦૯ લાખ કરોડ અને કુલ ધિરાણ ?૧૫.૧૫ લાખ કરોડ થયું હતું, જેમાં અનુક્રમે ત્રિમાસિક ધોરણે ૮.૭૭% અને ૮.૬૯% વૃદ્ધિ નોંધાઈ હતી. રાજ્યમાં બેંકિંગ નેટવર્કનો વિસ્તાર થઈ ૧૧,૧૮૯ શાખાઓ, ૧૨,૧૦૦ એટીએમ અને ૪૯,૨૫૭ સક્રિય બિઝનેસ કોરસ્પોન્ડન્ટ્સ (BCs) સુધી પહોંચ્યો હતો, જ્યારે CD રેશિયો ૯૪.૧૬% રહ્યો હતો. વાર્ષિક ધિરાણ યોજના (ACP) ૨૦૨૬-૨૭ હેઠળ બેંકોએ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં વાર્ષિક લક્ષ્યાંકના ૭૬.૭૧% જેટલી સિદ્ધિ મેળવી હતી અને ?૯.૨૩ લાખ કરોડથી વધુનું ધિરાણ વિતરણ કર્યું હતું. તેમાં પ્રાથમિકતા ક્ષેત્ર હેઠળ ૭૨.૮૬% સિદ્ધિ સાથે ?૪.૬૩ લાખ કરોડથી વધુનું ધિરાણ વિતરણ સામેલ છે.

સમિતિએ કૃષિ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)ને ધિરાણ, નાણાકીય સમાવેશ, સામાજિક સુરક્ષા યોજનાઓ, સ્વસહાય જૂથો (SHGs)નું બેંક ધિરાણ સાથે જોડાણ, NPS Sanchay, સ્ટાર્ટઅપ ધિરાણ, ડિજિટલ પેમેન્ટ્સ અને સાયબર સુરક્ષા જેવા વિષયો પર ચર્ચા કરી હતી. ખાસ કરીને ઓછા ઝ્ઠ રેશિયો ધરાવતા ડાંગ, પોરબંદર અને નવસારી જિલ્લાઓમાં ધિરાણનો પ્રવાહ વધારવા તેમજ કૃષિ અને વંચિત વર્ગો સુધી ધિરાણની પહોંચ ઝડપી બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમિતિએ SLBCના વિશેષ અભિયાન ''સમૂહથી સમૃદ્ધિ''ની પ્રગતિની પણ સમીક્ષા કરી હતી, જે અંતર્ગત પ્રથમ પખવાડિયામાં ૪,૬૧૫ નવા સ્વસહાય જૂથોને બેંક ધિરાણ સાથે જોડવામાં આવ્યા હતા. ગુજરાતનાં ૧૮,૦૦૦ ગામોમાં મહિલાઓ દ્વારા સંચાલિત અમૂલ પાર્લરો સાથે ભાગીદારી દ્વારા સ્વસહાય જૂથોની આજીવિકાને પ્રોત્સાહન આપવા માટે GLPC દ્વારા કરવામાં આવેલી પહેલની પણ પ્રશંસા કરવામાં આવી હતી.

બેઠકમાં ગુજરાત સરકાર, ભારતીય રિઝર્વ બેંક, નાણાકીય સેવા વિભાગ (DFS), નાબાર્ડ, સભ્ય બેંકો અને અન્ય હિતધારકોએ ધિરાણ વિતરણને વધુ મજબૂત બનાવવા, નાણાકીય સમાવેશનો વ્યાપ વધારવા તથા ગુજરાતમાં સંતુલિત અને ટકાઉ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટેની પોતાની સામૂહિક પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. બેઠક દરમિયાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરો (LDMs)નું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

યુક્રેનને નોર્વે તરફથી મોટી સૈન્ય સહાય

રશિયા સાથેના યુદ્ધ વચ્ચે નોર્વે યુક્રેનને એક અબજ ક્રોનર આપશે



કીવ, તા.૪

રશિયા સાથે ચાલી રહેલા ભીષણ યુદ્ધ વચ્ચે યુક્રેનની સૈન્ય તાકાત વધારવા માટે નોર્વે સરકારે મોટું પગલું ભર્યું છે. નોર્વેએ યુક્રેનના સંરક્ષણ ઉદ્યોગમાં રોકાણ કરવા માટે ૧ અબજ નોર્વેજીયન ક્રોનર એટલે કે ૧,૦૧૮ કરોડ રૂપિયા(આશરે ૧૦૭.૬ મિલિયન ડૉલર)નું વિશેષ ફંડ બનાવવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ નોર્વે સરકાર પોતાના દેશના ખાનગી ક્ષેત્ર સાથે ભાગીદારી કરીને યુક્રેનના ડિફેન્સ સેક્ટરમાં મૂડીરોકાણ કરશે.નોર્વે સરકારના જણાવ્યા મુજબ, આ ફંડનો મુખ્ય હેતુ યુક્રેનના સંરક્ષણ ક્ષેત્રમાં વધુમાં વધુ ખાનગી રોકાણને આકર્ષવાનો છે. સરકાર દ્વારા ફાળવવામાં આવતી આ રકમ ખાનગી કંપનીઓને મૂડી એકત્ર કરવામાં મદદ કરશે, જેથી યુક્રેનની ડિફેન્સ ટૅક્નોલૉજી અને ઉત્પાદન ક્ષમતા ઝડપથી વિસ્તારી શકાય. નોર્વે એક સભ્ય દેશ છે, જેના પર અમેરિકા તરફથી સંરક્ષણ ક્ષેત્રે ખર્ચ અને રોકાણ વધારવાનું દબાણ પહેલેથી જ રહેલું છે.'રશિયાને ઉશ્કેરતા નિવેદનો ટાળો, બોલવામાં સંયમ રાખો', યુરોપિયન સહયોગીઓને અમેરિકાની સલાહ; સિક્રેટ મેસેજ લીકનોર્વેના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી સેસિલી મિરસથે સ્પષ્ટ કર્યું છે કે, નોર્વેનું આ રોકાણ યુક્રેનના સંરક્ષણ ક્ષેત્રને ઝડપી ગતિ આપશે. આ સમગ્ર પ્રોજેક્ટનું સંચાલન નોર્વેની સરકારી રોકાણ કંપની ઈન્વેસ્ટિનોર દ્વારા કરવામાં આવશે. આગળ જતાં આ યોજનાનો વ્યાપ વધારીને યુક્રેનની સ્થાનિક કંપનીઓમાં સીધી ભાગીદારી ખરીદવા સુધી પણ વિસ્તારી શકાય છે.આ આખી રોકાણ યોજનાનું આર્થિક માળખું ૩ વર્ષ માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ માટે જરૂરી નાણાં નોર્વેના બહુવર્ષીય નાનસેન સપોર્ટ પ્રોગ્રામ હેઠળ યુક્રેનને અપાતી સૈન્ય સહાય માટે અગાઉથી નક્કી કરેલા બજેટમાંથી ફાળવવામાં આવશે.નોર્વેના રક્ષા મંત્રી તોરે ઓ. સેન્ડવિકના જણાવ્યા અનુસાર, યુક્રેનની રક્ષા ક્ષમતા મજબૂત કરવી એ માત્ર યુક્રેન પૂરતું સીમિત નથી, પરંતુ તે સમગ્ર યુરોપ અને ખુદ નોર્વેની લાંબાગાળાની સુરક્ષા સુનિશ્ચિત કરવા સમાન છે. આ પહેલ દ્વારા નોર્વે માત્ર યુક્રેનના ડિફેન્સ ઈન્ડસ્ટ્રીને ટેકો આપવા નથી માંગતું, પરંતુ પોતાની સ્થાનિક ખાનગી કંપનીઓને પણ ત્યાં વિકસી રહેલી આધુનિક રક્ષા ટૅક્નોલૉજી સાથે જોડવા માંગે છે.


ચંફાઈ જિલ્લામાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ આવતા લોકોમાં ફફડાટ

નવી દિલ્હી, તા.૪

ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં અત્યારે ભૂકંપની ઘટનાઓ સતત વધી રહી છે. છેલ્લા કેટલાક સમયમાં અલગ અલગ દેશોમાં આવેલા ભૂકંપના કારણે હજારો લોકોએ પોતાના જીવ ગુમાવ્યો છે. ભારતમાં પણ કેટલાક સમયથી અલગ અલગ રાજ્યોમાં ધરા ધ્રુજી રહી છે. તેવામાં અત્યારે મિઝોરમમાં ભૂકંપ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ ભૂકંપના કારણે કોઈ જાનહાનિ નથી, તેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. વધારે વિગતે વાત કરવામાં આવે તો, રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ ભૂકંપની જાણકારી આપવામાં આવી છે. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ જણાવ્યું કે, મંગળવારે રાત્રે મિઝોરમના ચંફાઈ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. મિઝોરમમાં આવેલા આ ભૂકંપની રિક્ટર સ્કેલ પર ૩.૭ની તીવ્રતા નોંધાઈ હતી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યાં પ્રમાણે આ ભૂકંપ મંગળવારે રાત્રે ૧૧.૪૫ વાગ્યે આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર જમીનમાં ૨૪ કિમી નીચે નોંધાયું હતું. નજીવા ભૂકંપના આંચકાના કારણે કોઈ જાનહાનિ નથી થઈ પરંતુ લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ભારતમાં આવેલા અન્ય ભૂકંપની વાત કરીએ તો, શુક્રવારે જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. વહેલી સવારે આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૬ની નોંધાઈ હતી. લોકો સવારે પોતાના ઘરોમાં સુઈ રહ્યાં હતા, ત્યારે આ ભૂકંપ આવતા સત્વરે તેઓ ઘરની બહાર દોડી આવ્યાં હતાં. ભૂકંપની તીવ્રતા વધારે નહોતી પરંતુ ધરતી ધ્રુજી તેનો અહેસાસ થયા લોકો ડરીને ઘરની બહાર દોડી આવ્યાં હતાં. ભૂકંપના કારણે થોડા સમયથી અફરાતફરીનો માહોલ પણ સર્જાઈ ગયો હતો.

જીટીયુના ૧૪મા આંતર-કોલેજ યુવા મહોત્સવ 'સ્પંદન - ક્ષિતિજ-૨૦૨૬' નો ભવ્ય પ્રારંભ

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા આયોજિત ૧૪મા આંતર-કોલેજ યુવા મહોત્સવ 'સ્પંદન – ક્ષિતિજ-૨૦૨૬'નો જીટીયુના ચાંદખેડા કેમ્પસ સ્થિત સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય પ્રારંભ થયો હતો. 'કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનો ધબકાર'ની થીમ સાથે આયોજિત આ મહોત્સવમાં જીટીયુની ૬૯ સંલગ્ન સંસ્થાઓના ૧,૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. 'સ્પંદન'ના માધ્યમથી યુવા પ્રતિભાઓને પોતાની કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાને અભિવ્યક્ત કરવાની અનોખી તક મળી રહી છે.



આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના માનનીય મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પદ્મશ્રી શ્રી તુષાર શુક્લા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જીટીયુના માનનીય કુલપતિ (ઇન્ચાર્જ) પ્રો. (ડૉ.) વૈભવ ભટ્ટ તથા કુલસચિવ ડૉ. કે. એન. ખેર સહિતના મહાનુભાવો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જીટીયુ ગીતની પ્રસ્તુતિ સાથે મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. જીટીયુના કુલસચિવ ડૉ. કે. એન. ખેર દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ શ્રી તુષાર શુક્લાએ વિદ્યાર્થીઓને કલા અને સાહિત્યના માધ્યમથી પોતાની સર્જનાત્મક પ્રતિભા વિકસાવવા પ્રેરણા આપી હતી. કુલપતિ (ઇન્ચાર્જ) પ્રો. (ડૉ.) વૈભવ ભટ્ટે યુવાનોના સર્વાંગી વિકાસમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. મુખ્ય અતિથિ ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મક ક્ષેત્રોમાં પણ આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

રાજ્ય સરકાર મોંઘવારીને ડામવા માટે કડક પગલાં ભરે : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૪

ભાજપ સરકાર આવશ્યક વસ્તુઓના ભાવ નિયંત્રિત કરવામાં અને લોકોને રાહત આપવામાં સંપૂર્ણ નાકામ છે. કાળાબજારીયા-સંગ્રહખોરો અને ભેળસેળીયા તત્વો બેકાબૂ છે. પ્રજા મોંઘવારી થી ત્રસ્ત છે, ભાજપ સરકાર મૌન છે ત્યારે જનતાને મોંઘવારીમાંથી રાહત આપવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, દિવાળીના પવિત્ર તહેવાર પહેલાં સામાન્ય ગ્રાહકો પર મોંઘવારીનો મોટો આંચકો પડ્યો છે. અમૂલે ઘી અને બટરના ભાવમાં ધરખમ વધારો કર્યો છે. ૧ કિલો અમૂલ ઘીનું કાર્ટન ૬૩૦ રૂપિયાથી વધીને ૬૮૦ રૂપિયા થઈ ગયું છે (સીધો ૫૦ રૂપિયાનો વધારો). ૫૦૦ ગ્રામ શુદ્ધ ઘીનું પાઉચ ૩૨૫થી ૩૪૫ રૂપિયા થયું છે. બટરમાં પણ ૧૦૦ ગ્રામમાં ૩ રૂપિયા અને ૫૦૦ ગ્રામમાં ૧૫ રૂપિયાનો વધારો થયો છે. તહેવારોના સમયે બજારમાં અમૂલ ઘી મળતું નથી અને ભેળસેળવાળા ઘીનો વેપલો ચાલી રહ્યો છે. એક તરફ રાજ્યના ૧૨ હજાર ગામોમાં વડાપ્રધાનશ્રીના ભાષણ સાંભળવા માટેની વ્યવસ્થા માટે અમુલ દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ ઉધારવામાં આવે જ્યારે બીજી તરફ ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગ પર મોંઘવારીનો ડામ કેટલે અંશે વ્યાજબી? રાજ્ય સરકાર શુદ્ધ ઘી ઉપલબ્ધ કરાવવામાં અને ભેળસેળિયા-કાળા બજારીયાને રોકવામાં નિષ્ફળ ગઈ છે.

આ સાથે જ સી.એન.જી., પી.એન.જી., ગેસ સિલિન્ડર, પેટ્રોલ-ડીઝલ અને ખાદ્યપદાર્થોના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. અદાણી ટોટલ ગેસ દ્વારા સી.એન.જી.ના ભાવમાં અચાનક અને ધરખમ રીતે કરવામાં આવેલા રૂ. ૪.૪૫ પ્રતિ કિલોના વધારાની સખત નિંદા કરે છે. આ વધારાને કારણે અમદાવાદમાં સી.એન.જી.નો ભાવ રૂ. ૯૮.૪૭ પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. દિવાળીના માત્ર થોડા દિવસ પહેલાં લેવાયેલો આ નિર્ણય સામાન્ય નાગરિકો ખાસ કરીને રિક્ષા ચાલકો, ટેક્સી ચાલકો, સ્કૂલ વાન ચાલકો, નાના પરિવહનકારો અને મધ્યમ વર્ગના પરિવારો પર ભારે આર્થિક બોજ લાદશે, જેઓ દૈનિક જીવન અને રોજગાર માટે સી.એન.જી. પર આધારિત છે. આ કોઈ અલગ વધારો નથી. છેલ્લા છ મહિનામાં જ અદાણી ટોટલ ગેસે સી.એન.જી.ના ભાવમાં ઓછામાં ઓછા પાંચ વખત વધારો કર્યો છે. સામાન્ય માણસને કોર્પોરેટ ભાવ નિર્ણયો કે નીતિની નિષ્ફળતાની કિંમત ચૂકવવી પડે તે વ્યાજબી નથી. વડોદરા ગેસ લિમિટેડે સી.એન.જી. (CNG)માં પ્રતિ કિલો ૧.૫૦ રૂપિયા (હવે ૯૦.૫૦ રૂપિયા) અને ઘરેલું પી.એન.જી. (PNG)માં ૫૦ પૈસાનો વધારો કર્યો છે.

ફ્લોરિડા ડિસ્ટ્રિક્ટમાંથી મેળવી ભવ્ય જીત

અમેરિકી સંસદની ચૂંટણીમાં ભારતીય મૂળના પિયા ડાંડિયાનો વિજય થયો

વોશિંગ્ટન, તા.૪

અમેરિકાની મિડ-ટર્મ ચૂંટણીના પરિણામોમાં ભારતીય મૂળના ઉમેદવારોનો દબદબો જોવા મળી રહ્યો છે. ફ્લોરિડાની ૨૨મી કૉંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટ બેઠક પરથી ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર પિયા ડાંડિયાએ ભવ્ય વિજય મેળવીને ઐતિહાસિક સિદ્ધિ હાસિલ કરી છે. ડેમોક્રેટ્સ માટે અત્યંત પડકારજનક ગણાતી આ બેઠક પર પિયા ડાંડિયાએ રિપબ્લિકન ઉમેદવાર અને ભૂતપૂર્વ સૈનિક કેસી અસકરને પરાજય આપીને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (પ્રતિનિધિ સભા)માં સ્થાન સુનિશ્ચિત કર્યું છે.

જાહેર થયેલા આંકડા મુજબ, પિયા ડાંડિયાને ૫૧.૯ ટકા મત સાથે ૧,૫૧,૯૨૬ મત મળ્યા હતા, જ્યારે તેમની સામે ચૂંટણી લડી રહેલા કેસી અસકરને ૪૯.૧ ટકા મત (૧,૪૦,૯૩૩ મત) પ્રાપ્ત થયા હતા. પિયા ડાંડિયાનો જન્મ ફ્લોરિડાના પામ બીચ કાઉન્ટીમાં થયો હતો અને તેમના માતા-પિતા વર્ષો પહેલાં અમેરિકા સ્થાયી થયાં હતાં. ૨૮ વર્ષની ઉંમરે મિડલ સ્કૂલમાં શિક્ષક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેઓ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ બન્યા હતા અને સૌથી ઓછી ઉંમરે પ્રિન્સિપાલ બનનારા લોકોમાં સ્થાન મેળવ્યું હતું.

ચૂંટણીમાં વિજય બાદ પિયા ડાંડિયાએ જણાવ્યું હતું કે તેઓ તેમના વિદ્યાર્થીઓ અને પુત્ર માટે વધુ સુરક્ષિત ભવિષ્ય બનાવવા માગે છે. અમેરિકી કૉંગ્રેસમાં ભવિષ્યલક્ષી કાયદા બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા તેમણે સોશિયલ સિક્યોરિટી, મેડિકેડ, મોંઘવારી નિવારણ તેમજ ભૂતપૂર્વ સૈનિકો અને કામદાર પરિવારો માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

પશ્ચિમ રેલ્વે અમદાવાદ-રાજગીર વચ્ચે અનરિઝર્વ્ડ સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવશે

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા તેમજ વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ–રાજગીર સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર અનરિઝર્વ્ડ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર ૦૯૪૪૧/૦૯૪૪૨ અમદાવાદ–રાજગીર અનરિઝર્વ્ડ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચકુલ ૪ ફેરા

ટ્રેન નંબર ૦૯૪૪૧ અમદાવાદ–રાજગીર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દર બુધવારે અમદાવાદથી રાત્રે ૨૩:૫૫ કલાકે ઉપડશે અને શુક્રવારે સવારે ૦૬:૫૫ કલાકે રાજગીર પહોંચશે. આ ટ્રેન ૦૪ અને ૧૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ દોડશે.

તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૪૨ રાજગીર–અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દર શુક્રવારે રાજગીરથી સવારે ૦૯:૫૫ કલાકે ઉપડશે અને શનિવારે સાંજે ૧૮:૩૫ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન ૦૬ અને ૧૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ દોડશે.

આ ટ્રેન બંને દિશામાં આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, હિંડોન સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, સુબેદારગંજ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પટના, પટના સાહિબ, બખ્તિયારપુર, બિહાર શરીફ અને નાલંદા સ્ટેશનો પર ઊભી રહેશે.

આ ટ્રેન સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ રહેશે.

અમદાવાદ મંડળે દીવાળી અને છઠ પૂજા દરમિયાન યાત્રીઓની સુવિધા અને સુરક્ષિત યાત્રા માટે કરી વ્યાપક વ્યવસ્થા

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન યાત્રીઓની વધતી સંખ્યા અને વધારાની ભીડને ધ્યાનમાં રાખીને સુરક્ષિત, સરળ અને વ્યવસ્થિત રેલવે યાત્રા સુનિશ્ચિત કરવા માટે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રીઓની સુવિધા માટે વિવિધ ગંતવ્ય સ્થાનો માટે વિશેષ ટ્રેનોની ૭૦ થી વધુ ટ્રિપ ચલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત, મુખ્ય ટ્રેનોમાં વધારાના કોચ જોડવામાં આવ્યા છે તથા અમદાવાદ, સાબરમતી અને અસારવા રેલવે સ્ટેશનો પર ભીડ વ્યવસ્થાપન અને સુરક્ષાના વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે દિવાળી અને છઠ પૂજા દરમિયાન યાત્રીઓની વધારાની ભીડને જોતાં મુખ્ય રૂપે ઉત્તર ભારત તરફ જતી વિશેષ ટ્રેનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ ટ્રેનો મારફતે બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઉત્તર પ્રદેશ જનારા યાત્રીઓને સુવિધા મળશે. આ ઉપરાંત, રાજકોટ અને ભુજ તરફથી આવતી તથા અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો થઈને પસાર થતી લગભગ ૨૦ થી ૨૫ થ્રુ-પાસિંગ ટ્રેનોના યાત્રીઓની અવરજવરને પણ ધ્યાનમાં રાખીને પૂરતી વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે રેલવે પ્રશાસન, રેલવે સુરક્ષા દળ (RPF), રાજકીય રેલવે પોલીસ (GRP) અને ટ્રાફિક પોલીસ દ્વારા પરસ્પરના સંકલનથી એક વિગતવાર યોજના તૈયાર કરવામાં આવી છે. આ હેઠળ અનરિઝર્વ્ડ યાત્રીઓની ભીડને અલગ-અલગ વ્યવસ્થિત કરવા તથા રિઝર્વ્ડ ટિકિટ વાળા યાત્રીઓ માટે અલગ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. રિઝર્વ્ડ યાત્રીઓના સ્ટેશન પર પ્રવેશ, પ્લેટફોર્મ સુધી પહોંચવા, રાહ જોવાની તથા નિર્ધારિત સમયે ટ્રેનમાં ચઢવાની આખી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવામાં આવી છે. સ્ટેશન સંકુલમાં અને પ્લેટફોર્મ પર યાત્રીઓની અવરજવર અને ભીડની સ્થિતિ પર સીસીટીવી કેમેરા મારફતે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે, જેથી કોઈપણ પરિસ્થિતિમાં તાત્કાલિક આવશ્યક પગલાં લઈ શકાય. રેલવે પ્રશાસનનો પ્રયાસ છે કે તહેવારો દરમિયાન દરેક યાત્રીને સુરક્ષિત, સરળ અને ઉત્તમ યાત્રાનો અનુભવ ઉપલબ્ધ કરાવવામાં આવી શકે.

તહેવારો દરમિયાન વિશેષ ટ્રેનોનું સંચાલન

તહેવારો દરમિયાન યાત્રીઓની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા નવેમ્બર ૨૦૨૬માં વિવિધ ગંતવ્ય સ્થાનો માટે વિશેષ ટ્રેનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આમાં મુખ્ય રૂપે સાબરમતી–લાલકુઆં, અસારવા–કાનપુર સેન્ટ્રલ, અસારવા–આગરા કેન્ટ, ભુજ–બાન્દ્રા ટર્મિનસ, અમદાવાદ–મંગલુરૂ જંક્શન, સાબરમતી–હરિદ્વાર, અમદાવાદ–દરભંગા,



ગાંધીધામ–ભાગલપુર, સાબરમતી–પ્રયાગરાજ, અમદાવાદ–મુંબઈ સેન્ટ્રલ, અમદાવાદ–માલદા ટાઉન, અસારવા–પ્રયાગરાજ અને અમદાવાદ–રાજગીર વિશેષ ટ્રેનો સામેલ છે.

મુખ્ય ટ્રેનોમાં વધારાના કોચની વ્યવસ્થા

યાત્રીઓની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને વિવિધ ટ્રેનોમાં વધારાના કોચ પણ જોડવામાં આવ્યા છે, જેનાથી યાત્રીઓને વધુ સીટો ઉપલબ્ધ થઈ શકે.

અમદાવાદ, સાબરમતી અને અસારવા રેલવે સ્ટેશનો પર વિશેષ ભીડ વ્યવસ્થાપન અને સુરક્ષા બંદોબસ્ત

અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા અને ભીડ નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે વધારાના સુરક્ષા દળોની સાથે રેલવે સુરક્ષા વિશેષ દળ (RPSF)ની એક વધારાની કંપનીની મદદથી પૂરતી સંખ્યામાં સુરક્ષાકર્મીઓની તૈનાતી કરવામાં આવી છે. તહેવારો દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ સ્ટેશન પર ૫૫, સાબરમતી સ્ટેશન પર ૪૦ અને અસારવા સ્ટેશન પર ૧૫ વધારાના રેલવે સુરક્ષા દળ (RPF)ના જવાનોની તૈનાતી કરવામાં આવી છે. આ ઉપરાંત, અમદાવાદ, સાબરમતી અને અસારવા રેલવે સ્ટેશનો પર અધિકારીઓ અને કર્મચારીઓની ચોવીસ કલાક (24×7) ડ્યુટી લગાવવામાં આવી છે. મુસાફરોને હોલ્ડિંગ એરિયામાં વ્યવસ્થિત રીતે બેસાડવા તેમજ નિર્ધારિત સમયે કતારબદ્ધ રીતે ટ્રેનોમાં ચઢાડવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ, મહિલા મુસાફરો, દિવ્યાંગજનો, વરિષ્ઠ નાગરિકો અને બાળકો સાથે મુસાફરી કરતા મુસાફરોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે અમદાવાદ રેલવે સ્ટેશન પર ૧૧૯ અને સાબરમતી રેલવે સ્ટેશન પર ૧૨૧ CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, દેખરેખ વ્યવસ્થાને વધુ વ્યાપક બનાવવા માટે અમદાવાદ રેલવે સ્ટેશન પર ૬૦ વધારાના CCTV કેમેરા લગાવવાનો પ્રસ્તાવ પણ મોકલવામાં આવ્યો છે. આ કેમેરા દ્વારા સ્ટેશન પરિસરમાં 24×7 સતત દેખરેખ રાખવામાં આવી રહી છે તથા CCTV કંટ્રોલ રૂમમાં કર્મચારીઓની ચોવીસ કલાક તૈનાતી કરવામાં આવી છે. આ ઉપરાંત, મુસાફરો સંબંધિત ગુનાઓને રોકવા માટે સાદા વસ્ત્રોમાં રેલવે સુરક્ષા દળના જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

સાબરમતી સ્ટેશન પર ટિકિટ કાઉન્ટરથી લઈને હોલ્ડિંગ એરિયા, પ્લેટફોર્મ અને ટ્રેનમાં ચઢવા સુધી સુવ્યવસ્થિત કતાર વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. મુસાફરોને ટિકિટ આપ્યા બાદ હોલ્ડિંગ એરિયા સુધી પહોંચાડવામાં આવે છે અને નિર્ધારિત સમયે કતારબદ્ધ રીતે પ્લેટફોર્મ પર લઈ જઈને ટ્રેનમાં બેસાડવામાં આવે છે.

PA સિસ્ટમ અને લાઉડ હેલર દ્વારા મુસાફરોને ધક્કામુક્કી ન કરવા, ટ્રેનના દરવાજા કે પગથિયાં પર ઊભા રહીને મુસાફરી ન કરવા, મહિલા અને બાળકોની સુરક્ષા જાળવવા તેમજ અજાણ્યા વ્યક્તિઓ પાસેથી ખાદ્યપદાર્થો કે પીણાં સ્વીકારવા નહીં તે અંગે સતત જાગૃત કરવામાં આવી રહ્યા છે.

મુસાફરોને હોલ્ડિંગ એરિયામાં વ્યવસ્થિત રીતે બેસાડવા તથા નિર્ધારિત સમયે કતારબદ્ધ રીતે ટ્રેનોમાં ચઢાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલા મુસાફરો, દિવ્યાંગજનો, વરિષ્ઠ નાગરિકો અને બાળકો સાથે મુસાફરી કરતા મુસાફરોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ ઉપરાંત, મુસાફરો સંબંધિત ગુનાઓની રોકથામ માટે સાદા વસ્ત્રોમાં રેલવે સુરક્ષા દળના જવાનોની પણ તૈનાતી કરવામાં આવી છે.

-: જાહેર નોટીસ :-

હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, પ્રવર નગર નિયોજક, અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જાણ કરું છું કે, ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા. ૨૮/૧૦/૨૦૨૬ ની અધિસુચના ક્રમાંક: જીએચ/વી/૨૦૨૬ નો ૨૦૨/નરચ-૧૦૨૦૧૮-૪૬૩૩-લ થી નીચે દર્શાવેલ મુસદ્દારૂપ નગર રચના યોજનાઓને અંતિમ કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૦ ની પેટા કલમ-(૧) અન્વયે પ્રાપ્ત થતી સત્તાની રૂએ નગર રચના અધિકારી તરીકે અમદાવાદ નગર રચના યોજના એકમ-૧ ના પ્રવર નગર નિયોજકની નિમણુંક કરવામાં આવેલ છે. આથી હું જાહેર નોટીસ આપુ છું કે નીચે દર્શાવેલ મુસદ્દારૂપ નગર રચના યોજનાઓને આખરી કરવાની કામગીરી હવે પછી અત્રેની કચેરીમાં કરવાની થતી હોઈ નીચે જણાવેલ સરનામે તે અંગેનો પત્રવ્યવહાર/ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

૧. ૨૧૭(ભાડજ-શીલજ-સોલા-હેબતપુર-થલતેજ)
૨. ૨૨૮(ઓગણજ-છારોડી-ખોડીયાર)
૩. ૨૩૬(લીલાપુર-ઓગણજ)

તા:-૦૩/૧૦/૨૦૨૬
સ્થળ :- અમદાવાદ

નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧
અમદાવાદ

કચેરીનું હાલનું સરનામુ:-
પ્રવર નગર નિયોજકની કચેરી
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ
ચોથો માળ, ઓફીસ નં. ૪૦૬, ૪૦૭, ૪૦૯, ૪૧૪, ૪૧૭,
એ.એમ.સી. મલ્ટીલેવલ પાર્કિંગ એન્ડ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯.

દિવાળી પૂર્વે અમૂલે એક કિલો ઘી માં રૂા. ૫૦ અને ૧૦૦ ગ્રામ બટરમાં રૂા. ૩ નો વધારો કર્યો

નવી દિલ્હી, તા.૪

દિવાળીના તહેવાર પહેલાં જ અમૂલ દ્વારા ઘી અને બટરની કિંમતોમાં વધારો કરવામાં આવતાં ગ્રાહકોના ખિસ્સા પર વધુ ભાર પડશે. કંપનીએ એક કિલો ઘીના પેકેટની કિંમતમાં રૂ.૫૦નો વધારો કર્યો છે. જ્યારે ૧૦૦ ગ્રામ બટરના પેકેટના ભાવમાં રૂ.૩નો વધારો કરવામાં આવ્યો છે. તહેવારો દરમિયાન ઘી અને બટરની માંગ વધતી હોય છે ત્યારે ભાવવધારાથી ગૃહિણીઓના બજેટ પર અસર થવાની શક્યતા છે.

અમૂલ દ્વારા કરવામાં આવેલા ભાવવધારા મુજબ, એક કિલો ઘીના પેકેટની કિંમત અગાઉ રૂ.૬૩૦ હતી, જે વધારીને રૂ.૬૮૦ કરવામાં આવી છે. એટલે કે ગ્રાહકોએ હવે એક કિલો ઘી ખરીદવા માટે રૂ.૫૦ વધુ ચૂકવવા પડશે.

તેવી જ રીતે, ૧૦૦ ગ્રામ બટરના પેકેટની કિંમત રૂ.૬૩થી વધારીને રૂ.૬૬ કરવામાં આવી છે. આમ, બટરના ભાવમાં પણ રૂ.૩નો વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર ૨૦૨૫માં જીએસટીના દરોમાં ઘટાડા બાદ અમૂલે તેની અનેક ડેરી પ્રોડક્ટ્સના ભાવમાં ઘટાડો કર્યો હતો. તે સમયે ઘી અને બટર સહિત આશરે ૭૦૦ જેટલી પ્રોડક્ટ્સના ભાવમાં રાહત આપવામાં આવી હતી.

અગાઉ એક કિલો ઘીનો ભાવ રૂ.૬૫૦થી ઘટાડીને રૂ.૬૧૦ કરવામાં આવ્યો હતો. જ્યારે પાંચ લિટરના ઘીના ટિનની કિંમત રૂ.૩,૨૭૫થી ઘટાડીને રૂ.૩,૦૭૫ કરવામાં આવી હતી. બટરના ૧૦૦ ગ્રામના પેકેટનો ભાવ રૂ.૬૨થી ઘટાડીને રૂ.૫૮ અને ૫૦૦ ગ્રામના પેકેટનો ભાવ રૂ.૩૦૫થી ઘટાડીને રૂ.૨૮૫ કરવામાં આવ્યો હતો. હવે ફરી ભાવવધારો થતાં ગ્રાહકોને મોંઘવારીનો સામનો કરવો પડશે.

એક તરફ ઘી અને બટરના ભાવમાં વધારો થયો છે, તો બીજી તરફ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અમૂલ ઘીની અછતની સમસ્યા પણ સામે આવી રહી છે. અમદાવાદ અને વડોદરાના વેપારીઓના જણાવ્યા અનુસાર બજારમાં અમૂલ ઘીનો સ્ટોક ઘટી રહ્યો છે. ખાસ કરીને અમૂલ ગાય ઘીની ઉપલબ્ધતા પર અસર જોવા મળી રહી છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર, ગણેશોત્સવ બાદ ઘીની માંગમાં વધારો થતાં સપ્લાય પર અસર પડી છે. અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા એક ડી-માર્ટ સ્ટોરમાં મંગળવારે અમૂલ ઘી અને બટરનો સ્ટોક ખતમ થઈ ગયો હોવાનો પણ અહેવાલ છે.

આ સમસ્યા માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. અગાઉ જુલાઈ અને સપ્ટેમ્બર દરમિયાન પુણે તથા કોલકાતામાં પણ અમૂલની ડેરી પ્રોડક્ટ્સના સપ્લાયમાં ઘટાડાની ફરિયાદો સામે આવી હતી. બીજી તરફ, કર્ણાટકમાં પણ દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે ૨૯ ઓક્ટોબરે નંદિની દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.૮નો વધારો મંજૂર કર્યો હતો. આ વધારા બાદ ટોન્ડ દૂધના એક લિટરના પેકેટની કિંમત રૂ.૪૬થી વધીને રૂ.૫૪ થઈ છે. અહેવાલ મુજબ, વધારાના રૂ.૮માંથી રૂ.૭ પ્રતિ લિટર ડેરી ખેડૂતોને આપવામાં આવશે, જ્યારે બાકીના રૂ.૧ ડેરી યુનિયનને મળશે. પશુઆહાર, દવાઓ, પરિવહન અને પેકેજિંગના વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને આ ભાવવધારો કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે

સરકારી કર્મીઓ તેમજ પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજ્યના સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે દિવાળી પહેલાં રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થા (ડીઆર)માં ૩ ટકાનો વધારો કરવાની તૈયારી હોવાના અહેવાલથી કર્મચારીઓમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આ મુદ્દે ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. જોકે, આ અંગેની સત્તાવાર જાહેરાત અને અમલીકરણની તારીખની વિગતો જાહેર થવાની બાકી છે.

રાજ્યમાં ૪ લાખથી વધુ સક્રિય સરકારી કર્મચારીઓ અને અંદાજે ૪.૮૨ લાખ પેન્શનરો મોંઘવારી ભથ્થાના વધારાની રાહ જોઈ રહ્યા છે.

જો ૩ ટકાનો વધારો અમલમાં આવશે તો આ વિશાળ કર્મચારી અને પેન્શનર વર્ગને આર્થિક રાહત મળી શકે છે. નવા દર કઈ તારીખથી લાગુ થશે અને કયા કર્મચારીઓને તેનો લાભ મળશે તે અંગે સત્તાવાર

રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં નિર્ણય

પરિપત્ર બાદ જ સ્પષ્ટતા થશે.

ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૬માં રાજ્ય સરકારે સાતમા પગારપંચ હેઠળ મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કર્યો હતો. જેના પગલે ડીએનો દર ૫૮ ટકાથી વધીને ૬૦ ટકા થયો હતો. હવે વધુ ૩ ટકાનો વધારો મંજૂર થાય તો મોંઘવારી ભથ્થાનો દર વધીને ૬૩ ટકા થઈ શકે છે.

જો કોઈ કર્મચારીનો મૂળ પગાર રૂ.૩૦,૦૦૦ હોય તો હાલના ૬૦ ટકા ડીએ પ્રમાણે તેને દર મહિને રૂ.૧૮,૦૦૦ મોંઘવારી ભથ્થું મળે છે. ૩ ટકાના વધારા બાદ ડીએ ૬૩ ટકા થાય તો આ રકમ રૂ.૧૮,૯૦૦ થશે. એટલે કે કર્મચારીના માસિક પગારમાં રૂ.૯૦૦નો વધારો થઈ શકે છે. કેબિનેટ બેઠકમાં કર્મચારીઓના પ્રશ્નો ઉપરાંત ખેડૂતો અને સિંચાઈના પાણીના આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આગામી શિયાળુ પાક માટે પાણીની ઉપલબ્ધતા અને ફાળવણી અંગે સરકાર દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે.

સૌપ્રથમ પીવાના પાણીનો જથ્થો અનામત રાખ્યા બાદ વધારાનું પાણી શિયાળુ પાક માટે ફાળવવા અંગે નિર્ણય લેવામાં આવી શકે છે. સૌરાષ્ટ્રમાં સૌની યોજના અને ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના હેઠળ સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતાની સમીક્ષા પણ કરવામાં આવશે.

સરકારી કર્મચારીઓ માટે ૯ નવેમ્બર, સોમવારના રોજ પડતર દિવસ નિમિત્તે જાહેર રજા રાખવા અંગે પણ સૈદ્ધાંતિક સંમતિ મળી હોવાનો અહેવાલ છે. આ રજાના બદલામાં ૧૨ ડિસેમ્બરના બીજા શનિવારે કચેરીઓમાં કામગીરી કરવાનો પ્રસ્તાવ છે. આ અંગેનો અંતિમ નિર્ણય અને સત્તાવાર પરિપત્ર જાહેર થયા બાદ જ રજાની સ્થિતિ સ્પષ્ટ થશે.

દિવાળી પહેલાં મોંઘવારી ભથ્થામાં સંભવિત વધારો અને રજાના મુદ્દે લેવાયેલા નિર્ણયોને લઈને રાજ્યના સરકારી કર્મચારીઓની નજર હવે સરકારની સત્તાવાર જાહેરાત પર ટકેલી છે.

AMC ના પે એન્ડ પાર્કિંગના ચાર્જમાં વધારો થવાની સંભાવના

અમદાવાદ, તા. ૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(છસ્ઝ) સંચાલિત પે એન્ડ પાર્ક અને રોડ પરના ઓન-સ્ટ્રીટ પાર્કિંગ માટે હવે વાહનચાલકોએ વધુ નાણાં ચૂકવવા પડશે. ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોર-વ્હીલર ઉપરાંત મધ્યમ અને ભારે વાહનોના પાર્કિંગ ચાર્જમાં વધારો કરવાની દરખાસ્તને ટાઉન પ્લાનિંગ કમિટીએ મંજૂરી આપી છે. અગાઉ ટુ-વ્હીલરના પ્રથમ કલાક માટે ૫ રૂપિયા ચૂકવવા પડતા હતા, જે હવે વધીને ૧૦ રૂપિયા થશે. ફોર-વ્હીલરના પ્રથમ કલાકનો ચાર્જ પણ ૧૫ રૂપિયાથી વધારીને ૨૦ રૂપિયા કરવામાં આવ્યો છે.

પાર્કિંગ ચાર્જમાં વધારો થવા અંગે ગુજરાત સમાચાર ડિજિટલ દ્વારા ૧૦ ઓક્ટોબરના રોજ અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. હવે ટાઉન પ્લાનિંગ કમિટીની મંજૂરી બાદ આ દરખાસ્ત આગામી તબક્કે સ્ટેન્ડિંગ કમિટી અને સામાન્ય સભા સમક્ષ રજૂ થશે. ત્યાં મંજૂરી મળ્યા બાદ નવા દર ડિસેમ્બરમાં લાગુ થવાની શક્યતા છે.

ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કમિશનર દ્વારા પાર્કિંગ ચાર્જ વધારવા માટે દરખાસ્ત મૂકવામાં આવી હતી. કમિશનર દ્વારા સૂચવાયેલા દરોમાં કેટલાક ફેરફાર કરીને કમિટીએ નવા દરોને મંજૂરી આપી છે. આ દર ઓન-રોડ અને ઓફ-રોડ પાર્કિંગ, મલ્ટીલેવલ પાર્કિંગ સહિત કોર્પોરેશન સંચાલિત પાર્કિંગ સ્થળોએ લાગુ કરવાની દરખાસ્ત છે.

ટુ-વ્હીલરના પ્રથમ કલાકનો ચાર્જ ૫ રૂપિયાથી વધારીને ૧૦ રૂપિયા કરવામાં આવ્યો છે. જો કે, કમિશનરે સૂચવેલા અન્ય સમયગાળાના દરમાં ઘટાડો કરીને કમિટીએ મંજૂરી આપી છે. એકથી ત્રણ કલાક માટે ૨૦ને બદલે ૧૫ રૂપિયા, ત્રણથી છ કલાક માટે ૩૫ને બદલે ૨૫ રૂપિયા, છથી ૧૨ કલાક માટે ૫૦ને બદલે ૪૦ રૂપિયા અને ૧૨થી ૨૪ કલાક માટે ૭૦ને બદલે ૫૫ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે.

ફોર-વ્હીલરના પ્રથમ કલાકનો ચાર્જ ૧૫ રૂપિયાથી વધારીને ૨૦ રૂપિયા કરાયો છે. એકથી બે કલાક માટે ૪૦ રૂપિયા, ત્રણથી છ કલાક માટે ૮૦ રૂપિયા, છથી ૧૨ કલાક માટે ૧૨૦ રૂપિયા અને ૧૨થી ૨૪ કલાક માટે ૧૭૦ રૂપિયા ચૂકવવાના રહેશે.

દિવાળીના તહેવારમાં વધારાની ૧૦૮ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે

પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૪

ગુજરાતમાં આગામી દિવાળી પર્વ દરમિયાન ઈમરજન્સી મેડિકલ કેસોમાં સામાન્ય દિવસોની સરખામણીએ મોટો ઉછાળો આવવાની આગાહી ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસિસ (ઇએમએસ) દ્વારા કરવામાં આવી છે. ભૂતકાળના ડેટા અને ટ્રેન્ડ્સના આધારે કરાયેલા વિશ્લેષણ મુજબ, સામાન્ય દિવસોની સરેરાશ ૫,૨૪૮ ઈમરજન્સી સામે દિવાળીના દિવસે ૬.૪૪ ટકા, નૂતન વર્ષે ૨૯.૧૨ ટકાના વધારો અને ભાઈબીજના દિવસે ૨૨.૯૬ ટકાના વધારા સાથે ઈમરજન્સી ઘટનાઓ બનવાની અંદાજ છે. તહેવારોના દિવસોમાં નાગરિકોને ઝડપી તબીબી સહાય સુનિશ્ચિત કરવા માટે સમગ્ર રાજ્યમાં ૧,૪૯૪ એમ્બ્યુલન્સના કાફલા સાથે ૧૦૮ તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે.

તહેવારો દરમિયાન રસ્તાઓ પર અકસ્માતો અને દાઝવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સામાન્ય દિવસોમાં સરેરાશ ૬૪૬ વાહન અકસ્માતના કેસ નોંધાતા હોય છે, જેની સામે દિવાળીએ ૮૮.૨૪ ટકા, નૂતન વર્ષે ૧૪૦.૮૭ ટકાનો વધારો થઈ શકે છે જ્યારે અને ભાઈબીજે ૧,૦૧૬ કેસો નોંધાઈ શકે છે, જેમાં સૌથી વધુ ટુ-વ્હીલર અકસ્માતો રહેવાની શક્યતા છે. આ ઉપરાંત સામાન્ય દિવસોની ૧૧ કેસની સરેરાશ સામે દિવાળીના દિવસે દાઝવાના કેસો ૫૬૩.૬૪ ટકા વધીને ૭૩ સુધી પહોંચી શકે છે.

૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસિસ, ગુજરાતના ચીફ ઓપરેટિંગ ઓફિસરે જણાવ્યું હતું કે આ સંભવિત વધારાને ધ્યાનમાં રાખીને ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે સ્ટાફ માટે 'ઝીરો લીવ' નીતિ અને સાપ્તાહિક રજાના નિયંત્રણ સાથે વિશેષ ડ્યૂટી રોસ્ટર લાગુ કરવામાં આવ્યું છે. તમામ એમ્બ્યુલન્સનું પ્રી-સર્વિસિંગ પૂર્ણ કરી તેમાં જરૂરી દવાઓનો વધારાનો જથ્થો ઉપલબ્ધ કરાવાયો છે. હાલમાં ૧૦૮નો સરેરાશ રિસ્પોન્સ ટાઈમ ૧૨ મિનિટ અને ૫૩ સેકન્ડનો છે. કટોકટીના સમયે નાગરિકો તબીબી સહાય માટે ૧૦૮ ઉપરાંત ડાયલ-૧૧૨ જનરક્ષક સેવાનો પણ સંપર્ક કરી શકે છે.

ગુજરાત સરકારના કર્મચારીઓ માટે ખુશખબર

દિવાળી પર સળંગ ૪ દિવસનું 'મિનિ વેકેશન'

ગાંધીનગર, તા.૪

દિવાળીના પવિત્ર તહેવારોને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા રાજ્યના સરકારી કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ, આ વર્ષે કર્મચારીઓને દિવાળી પર સળંગ ૪ દિવસનું 'મિનિ વેકેશન' મળશે.

સરકારે તારીખ ૯ નવેમ્બર (સોમવાર)ના રોજ આવતા 'પડતર દિવસ'ને રજા તરીકે જાહેર કર્યો છે, જેથી કર્મચારીઓ પોતાના પરિવાર સાથે ઉત્સાહભેર તહેવારની ઉજવણી કરી શકે.

૪ દિવસનું રજા શેડ્યૂલ

૦૮ નવેમ્બર (રવિવાર): દિવાળી (જાહેર રજા)

૦૯ નવેમ્બર (સોમવાર): પડતર દિવસ (વિશેષ રજા)

૧૦ નવેમ્બર (મંગળવાર): નૂતન વર્ષ/બેસતું વર્ષ (જાહેર રજા)

૧૧ નવેમ્બર (બુધવાર): ભાઈબીજ (જાહેર રજા)

સોમવાર, ૯ નવેમ્બરના 'પડતર દિવસ'ની રજાના બદલામાં આગામી ૨૮ નવેમ્બર, ૨૦૨૬ (ચોથા શનિવાર)ના રોજ રાજ્યની તમામ સરકારી કચેરીઓ ચાલુ રહેશે અને કર્મચારીઓએ નિયમિત કામકાજ કરવાનું રહેશે.

આ આદેશ ગુજરાત સરકારની તમામ કચેરીઓ ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ, કોર્પોરેશન અને પંચાયત કચેરીઓને પણ સમાન રીતે લાગુ પડશે. જોકે, આ રજા નેગોશિયેબલ ઇન્સ્ટ્રૂમેન્ટ્સ એક્ટ હેઠળ જાહેર કરવામાં આવી નથી.



"સહકારથી સમૃદ્ધિ " પ્રાપ્ત કરવા ૧૨૬૫૫ Micro ATM, ૧૩૫૦ ATM અને ૧૪૦૦ બ્રાંચો ના માધ્યમથી તમામ ગ્રામ પંચાયતમાં સહકારી બેંકીંગ ટચ પોઈન્ટ ઊભા કર્યા, ૩૪ લાખ નવા એકાઉન્ટ ખુલ્યા, ૧૮.૩૩ લાખ KCC કાર્ડ અને માસિક ૫.૨૫ કરોડ ડિજિટલ ટ્રાન્ઝેક્શન મારફત રૂ. ૨૧૬૬૩ કરોડ ડિપોઝિટ માં વધારો કર્યો, સરલ કેશ ક્રેડિટ યોજના અમલમાં મુકાઇ, ટેબલેટ થી ઘરેબેઠા બેંકિંગ સેવાઓ પૂરી પાડી.

- આ બેંક રાજ્યની ૧૮ જીલ્લા બેંકો, ૨૦૭ અર્બન બેંકો તેઓની ૨૬૪૭ શાખાઓ, ૨૧૩૯૩ કર્મચારીઓ અને ૧૦૯૦૦ સેવા સહકારી મંડળીઓ મારફત રાજ્યના ૨૮ લાખ ખેડૂતોને પુનઃધિરાણ તથા ૨.૧૯ કરોડ ગ્રાહકોને બેંકીંગ સેવાઓ પૂરી પાડતી શિડ્યુલ્ડ એપેક્ષ બેંક.
- ૨૦ લાખ સાયબર સાથી બુકલેટ મારફતે સાયબર ફ્રોડ અટકાવવાના પ્રયત્નો.
- સહકારી બેંકોના કર્મચારીઓ માટે સહકાર રમતોત્સવનું આયોજન.
- ઓનલાઇન અને ઓફલાઇન ટ્રેનિંગ મારફત કર્મચારીઓને અપગ્રેડ કરાયા.
- ખેડૂતો, જિલ્લા બેંકો, અર્બન બેંકોને સાથે રાખી કોર્પોરેટ કલ્ચર અપનાવાયું.
- આ બેંક રાજ્યની ૧૭૦ જેટલી જીલ્લા / અર્બન બેંકોને ટેકનોલોજી અમ્બ્રેલા હેઠળ સભ મેમ્બરશીપ આપીને અંદાજે ૨.૧૯ કરોડ થી વધુ ગ્રાહકોને UPI QR Code, BBPS, AePS, RTGS/NEFT, CTS, ATM, POS/E-COM, UPI, IMPS, NACH, CSGL, ઈન્સ્યુરન્સ તથા અન્ય સર્વિસ વિના મૂલ્યે આપી રહી છે.
- " A A " ક્લાસ કરન્સી ચેસ્ટ, જાપાનની રોબોટીક ટેકનોલોજી સભર "AutoVault", ફાર્મર્સ હોસ્ટેલ, ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ, તાલીમ માટે એકતાનગર ખાતે સરદાર પટેલ "સહકાર ભવન" તથા ૩૩ બ્રાંચોનું નેટવર્ક ધરાવતી બેંક.

છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે નાબાર્ડ, એન.પી.સી.આઇ, નાફસ્કોબ તરફથી સતત એવોર્ડ મેળવતી બેંક.

(રૂ. કરોડ માં)

વિગત	૨૦૦૮-૦૯	૨૦૧૪-૧૫	૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬
ટોટલ બિઝનેસ	૪૯૯૬.૫૩	૧૨૨૯૦.૮૭	૨૧૩૩૭.૭૦	૨૩૦૩૧.૨૯	૨૫૩૦૯.૬૯
થાપણો	૩૨૦૯.૬૫	૬૩૬૮.૮૮	૧૨૦૧૨.૨૧	૧૩૬૦૬.૫૬	૧૫૫૯૫.૪૫
એડવાન્સીસ	૧૭૮૬.૫૮	૫૬૨૧.૬૬	૯૩૨૫.૪૯	૯૪૨૪.૭૩	૯૭૧૪.૨૪
કુલ ભંડોળ	૩૪૬.૩૯	૬૧૨.૬૪	૧૨૦૧.૬૭	૧૨૮૫.૫૨	૧૩૪૮.૧૪
ગ્રોસ એન.પી.એ (%)	૧૭.૯૩	૨.૨૦	૦.૬૮	૦.૩૪	૦.૨૭
નેટ એન.પી.એ. (%)	૯.૨૯	૦.૧૫	૦.૦૦	૦.૦૦	૦.૦૦

અમદાવાદ | ગાંધીનગર | બોટાદ જિલ્લાના કાર્યક્ષેત્રના તમામ ગામોના લોકોને નજીકના સ્થળેથી **બેંકિંગ સેવાઓ મળી રહે તે માટે ૧૨૨૯ માઈક્રો એ.ટી.એમ., , ૧૫૦ ઓનસાઈટ / ઓફસાઈટ એ.ટી.એમ. અને ૨૦૮ બ્રાંચો સાથે દરેક ગ્રામપંચાયતને બેંકિંગ ટચ પોઈન્ટ દ્વારા બેંક બ્રાન્ચ જેવી સેવાઓ પૂરી પાડતી બેંક**

ટેકનોલોજી ક્ષેત્રે આધુનિક બેન્કિંગ પધ્ધતિઓનો અમલ કરી સહકારના મૂલ્યો જાળવી રાખી **'કો ઓપરેટીવ થી કોર્પોરેટ'** તરફની સફરને સફળતા પૂર્વક સાકાર કરતી બેંક

બેંક તરફથી ધિરાણ લેતા **ખેડૂતોનો રૂા.૧૦ લાખનો અકસ્માત વિમો** તથા **પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના** અંતર્ગત વધારાનું **રૂા.૨ લાખ** મળી કુલ **રૂા.૧૨ લાખનું અકસ્માત વિમા** રક્ષણ આપવામાં આવે છે.

સહકાર થી સમૃધ્ધિ

બેંકના પૂર્વ ચેરમેન તથા હાલના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી માનનીય **શ્રી અમિતભાઇ શાહ સાહેબે** સતત ખોટ કરતી આ બેંકને માત્ર ૧ વર્ષના ટૂંકાગાળામાં નફો કરતી કર્યા બાદ તેમના અનુગામી વર્તમાન ચેરમેન **શ્રી અજયભાઇ પટેલ**ના નેતૃત્વ હેઠળ સતત વિકાસ કરતી બેંકની સને ૨૦૨૫-૨૬માં થયેલ પ્રગતિની ઝલક...

બેંકની આર્થિક સધ્ધરતાની આંકડાકીય માહિતી

(રકમ રૂા.કરોડમાં)

વિગત	૩૧/૦૩/૨૦૦૦	૩૧/૦૩/૨૦૦૩	૩૧/૦૩/૨૦૧૫	૩૧/૦૩/૨૦૨૪	૩૧/૦૩/૨૦૨૫	૩૧/૦૩/૨૦૨૬
ટોટલ બિઝનેસ	૧૭૮૪.૭૫	૨૨૪૨.૭૩	૭૦૮૫.૮૪	૧૫૮૫૪.૨૭	૧૭૮૪૭.૨૫	૨૦૨૧૧.૬૪
ડિપોઝીટ	૧૩૩૦.૫૪	૧૫૨૫.૩૦	૪૫૫૫.૩૧	૯૭૬૯.૨૪	૧૦૫૮૬.૯૭	૧૧૯૨૫.૮૪
એડવાન્સીસ	૪૬૪.૨૧	૭૧૭.૪૩	૨૫૩૦.૫૩	૬૧૮૫.૦૩	૭૨૬૦.૨૯	૮૨૮૫.૮૦
કુલ ભંડોળ	૧૯૫.૮૨	૨૬૬.૦૫	૪૩૩.૩૭	૮૧૬.૦૮	૮૬૪.૨૨	૧૦૮૬.૬૦
ગ્રોસ એન.પી.એ.	૪૦.૨૯%	૨૮.૪૨%	૩.૯૭%	૦.૩૪%	૦.૨૫%	૦.૧૮%
નેટ એન.પી.એ.	૨૮.૩૮%	૧૭.૬૭%	૦%	૦%	૦%	૦%

૩.૧ લાખ સુધીની સરલ કેશ ક્રેડીટ લોન (રૂપે ડેબિટ કાર્ડ), કાર લોન , હોમ લોન, બિઝનેશ લોન માટે અમારી નજીકની બ્રાંચનો સંપર્ક કરો

ટોટલ બિઝનેસ રૂ. ૨૫૩૦૯.૬૯ કરોડ | **થાપણો રૂ. ૧૫૫૯૫.૪૫ કરોડ** | **એડવાન્સીસ રૂ. ૯૭૧૪.૨૪ કરોડ** | **નેટ પ્રોફિટ રૂ. ૯૯.૩૩ કરોડ** | **ગ્રોસ એન.પી.એ. ૦.૨૭ %**

(૩૧-૧૦-૨૬) **ટોટલ બિઝનેસ રૂા. ૨૧૭૦૫ કરોડ** | **ડિપોઝીટ રૂા. ૧૩૦૨૭ કરોડ** | **એડવાન્સીસ રૂા. ૮૬૭૮ કરોડ** (૩૧-૦૩-૨૬) **ગ્રોસ એન.પી.એ. ૦.૧૮%** | **નેટ નફો રૂા. ૧૦૩.૭૧ કરોડ**

'નાના માણસોની મોટી બેંક" તથા "No Customer - All are Bank's Family " ના સૂત્રને સાર્થક કરી ગ્રાહકોને શ્રેષ્ઠત્તમ સેવાઓ આપી પોતીકાપણાનો અહેસાસ કરાવતી અને કોર્પોરેટ સર્વિસ પૂરી પાડતી કો-ઓપરેટીવ બેંક

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક લિ. (શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ | ખેડૂત ખાતેદારો, સભાસદો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન

ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.

શ્રી જગદીશભાઇ બી. પટેલ વાઇસ ચેરમેન | તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભાસદો, ખેડૂત ખાતેદારો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન